વર્ષ : 13 ◆ અંક : 5
સપ્ટેમ્બર-ઑક્ટોબર 2023
સળંગ અંક : 77

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

## નવા વરાયેલા સન્માનનીય પ્રમુખશ્રીઓ



આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ
પ્રમુખશ્રી
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી



ડૉ. મણિભાઈ એસ. પટેલ
પ્રમુખશ્રી
કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી



કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પ્રેસિડન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલના અધ્યક્ષપદે અને વિદગ્ધ વક્તા અને કટારલેખક શ્રી જય વસાવડાના મુખ્ય મહેમાનપદે આયોજિત યુવક મહોત્સવ 'સંગત 2023'ના ઉદ્‌ઘાટન / સમાપન સમારોહ પ્રસંગનાં તેમજ અન્ય દૃશ્યો...






















માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૩, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર ૨૦૨૩; સળંગ અંક : ૭૭

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : **'नरेन्द्रविजयमहाकाव्यम्'** (૨૦૧૮)ના સર્જક ગુર્જરસંસ્કૃતકવિ પ્રો. ડૉ. અંબાલાલ પ્રજાપતિ — મણિભાઈ પ્રજાપતિ ૧
- પ્રાસંગિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના નવનિયુક્ત પ્રમુખશ્રીઓ ૯

૧. ઇતિહાસની અટારીએથી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી- ગાંધીનગર : સર્વ વિદ્યાલયનું બાર વાર્ષિક સંમેલન ૧૦

૨. અમેરિકાની ફેડરલ સુપ્રીમ કૉર્ટનાં પ્રથમ મહિલા ન્યાયમૂર્તિ સાન્ડ્રા ડે ઓ'કોનોર — શરદભાઈ પી. શાહ ૧૩

૩. ભારતની ગ્રંથાલય પ્રવૃત્તિના પિતા ડૉ. એસ. આર. રંગનાથનની આત્મકથા 'A LIBRARIAN LOOKS BACK' : ગ્રંથાલયિત્વના દર્શનની આધારશિલા — મણિભાઈ પ્રજાપતિ ૧૮

૪. ભરતી અને ઓટ — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૨૭

૫. ગ્રંથસૌરભ : વાચક દયાસાગર કૃત મદનરાજર્ષિ ચતુષ્પદી : એક જૈન રાસ-કૃતિ, મુઘલશૈલીનાં લઘુચિત્રોથી અલંકૃત / સંપા. : વિજયશીલચન્દ્રસૂરિ. — મણિભાઈ પ્રજાપતિ ૩૭

૬. સંસ્થા સમાચાર
- યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૪૧
- શાળા વિભાગ ૪૫


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### 'नरेन्द्रविजयमहाकाव्यम्' (૨૦૧૮)ના સર્જક ગુર્જરસંસ્કૃતકવિ પ્રો. ડૉ. અંબાલાલ પ્રજાપતિ

અખિલ ભારતીયસ્તરે સ્વાતંત્ર્યોત્તરકાળમાં રાજદ્વારી પુરુષો-રાષ્ટ્રપિતા, વડાપ્રધાન, નાયબ વડાપ્રધાન વગેરે, જેમ કે, મહાત્મા ગાંધીજી, પંડિત જવાહરલાલ નેહરુ, ઇંદિરા ગાંધી, રાજીવ ગાંધી, વલ્લભભાઈ પટેલ વગેરે વિશે સંસ્કૃત ભાષામાં રચવામાં આવેલાં મહાકાવ્યો બિનગુજરાતી સંસ્કૃત કવિઓની સર્જત છે, **પરંતુ પ્રવર્તમાન સમયના આપણા ગુર્જરભારતીય જનનાયક અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વિશે કવિવર પ્રો. ડૉ. અંબાલાલ પ્રજાપતિ (૧૯૪૦)એ 'नरेन्द्रविजयमहाकाव्यम्'(૨૦૧૮)નું સર્જન કરીને સૌ પ્રથમ વખત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિશે સંસ્કૃતમાં મહાકાવ્યનું સર્જન કરવાની સાથે સાથે રાજદ્વારી પુરુષો વિશે સંસ્કૃતમાં ચરિતકાવ્યો લખવાના આ ક્ષેત્રમાં નવપ્રસ્થાન કરીને સ્વાતંત્ર્યોત્તર કાલીન ગુર્જરસંસ્કૃત કવિઓમાં નવો કીર્તિમાન પ્રસ્થાપિત કર્યો હોવાથી તેના શ્રેયના અધિકારી બની રહ્યા છે.** તેમણે પ્રસ્તુત મહાકાવ્ય ઉપરાંત **'विवेकानंद सार्द्यशताब्दीकाव्यम्', 'संस्कृतगीताञ्जलिः', 'गुजरातगौरवलहरी'** વગેરે ૫ કાવ્યસંગ્રહોનું સર્જન કર્યું છે. આ ઉપરાંત સંશોધન, વિવેચન, કાવ્યશાસ્ત્ર, હસ્તપ્રત સંપાદન - પાઠસંશોધન વગેરે વિષયક્ષેત્રોમાં તેમનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે, જેની એમ.ફીલ તથા પીએચ.ડી. ડિગ્રીઓના પ્રકાશિત શોધપ્રબંધો અને અન્ય ગ્રંથો સાહેદી પૂરે છે. પોતાના વિકાસ અને પ્રદાનમાં વિદ્વત્વરેણ્ય ગુરુજનો સર્વ શ્રી પ્રો. તપસ્વી નાન્દી, પ્રો. એસ્તરબહેન સોલોમન, પ્રો. ભગવતીપ્રસાદ પંડ્યા, પ્રો. એલ. વી. જોશી વગેરેના ઋણને

હૈયે ધરીને તેમની સાદર સ્મરણાવંદના કરતા રહે છે. એક નોંધપાત્ર બાબત એ છે કે તેમનું અધ્યાપકત્વ તથા સાહિત્યસર્જન પ્રાણવાન રહ્યું હોવા છતાં પ્રકૃતિગત અંતર્મુખી વ્યકિતત્વના કારણે સંસ્કૃત વિદ્યાજગતમાં અપેક્ષિત પ્રસિદ્ધિ પામ્યા નથી.

પ્રો. અંબાલાલભાઈ પ્રજાપતિનું વતન માલોસણ ગામ, તા. વિજાપુર, જ્યાં તેમના જન્મ તા. ૩૧ ડિસેમ્બર, ૧૯૪૦ના રોજ થયો હતો. કારકિર્દીની શરૂઆત વિજાપુરની આશ સેકન્ડરી સ્કૂલમાં ૧૯૬૩થી શિક્ષક તરીકે કરી. અહીં બે વર્ષ સેવાઓ આપ્યા બાદ પિલવાઈની આર્ટ્સ-સાયન્સ-કૉમર્સ કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે ૧૯૬૫-૧૯૯૪ સુધી સેવાઓ આપી, ત્યાર બાદ હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના 'સંસ્કૃત અને ભારતીયવિદ્યા' અનુસ્નાતક વિભાગમાં ૧૯૯૪થી ૧૯૯૮ સુધી રીડર અને ૧૯૯૮થી ૨૦૦૩ સુધી વયોચિત નિવૃત્તિપર્યંત-પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે સેવાઓ આપી. આ ઉપરાંત પાટણ યુનિવર્સિટીની આર્ટ્સ ફૅકલ્ટીના ડીન, કારોબારી સમિતિના સભ્ય, સંસ્કૃત અભ્યાસ સમિતિના ચૅરમૅન, બોર્ડ ઑફ યુનિવર્સિટી રિસર્ચ એન્ડ ટીચિંગ તથા એકેડેમિક કાઉન્સિલના સભ્ય વગેરે તરીકે સેવાઓ આપી હતી. વધુમાં આ કાર્યકાળ દરમિયાન ભારતીય સાહિત્યમાં એમ.ફીલ વિભાગના ડાયરેક્ટર તરીકે અને બે વખત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે સેવાઓ આપવાના યશભાગી બની રહ્યા હતા. આ સાથે જ ગુજરાત યુનિવર્સિટી માટે કુલપતિની પસંદગી સમિતિના સભ્ય અને અન્ય યુનિવર્સિટીઓમાં અધ્યાપકોની ભરતી માટે ગવર્નરના પ્રતિનિધિ તરીકે નિયુકિત પામતાં સેવાઓ આપી હતી.

પ્રો. પ્રજાપતિ પિલવાઈ અને પાટણમાં તેમની સૌમ્ય, અનાસકત અને સ્વાધ્યાયશીલ નિસર્ગદત્ત પ્રકૃતિના કારણે સૌના પ્રીતિપાત્ર બની રહ્યા હતા. યુનિવર્સિટીના રાજકારણથી સાચે જ જળકમળવત્ રહ્યા છે, જેનો આ લખનાર પણ સાક્ષી રહ્યો છે. સંસ્કૃતના અધ્યાપક તરીકે રાજશેખરનું આપ્તવિધાન **'शुचिशीलनं हि सरस्वत्याः संवननामनन्ति'** - 'પવિત્રતાની સાથે અનુશીલન તેમજ સ્વાધ્યાય કરવો એ સરસ્વતીની ઉત્તમ સેવા છે' – ને આત્મસાત કરીને સ્વધર્મનું પાલન કર્યું છે. મુખર થયા સિવાય વિદ્યાર્થીઓ સાથે તેમણે અંતરંગ નાતો નિભાવ્યો છે. સાથી અધ્યાપકો કે વિદ્યાર્થીઓ સાથે પણ ખપ પૂરતા શબ્દોથી કામ ચલાવતા તેમને જોયા છે. પાટણ યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિશ્રીએ પોતાના સન્મિત્ર પ્રો. પ્રજાપતિના વ્યકિતત્વનું કરેલ આલેખનઃ 'ઉત્તર ગુજરાત યુનિવર્સિટી'માં કુલપતિ તરીકે નિયુક્તિ થઈ ત્યારથી ખરા અર્થમાં નીકટતા જન્મી. હું કૅમ્પસ ખાતે હોઉં ત્યારે તેઓ મળવા ન આવ્યા હોય એવું લગભગ બન્યું નથી. સાંજના સમયે અધ્યાપનકાર્યથી પરવારી કુલપતિ કાર્યાલયમાં લટાર મારે. ન આવે તો માનવાનું કે તેઓ ક્યાંક બહાર છે. તેમના આગમનની સાથે હું પણ બધા કામમાંથી થોડો સમય મુકિત મેળવીને ગોષ્ઠિ માંડુ. મોટા ભાગે કાવ્યશાસ્ત્ર, સુભાષિતની કે કોઈ સંસ્કૃત સાહિત્યિક પ્રસંગની વાત કાઢે. ક્યારેય યુનિવર્સિટીના રાજકારણમાં ન પડે. નર્યા સાહિત્યના જીવ. વાતચીતના માણસ, વાતચીતમાં જ ખીલે. સમૂહમાં મોટા ભાગે મૌન હોય, પણ ચહેરાથી, હાવભાવથી હાજરી પુરાવે. એમાં જ પ્રતિભાવ પણ આપણે મેળવી લેવાનો. તેઓની સાથેની ગોષ્ઠિ હંમેશાં યાદ રહેશે. એમાંથી એમના પુરાણ, અલંકારશાસ્ત્ર અને સંસ્કૃત-સાહિત્યની ઊંડી અભિજ્ઞતાનો પરિચય થયેલો. એટલે નખશીખ વિદ્યાપુરુષ જ લાગ્યા છે. હંમેશાં ડૉ. અંબાલાલ પ્રજાપતિ નર્યા વાંચન, ચિંતન, લેખન અને મનનના માણસ, ખરા-પૂરા વિદ્યાપુરુષ તરીકે અનુભવ્યા છે, તેમની ઓળખ માટે પર્યાપ્ત બની રહે છે.

પ્રો. અંબાલાલભાઈ પ્રજાપતિના એમ.ફીલ. અને પીએચ.ડી.ના શોધપ્રબંધો, અધ્યયનશીલ ગ્રંથો ઉપરાંત સંસ્કૃત કવિપ્રતિભાનાં દર્શન કરાવતા ૫ મહત્ત્વપૂર્ણ કાવ્યગ્રંથો ગુજરાતના સંસ્કૃત વિદ્યાજગતના વિદ્યાપુરુષ તરીકે આગવી ઓળખ પ્રસ્થાપિત કરે છે. વધુમાં તેમણે અન્યોના સહયોગમાં 'અભિજ્ઞાનશાકુંતલ', 'શ્રીમદ્ ભગવદ્ગીતા', 'દશકુમારચરિત', 'કાવ્યપ્રકાશ', 'મહાભારત વિરાટપર્વ', 'પરિચ્છેદકલ્પદ્રુમ', 'કારક પ્રકરણ' વગેરે ગ્રંથોનું ગુજરાતી અનુવાદ સાથે સંપાદનકાર્ય સ્નાતક/ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે પણ કર્યું છે. આ બધા ગ્રંથોની સંખ્યા ૨૫થી અધિક છે. વધુમાં તેમણે રાજ્ય અને રાષ્ટ્રીયસ્તરના પરિસંવાદો/અધિવેશનો વગેરેમાં ૯૦થી અધિક સંશોધનલેખો રજૂ કર્યા છે, જે વિવિધ પરિસંવાદોના પ્રોસિડિંગ્સમાં પ્રકાશિત છે. તેમના માર્ગદર્શન હેઠળ ૨૧ વિદ્યાર્થીઓએ પાટણ યુનિવર્સિટીમાંથી એમ.ફીલ.ની ડિગ્રી

મેળવી છે, જ્યારે પાટણ યુનિવર્સિટી ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરમાંથી કુલ મળીને ૨૨ વિદ્યાર્થીઓએ તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. ની ડિગ્રી મેળવી છે. તેમના માર્ગદર્શન હેઠળ રજૂ થયેલા શોધપ્રબંધોનું વિષયવૈવિધ્ય, જેમ કે કાવ્યશાસ્ત્ર, નાટયશાસ્ત્ર, રસ, કાવ્યો અને નાટકોમાં ધ્વનિતત્વ, કાવ્ય, મહાકાવ્ય, નાટક, કથાસાહિત્ય, સ્વાતંત્ર્યોત્તર સંસ્કૃત સાહિત્ય વગેરે વિષયક રહ્યું છે, જે પ્રો. પ્રજાપતિનું સંસ્કૃત સાહિત્યનું વ્યાપક પરિક્ષ્યમાં અધ્યયન પરિશીલન અને રસ-રુચિનું દ્યોતક બની રહે છે.

## સાહિત્ય-સર્જન

- **'Critical Edition of Pradipika : A Commentary by Dharmavijay-gani on Kiratarjuniyam of Bharvi'** (1992). સંસ્કૃત કાવ્યશાસ્ત્રના ભારત ખ્યાત આરૂઢ વિદ્વાન, ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃત અનુસ્નાતક વિભાગના પૂર્વ પ્રોફેસર અને અધ્યક્ષ તથા ભાષાભવનના ડાયરેક્ટર ડૉ. તપસ્વી નાન્દીના માર્ગદર્શન હેઠળ ગુજરાત યુનિવર્સિટીની પીએચ.ડી.ની ડિગ્રી હેતુ તૈયાર કરવામાં આવેલ પ્રસ્તુત શોધપ્રબંધ લેખકની સંશોધકીય પ્રતિભાને ઉજાગર કરતો ગ્રંથ છે. પ્રસ્તુત શોધપ્રબંધ **'किरातार्जुनियम् प्रदीपिकाटीकायुतम्'** શીર્ષક હેઠળ વીરશાસનમ્ દ્વારા પ્રકાશન કરવામાં આવ્યો છે. આ પ્રકાશિત સંસ્કરણમાં પ્રકાશન સંસ્થા દ્વારા કેટલાક મૂલ્યવર્ધિત લેખો, જેમ કે 'મહાકવિ ભારવિ અને ઉનકા કિરાતાર્જુનીય' / કેશવનારાયણ વારવેકૃત મરાઠીનો રાજમલ જૈનકૃત હિન્દી અનુવાદ, અગરચન્દ નાહટાકૃત 'જૈનેતર ગ્રન્થો' ૫૨ જૈન વિદ્વાનોની ટીકાઓ તેમજ કેટલાંક પરિશિષ્ટોનું ઉમેરણ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત શોધપ્રબંધ તેના શીર્ષકના નિર્દેશ અનુસાર અંગ્રેજી ભાષામાં તૈયાર કરવામાં આવ્યો છે. અલબત્ત, કિરાતાર્જુનિયમ્ અને તેના ઉપરની ટીકા પ્રદીપિકાને બાદ કરતાં. આ શોધપ્રબંધ ૧૦ મૂલ્યવર્ધિત પરિશિષ્ટો જેમ કે ધર્મવિજય અને મલ્લિનાથની ટીકાના પાઠભેદો, માત્ર ધર્મવિજયની ટીકામાં ઉપલબ્ધ પાઠભેદો, અન્યત્ર મળતા પાઠભેદો કે જેની મલ્લિનાથે નોંધ લીધી છે, ધર્મવિજયએ ઉધ્ધૃત કરેલ કૃતિઓ અને કર્તાઓ વગેરેથી અલંકૃત હોવા ઉપરાંત આ બધાં પરિશિષ્ટો 'પ્રદીપિકા'ના અભ્યાસીઓ માટે બહુવિધ દૃષ્ટિએ ઉપકારક બની રહે છે. પાઠ સંપાદન પૂર્વે સંશોધકે ધર્મવિજયનો કાર્યકાળ બાહ્ય અને અંતઃસાક્ષ્યના ગહન અધ્યયનના આધારે ૧૭મી સદીનો નિર્ધારિત કર્યો છે. આ ઉપરાંત તેમના ગુરુ વિજયદેવ અથવા દેવવિજય હોવાનો નિર્દેશ કર્યો છે, પ્રસ્તુત પાઠ-સંપાદન હેતુ એલ. ડી. ઇન્ડોલોજી અને ભંડારકર ઇન્સ્ટિટ્યૂટ (પુના) ની હસ્તપ્રતોનો આધાર લેવા વિશે અને આ પૈકી ભંડારકરની હસ્તપ્રત અધૂરી હોવાની સાથે એલ. ડી. ની હસ્તપ્રતની કૉપી હોવાથી લેખકે એલ ડી. ની પ્રતના આધારે પ્રસ્તુત ચિકિત્સક આવૃત્તિ તૈયાર કરવા ઉપરાંત તેની પાઠસંપાદન રીતિ-નીતિ વિશે પણ વિગતે નોંધો કરી છે. 'પ્રદીપિકા' સંદર્ભે લેખકનું મંતવ્ય રહ્યું છે કે કિરાત ઉપર રચાયેલ ટીકાઓ પૈકી પ્રકાશ વર્ષ, જોનરાજ, ધર્મવિજય અને વિનયસુન્દર જૈન છે, જ્યારે એકનાથ, નરહરિ અને મલ્લિનાથ દક્ષિણ ભારતીય છે. આ બધી ટીકાઓ પૈકી મલ્લિનાથની 'ઘટાપથ' ટીકા પ્રસિદ્ધ છે, તેમજ પ્રકાશિત પણ છે. ધર્મવિજયની ટીકા પસંદ કરવાનું પ્રયોજન માત્ર અપ્રસિદ્ધ છે એટલા માટે નહીં, પરંતુ 'કિરાતાર્જુનીય'ના અધ્યયનમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને ઉપકારક નીવડવાના હેતુસર રચવામાં આવી છે તે રહ્યું છે. સમગ્રતયા પ્રસ્તુત ટીકાની ચિકિત્સક આવૃત્તિ તૈયાર કરવામાં સંશોધકીય અભિગમ અને પુરુષાર્થ ધ્યાનાર્હ બની રહે છે.

- **'કાવ્યશાસ્ત્ર પ્રદીપિકા'** (૧૯૯૫)માં કાવ્યશાસ્ત્ર ઉપરાંત કાલિદાસ, હેમચન્દ્રાદિ જૈન કવિઓની વિવિધ કૃતિઓ, તેમજ ધર્મવિજયગણિની 'કિરાત'ની પ્રદીપિકા ટીકા વગેરે વિશે વિવિધ પરિસંવાદોમાં રજૂ કરેલા સંશોધન લેખોનો સંગ્રહ છે, જેમાં અધ્યાપકીય સાધનાનાં સહજમાં દર્શન થાય છે.

- **'ભારતીય સાહિત્યશાસ્ત્રમાં અભિધાવિચાર'** (૧૯૯૬). આ ગ્રંથ મૂળમાં લેખક દ્વારા એમ.ફીલ. ડિગ્રી હેતુ રજૂ કરવામાં આવેલ લઘુશોધપ્રબંધ છે. અહીં લેખકે ભારતીય કાવ્યશાસ્ત્રના અભિધા વિચારનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં પરિચય કરાવ્યો છે. પ્રસ્તુતગ્રંથ ૧. દર્શનોમાં અભિધા વિચાર, ૨. અભિધાનું સ્વરૂપ, ૩. અન્યર્થની પ્રતીતિ અભિધાથી કે વ્યંજનાથી ?, ૪. આનંદવર્ધનના પુરોગામી આલંકારિકોનો અભિધાવિચાર, ૫. આનંદવર્ધનના અનુગામી આલંકારિકોનો અભિધા વિચાર અને ૬.

ઉપસંહાર શીર્ષક હેઠળનાં પ્રકરણોમાં વિભાજિત કરીને પોતાનો અભ્યાસ પ્રસ્તુત કર્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં વિવિધ કાવ્યશાસ્ત્રીઓના ગ્રંથોનાં ૭૫ જેટલાં મંતવ્યો સાધાર ઉધ્ધૃત કર્યાં છે, જેમાં લેખકનાં મલ્લિનાથી આદર્શ **'नामूलं लिख्यते किंश्चित'** દષ્ટવ્ય બની રહે છે. ગુજરાતી ભાષામાં 'અભિધા' વિશે કોઈ સ્વતંત્ર પુસ્તક નથી તે દૃષ્ટિએ પણ આ પુસ્તક મહત્ત્વપૂર્ણ બની રહે છે. લેખકે નોંધ્યું છે આનંદવર્ધન, અભિનવ, જગન્નાથ વગેરે વ્યંજનાના પ્રબળ સમર્થકો હતા તો બીજી બાજુ મુકુલ ભટ્ટ, ભોજ, ભટ્ટ લોલ્લટ વગેરે વ્યંજનાના વિરોધીઓ હતા, પણ અભિધાના વિચારનો સ્વીકાર તો સૌએ કર્યો જ છે, તેમજ સાંપ્રદાયિક આગ્રહોથી પર રહીને દાર્શનિકો તેમજ આલંકારિકોએ અભિધાની મહત્તાને સ્વીકારી તેની પ્રતિષ્ઠા કરી છે તે આ લેખકની પ્રસ્થાપના તેમના અધ્યયનની પરિચાયક બની રહે છે. લેખકે વિવિધ આચાર્યોના મતોનું તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં કરેલું સાધાર વિશ્લેક્ષણ અને સારદોહન પણ સઘન અભ્યાસનિષ્ઠાનું દર્શન કરાવે છે. આ સાથે જ પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલા સંસ્કૃત આધાર ગ્રંથો ઉપરાંત અંગ્રેજી અને ગુજરાતી ભાષાના ગૌણ ગ્રંથોની વાઙ્મયસૂચિ ભાવિ અધ્યેતાઓ માટે ઉપકારક બની રહે છે.

**'માઘ'** (૧૯૯૮) સંસ્કૃત સાહિત્યનાં ૫ મહાકાવ્યોમાં અને 'બૃહત્રયી' ('કિરાતાર્જુનીયમ', 'શિશુપાલવધ' અને 'નૈષધીયચરિત')માં યશોદાયી સ્થાન ધરાવનાર ગુર્જર મહાકવિ માઘ અને તેના શિશુપાલવધ મહાકાવ્યનો લેખકે મોનોગ્રાફીય શૈલીમાં ગાગરમાં સાગર સમાન પરિચય કરાવ્યો છે. ફકત ૬૦ પૃષ્ઠ ધરાવતા આ પુસ્તકમાં લેખકનાં સંશોધકીય અને અધ્યાપકીય નિષ્ઠાનાં સુપેરે દર્શન થાય છે. પ્રારંભમાં કવિના સમય વિશે વિવિધ વિદ્વાનોનાં મંતવ્યોની મૂલવણી કરીને તેમજ અંતઃસાક્ષ્યોના આધારે કવિનો સમય સાતમી સદીનો ઉત્તરાર્ધ ગણ્યો છે. કથાવસ્તુના આધાર અંતર્ગત મહાભારત ઉપરાંત પુરાણો - શ્રીમદ્ ભાગવત, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, અગ્નિપુરાણ અને બ્રહ્મવૈવર્તમાં આવતી શિશુપાલવધની કથા અને તેના આધારે લેખકે કરેલાં પરિવર્તનો વિશે વિગતે વિચાર-વિમર્શ કર્યા બાદ મહાકાવ્ય તરીકે તેનું મૂલ્યાંકન કરતાં વર્ણનો, પાત્રાલેખન, અલંકારપ્રયોગ, સંવાદકથા, શૈલી વગેરેનો અર્થસભર વિચાર-વિમર્શ કર્યા બાદ માઘના પ્રેરક પૂર્વ સૂરિઓ કાલિદાસ, ભારવિ અને ભટ્ટિ વિશે તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં સંક્ષેપમાં પરિચય કરાવ્યો છે. માઘને વિહંગમ દૃષ્ટિએ પામવા માટે લેખકનો વિદ્યાકીય પુરુષાર્થ સર્વાંશે સંતર્પક બની રહે છે.

- **સુભાષિત રત્નાવલી**

અહીં સંસ્કૃત સાહિત્યના વિશાળ અને સમૃદ્ધ ફલકમાંથી ૧૧૫૦ સુભાષિતો પસંદ કરીને તેનો મૂળ પાઠ અને તેનો ગુજરાતી અનુવાદ આપવામાં આવેલ છે. આ સુભાષિતો, વેદો, ઉપનિદો, પુરાણો, રામાયણ, મહાભારત, ગીતા વગેરે કૃતિઓ તથા ભર્તૃહરિ, જગન્નાથ, કાલિદાસ, ભવભૂતિ, ચાણક્ય વગેરે કર્તાઓની કૃતિઓમાંથી પસંદ કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત અજ્ઞાત કર્તાઓનાં પ્રચલિત સુભાષિતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સંપાદકની સુભાષિતો પસંદ કરવાની દૃષ્ટિ વ્યાપક રહી છે. વિષય વૈવિધ્ય ભરપૂર માત્રામાં પ્રતિનિધિત્વ પામ્યું છે. પ્રારંભમાં સંસ્કૃત ભાષા-સાહિત્ય અને શિક્ષણના મહત્ત્વ તેમજ સુભાષિત મહિમા વિશે મૌલિક ચિંતન રજૂ કર્યું છે, જે વિદ્યાર્થીઓ માટે વિશેષ ઉપકારક નીવડશે. પ્રસ્તુત ગ્રંથમાં સંપાદકે સુભાષિતોને દેવાદિસ્તુતિ, અન્યોક્તિઓ, વેદાદિવચનો, સામાન્યનીતિ વચનો અને પ્રહેલિકા કૂટ શ્લોકો જેવા પ્રમુખ વર્ગોમાં વિભાજિત કરેલ છે.

- **'अभिनवसंस्कृतभारती'** (૨૦૨૧)એ સંસ્કૃત કાવ્યનાં વિવિધ સ્વરૂપો, જેમ કે, શતક, સ્તોત્ર, મુકતક અને સુભાષિત, તેમજ કોરોના કાવ્યો સહિત કુલ ૨૭૪ શ્લોકોનો સંગ્રહ છે. અહીં ભાષાની સરળતા, છંદવિધાન, પ્રવાહિતા અને ગીતોની ગેયતા દષ્ટવ્ય બની રહે છે. પ્રારંભે **'गुजरातगौरवशतकम्'**માં ઉપજાતિ વૃત્તમાં રચાયેલા ૧૧૧ શ્લોકો છે. વિષયવસ્તુની દૃષ્ટિએ આ એક ઐતિહાસિકશતક કાવ્ય છે. મુઠ્ઠીભર શ્લોકોમાં કવિએ પ્રાચીનકાળથી આજદિન સુધીના ગુજરાતનું જે રસપ્રદ અને સુચિંતનીય વિહંગમ દર્શન કરાવ્યું છે તે ખરે જ કાબિલેદાદ છે. વસ્તુવિધાનની ગૂંથણી, ઐતિહાસિક કાલખંડ અનુસાર વર્ણન, પ્રદેશવિશેષ જેમ કે ગાંધીનગર, કચ્છ, સૌરાષ્ટ્ર, આનર્ત લાટ વગેરે અને ગુર્જરકંઠરત્નો જેમ કે દયાનંદ સરસ્વતી, સરદારસિંહ રાણા, ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, મોરારજી દેસાઈ , નરેન્દ્ર મોદી, વિક્રમ સારાભાઈ , નરસિંહ મહેતા, નર્મદ, ઉમાશંકર જોશી, પ્રમુખ સ્વામી મહારાજ, મોરારી બાપુ વગેરેનાં પ્રદાનને પ્રાયઃ એક એક શ્લોકમાં ઉજાગર કરી આપવાની સાથે જ આ અંતર્ગત મહત્ત્વપૂર્ણ સામ્પ્રતકાલીન બાબતો આવરી લેવામાં કવિનું ગુજરાત વિશેનું વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જ્ઞાન અભિનંદનીય

બની રહે છે. જન્મ-કર્મભૂમિ ગુજરાતનું શ્રદ્ધા-ભક્તિ સાથે ઋણ અદા કરવાની સાથે જ પોતે જેની વિચારધારાથી રંગાયેલા છે એવા 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ' ના સ્થાપક હેડગેવારજી વિશે ઐતિહાસિક ચરિત્રકાવ્ય **'डॉ. हेडगेवारचरित्रशतकम्'** પણ કવિપ્રતિભાને યશ અપાવે તેવું શતક છે. આ ઉપરાંત અહીં ભક્તિરસથી રસાયેલાં સ્તોત્રો, મુક્તકો, સુભાષિતો તેમજ વિશ્વ મહામારી કોરોના વિશે ૧૮ શ્લોકો ગ્રંથસ્થ છે. કેટલાક આસ્વાદ્ય શ્લોકો જોઈએ :

**રાજર્ષિ સિદ્ધરાજ અને હેમચંદ્રાચાર્ય**

**ग्रंथे हि भूपस्य तस्यानुरागः पुरेऽत्र देशेऽपि सर्वप्रसिद्धः ।**
**ग्रंथं हि निधाय गजस्य पीठे कृता च शोभा नगरे प्रधाना ॥१६॥**

**लेभे यशः शास्ता च सिद्धराजो काव्येषु सुज्ञश्च श्रीहेमचन्द्रः ।**
**श्रीया सह शारदीयः सुयोगो बभूव धन्ये गुजरात देशे ॥१८॥**

**કચ્છદર્શન**

**ग्रीष्मे च सेव्यो गुजरातदेशः**
**सौराष्ट्रदेशश्च शैत्ये हि काले ।**
**पर्जन्यकाले च वागडदेशः**
**सर्वेषु कालेषु कच्छप्रदेशः ॥ ५१ ॥**

**ગાંધીનગર**

**वृक्षैः हरीता च पुष्पैः सुहासा**
**सुवारियंत्रा च मार्गैः विशाला ।**
**करोति सा स्वागतं वै समेषां**
**नाकोपमीता नगरी हि गान्धेः ॥ ४४ ॥**

- **नरेन्द्रविजयमहाकाव्यम् (૨૦૧૮)**

આપણા જનનાયક વડાપ્રધાન શ્રી નરન્દ્ર મોદીના જીવનદર્શન આધારિત સમગ્ર ભારતવર્ષમાં સંસ્કૃત ભાષામાં સૌ પ્રથમ વખત **'नरेन्द्र मोदी विजयमहाकाव्यम्' : हिन्दी अनुवादोपेतम्** (૨૦૧૮) ની રચના કરવાનું શ્રેય પ્રો. ડૉ. અંબાલાલ પ્રજાપતિના શિરે રહે છે. **નોંધવું રહ્યું કે આપણા પૂર્વ વડાપ્રધાનો જેમ કે પંડિત જવાહરલાલ, લાલબહાદુર શાસ્ત્રી, 'ઇંદિરા ગાંધી વગેરેના જીવન આધારિત મહાકાવ્યો રચવાની પરંપરા પ્રચલિત રહી છે, પરંતુ આ પૈકી તેનો એક પણ સર્જક ગુજરાતી નથી. આ દૃષ્ટિએ ડૉ. અંબાલાલ પ્રજાપતિની નવતર વિચારશક્તિ અને પહેલવૃત્તિ અભિનંદનીય બની રહે છે.** આ મહાકાવ્ય ૮ સર્ગોમાં નિબદ્ધ છે, જેમાં શાર્દુલવિક્રીડિત, ઉપજાતી, સ્રગ્વિણી અને અનુષ્ટુપ છંદો પ્રયોજવામાં આવ્યા છે. અહીં નરેન્દ્ર મોદીના જીવનદર્શન ઉપરાંત તેમની જન્મભૂમિ વડનગર, કર્મભૂમિ ગુજરાત અને આરાધ્ય સંસ્થા 'રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ' વિશેનું નિરુપણ તેમજ કેટલાંક ચરિત્રો વગેરેની ચારિત્રિક વિશેષતાઓને મુઠ્ઠીભર શબ્દોમાં ઉજાગર કરી આપવાનું કવિસામર્થ્ય દ્રષ્ટવ્ય બની રહે છે, જેમ કે :

**નરેન્દ્ર મોદી**

**विकासधर्मी जनसौख्यकारी राष्ट्रेनयज्ञः कुशलश्च कार्ये ।**
**नेता प्रणेता सकले च देशे नरेन्द्रसूर्यश्च विभाति विश्वे ॥ १-३ ॥**

**સરદાર વલ્લભભાઈ**

**सरदारश्च सर्वेषां मान्यो वै लोहपुरुष : ।**
**भारतस्य महाशिल्पी राष्ट्रैक्ये च पुरन्दरः ॥ १-१७ ॥**

**શર્મિષ્ઠા તળાવ**

**शर्मिष्ठेति च नक्षत्रं नभसि राजते सदा ।**
**तत्तडागस्वरूपेण प्राचीने नगरे तथा ॥ २-२५ ।**

આ સાથે જ સરળ ભાષાભિવ્યક્તિ અને વિષયવસ્તુ સાથે સુસંગત એવાં મૌલિક સુભાષિતોની સાહજિક ગૂંથણી પણ ધ્યાનાર્હ બની રહે છે, જેમ કે :

**प्रमाणं किं प्रकाशस्य सूर्यतोऽपेक्षते बुधैः । ३-३८ ।**
**गुर्जरी गतिशीला चं सर्वभिन्ना सदा भुवि । ४-३८ ।**
**संस्कृतिमूलकं राष्ट्रं संस्कृतिः धर्ममूलकम् । ४-१५ ।**
**संस्करोति हि संघर्षः समाजे जीवनं खलु । ४-५७ ।**
**दुहिता शिक्षिता यत्र वसन्ति तत्र सिद्धयः । ८-१५ ।**

આ મહાકાવ્યને પોતાના બુલંદ અને પ્રભાવક અવાજ માટે તેમજ **'भाति मे भारतम्'** કાવ્યના સર્જક તરીકે ભારતખ્યાત કવિ તથા રાષ્ટ્રપતિ દ્વારા પુરસ્કૃત સંસ્કૃત વિદ્વાન પદ્મશ્રી ડૉ. રમાકાન્ત શુક્લ (૧૯૪૦-૨૦૨૨), પ્રબુદ્ધ સંસ્કૃત સર્જક અને પ્રતિભાસંપન્ન વિદ્વાન પ્રો. અભિરાજ રાજેન્દ્ર મિશ્ર, સ્વાતંત્ર્યોત્તર ગુજરાતના એક માત્ર મોટા ગજાના કવિ-સર્જક ડૉ. હર્ષદેવ માધવ, પ્રવર્તમાન સમયમાં ગુજરાતમાં સંસ્કૃત વિદ્યાક્ષેત્રના કુલગુરુ તરીકેનું મહિમાસંપન્ન પદ શોભાવી રહેલા મહામહોપાધ્યાય ડૉ. ગૌતમ પટેલ વગેરેએ હર્ષભેર આવકાર્યું છે. ડૉ. રમાકાન્ત

શુકલના શબ્દો **'उन्होंने अपने समकालीन लोकप्रसिद्ध राष्ट्रनायक का चरित महाकाव्य के रूपमें उपनिबद्ध कर संस्कृत साहित्य को अनूठी सौगात समर्पित की है'** ગર્વરૂપ બની રહે છે. આ મહાકાવ્યના સંસ્કૃત પાઠના કુલ ૧૨૩૬ શ્લોકોનો હિન્દી અનુવાદ (પૃ. ૭૭ થી ૧૨૦) આપવા ઉપરાંત પસંદગીના ચિત્રાંકિત શ્લોકો -સંસ્કૃત પાઠ અને સંબંધિત ચિત્ર સાથે (પૃ. ૧૨૧-૧૩૬) અલગ તારવી આપવામાં આવ્યાં છે, જે સરાહનીય બની રહે છે.

● **'विवेकानन्द सार्धशताब्दीकाव्यम्' (हिन्दी - अनुवादोपेतम्)** પૂર્વાર્ધ (૨૦૧૪)માં ગ્રંથના શીર્ષકમાં નિર્દેશ અનુસાર સ્વામી વિવેકાનંદ (૧૮૬૩-૧૯૦૨) ની સાર્ધ જન્મ શતાબ્દીએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા તેમના જીવનચરિત્રનું આલેખન ૧૭૬ સંસ્કૃત શ્લોકોમાં હિન્દી અનુવાદ સહિત અને અનુષ્ટુપ છંદમાં રચના કરવામાં આવી છે. સ્વામીજીના ચરિત્રાલેખનમાં અત્ર-તત્ર કવિપ્રતિભા અને પરિપક્વ વૈચારિક ચેતનાનાં દર્શન જોવા મળે છે, જેમ કે :

**चरैवेति चरैवेति मंत्रः कृतार्थो यन्नरि ।**
**तादृशो विश्वसन्यासी न भूतो न भविष्यति ॥** (૧૫)

**सागरस्य च गाम्भीर्यं धैर्य धराधरस्य च ।**
**आकाशस्य विशालत्वं जगति दुर्लभं खलु ॥ (२५)**

**रामकृष्णो गुरुः श्रेष्ठो विना पुण्यं न लभ्यते ।**
**धार्मिको धर्मभूतश्च सद्धर्मयोजको भुवि ॥ (२८).**

● **'गुजरातगौरवलहरी'** (૨૦૧૩)માં ગુજરાત, દેશભકિત, દેવતાઓની સ્તુતિ, શિક્ષણપ્રણાલી, પ્રકૃતિ, ભારતમાં સંસ્કૃત, પ્રજાશાસન, પ્રણય વગેરે ૨૧ વિષયો હેઠળના કુલ ૧૬૭ સંસ્કૃત પદ્યોની રચના કરવામાં આવી છે. આ પૈકી ગુજરાત વિશે **'धन्यो मदीयो गुजरातदेशः'** શીર્ષક હેઠળ ૧૦૮ શ્લોકોનું દીર્ઘ કાવ્ય છે, જેમાં ગુજરાતની ભૌગોલિક, રાજનૈતિક, સાંસ્કૃતિક, ધાર્મિક, સામાજિક, તીર્થસ્થાન, શિક્ષણ વ્યવસ્થા, વગેરે અનેકાનેક વિષયો હેઠળ ગુજરાતનું ગૌરવગાન કરવાની સાથે પ્રવર્તમાન સ્થિતિનો વાસ્તવિક ચિતાર પણ આપવામાં આવ્યો છે. આ સાથે જ કેટલાક પ્રચલિત ગુજરાતી ગરબા અને હિન્દી ગીતોનો રાગાનુસાર સંસ્કૃત અનુવાદ પણ આપ્યો છે. **'भारतगौरवम्'** અને **'अन्नाष्टपदी'**માં અનુક્રમે વિખ્યાત વૈજ્ઞાનિક અને પૂર્વ-રાષ્ટ્રપતિ અબ્દુલકલામ અને ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનના પ્રણેતા અને ગાંધીદર્શનના હિમાયતી અન્નાહજારેનાં ચરિત્રાલેખનની સાથે સંબંધિત વિષયક્ષેત્રોમાં દેશની વાસ્તવિક સ્થિતિનો ચિતાર આપ્યો છે. પ્રસ્તુત કાવ્યસંગ્રહને આવકારતાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ વી. કુટુમ્બશાસ્ત્રીનું મંતવ્ય ધ્યાનાર્હ બની રહે છે.

**आचार्याः अम्बालालप्रजापतिमहोदयाः गुजरात राज्य संस्कृत कविपरंपरायाः मुकुटायमानाः कवचः । 'धन्यो मदीयो गुजरातदेशः' इति शीर्षकेण निबद्धायाः कवितायाः माध्यमेन समग्रमेव गुजरात गौरवमक्षिसात्कारयन्ति । मुक्तछन्दसि विरचितेडस्मिन् लघुकाव्ये गुजरातराज्यस्य नैकसहस्त्रवर्षासादितयशोवैभवं हस्तामलकी करोति । कवितैषा स्मारयति 'भाति मे भारत' मिति कवितां श्री रमाकान्तशुक्लस्य गुजरातप्रसिद्धानां लोकगीतानां संस्कृतानुवादानविरचयन् संस्कृतसाहित्यविकासाय स्तुत्यं प्रयत्नं करोति । 'पाके प्रसूति, रातङ्कवादिनान्च, पीडा भारते', 'शिवकण्ठे न, हलाहलं पार्वती, नयनान्जम्' इत्यादि हैकु द्वारा स्वकीयालङ्कारप्रयोगप्राविण्यमुपदर्शयति । आकल्य च तां कवितां, निमज्योन्मज्य च गुजरातगौरवलहरीषु पुनर्नवीकृतोत्साः वयमपि प्रसीदामः । धन्योडसौ कविरभिन्दनीयः । विजयतां लघुकाव्यमिदम् ।**

भारतं भारतं भूतले भारतम् ।
एधतां पावकं मामकं भारतम् ॥

● **'संस्कृतगीतान्जलि'** (૨૦૦૮)માં વિભિન્ન વિષયક, જેમ કે, કવિતા, રાષ્ટ્રપિતા, શબ્દશક્તિઃ, શિક્ષાસ્તોત્રમ્, સંસ્કૃતિ, પટ્ટનગૌરવમ્, સંસ્કૃતમહાત્મ્ય, વગેરે વિષયક ૪૦ કાવ્યો ગ્રંથસ્થ કરવામાં આવ્યાં છે. આ સંગ્રહને પદ્મશ્રી ડૉ. રમાકાંત શુકલ અને પ્રો. તપસ્વી નાન્દી અને ડૉ. ગૌતમ પટેલનાં વિવેચનાત્મક અભિગમ સાથે શુભેચ્છાઓ સાંપડી છે. 'કવિતા' એટલે શું ? તે વિશેના તેમના ખ્યાલો 'કવિતા' શીર્ષક હેઠળની કાવ્યરચનામાં દ્રષ્ટવ્ય બની રહે છે.

**ब्रह्मानंदसमाननंदनघना चेतोहरा पावना लोके कल्पलता ऋतम्भरकला ज्योतिश्च चंद्रोज्ज्वला । दुःखे शोकहरा विदग्धवनिता रम्या च व्यङ्ग्यात्मिका वागार्थैककलेवरा हि कविता सा शारदा सात्त्विका ॥ २॥**

**'भारतीय शिक्षा स्तोत्रम्'**માં અભિવ્યક્ત કરેલ ભારતીય શિક્ષણની વિભાવના પણ દ્રષ્ટવ્ય બની રહે છે.

रामवत् व्यवहारश्च रावणवत्कदापि न ।
बोधयतीति सर्वत्र भारतीयं हि शिक्षणम् ॥ ५ ॥
नरं नारायणं लोके जनं चैव जनार्दनम्
नारीं नारायणीं कुर्यात् भारतीयं हि शिक्षणम् ॥ ६ ॥

● **'आत्मानुसंधानम्'** (૨૦૦૩)માં કવિએ પોતાના જીવન અને ચિંતનને ૧૨૪ શ્લોકોમાં વાચા આપી છે. જો કે 'સ્વ'થી શરૂ કરીને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં શિક્ષણ, સમાજ, સંસ્કૃતિ, રાષ્ટ્રથી અનુપ્રાણિત થતાં થતાં વિશ્વકલ્યાણની અભ્યર્થના સાથે આ કાવ્ય વિરામ પામે છે. કવિનો આ પ્રથમ પ્રયાસ ધ્યાનાર્હ બની રહે છે. સંસ્કૃત સાહિત્ય સર્જન ઉપર દૃષ્ટિપાત કરતાં આપણે જોઈ શકીએ છીએ કે સંસ્કૃતમાં ચરિત્રકાવ્યો / મહાકાવ્યોની સમૃદ્ધ પરંપરા જોવા મળે છે, પરંતુ મહાકવિ બાણ ભટ્ટ, સોમેશ્વર વગેરેએ પોતાની કૃતિઓ અંતર્ગત પોતાનો પરિચય આપ્યો છે, પરંતુ આત્મચરિત પરંપરામાં કેટલાં સ્વતંત્ર કાવ્યો રચાયાં હશે તે સંશોધનનો વિષય બની રહે છે. આ દૃષ્ટિએ પ્રો. અંબાલાલભાઈનું કાવ્ય નવતર ભાત પાડતું જોવા મળે છે.

### ● સંશોધકોના ઉપજીવ્ય

પ્રો. ડૉ. અંબાલાલ પ્રજાપતિ કૃત સંસ્કૃત કૃતિઓની ગુણવત્તાને ધ્યાને લઈ રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓએ પીએચ.ડી.,એમ.ફીલની પદવી પ્રાપ્ત કરી છે : સંસ્કૃત ગીતાન્જલિ : એક અધ્યયન. હે.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ. 'નરેન્દ્ર વિજયમહાકાવ્યમ્' વિશે રાજ્યની બે યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓએ પીએચ.ડી. માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જ્યારે 'વિવેકાન્દકાવ્યમ્' વિશે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરમાંથી એક વિદ્યાર્થીએ એમ.ફીલ.ની ડિગ્રી મેળવી છે.

### માન-સન્માન

પ્રો. અંબાલાલભાઈ પોતાની વ્યવસાયિક કારકિર્દી દરમિયાન અધ્યયન-અધ્યાપન - સંશોધનમય રહ્યા છે. વયોચિત નિવૃત્તિ બાદ 'રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન', નવી દિલ્હી દ્વારા **'શાસ્ત્રચૂડામણિ'** (૨૦૦૪-૦૬) ઉપાધિથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્યની સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા **'સંસ્કૃત ગૌરવ પુરસ્કાર'** (૨૦૧૫) એનાયત કરીને તેમને સન્માનિત કરવામાં આવ્યા છે. આ પૂર્વે તેમને એમ.ફીલ. ડિગ્રી માટે **'ટીચર્સ ફેલોશિપ'** એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત તેમની ૫ સંસ્કૃત કૃતિઓ પૈકી **'સંસ્કૃતગીતાંજલિઃ'**, **'ગુજરાતગૌરવલહરી'** અને **'નરેન્દ્રવિજયમહાકાવ્યમ્'** શ્રેષ્ઠ પુસ્તક તરીકે પ્રથમ ક્રમે અને **'વિવેકાનંદસાર્ધશતાબ્દિઃ'** તથા **'અભિનવ-સંસ્કૃતભારતી'** દ્વિતીયે ક્રમે ગુજરાત રાજ્ય સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત કરવામાં આવી છે.

### અભિવાદનગ્રંથ

પ્રો. પ્રજાપતિ વયોચિત નિવૃત્ત થતાં તેમના વિદ્યાર્થીઓ અને સ્નેહીજનો દ્વારા તેમના સન્માનમાં અભિવાદનગ્રંથ 'Post – **Independence Sanskrit Literature : A Critical Study (Professor A. M. Prajapati Felicitation Volume)'** (૨૦૦૫) તેનું સંપાદન તેમને અર્પણ કરવામાં આવ્યો હતો, જેનું સંપાદન આ લખનાર દ્વારા કરવામાં આવ્યું હતું. સ્વાતંત્ર્યોત્તરકાલીન સંસ્કૃત સાહિત્યનાં વિવિધ પાસાંઓનું વિવેચનાત્મક અભિગમથી વિહંગમ દર્શન કરાવતો આ પ્રથમ ગ્રંથ હોવાથી સંસ્કૃત વિદ્યાજગતમાં વિશેષ ખ્યાતિ પામતાં તેની એક પણ નકલ આજે પ્રાપ્ય નથી. આ ગ્રંથમાં સમાવિષ્ટ સ્વાતંત્ર્યોત્તર-કાલીન સંસ્કૃત સાહિત્યની વિસ્તૃત અને વર્ગીકૃત વાઙ્મયસૂચિ (પૃ. ૫૨૧ - ૬૧૪) એક બહુમૂલ્ય મૂડી છે. પ્રસ્તુત અભિવાદનગ્રંથને આવકારતાં પ્રો. ડૉ. રાજેન્દ્ર નાણાવટીના શબ્દો : No one now has a right to say that Sanskrit is dead language. With this volume of a critical survey of Post-Independence Sanskrit Literature in hands, no one now can say that Sanskrit is not a living language. Even a cursory glance through these pages shall thoroughly convince the reader that, like many Indian languages such as Assamese, Kashmiri, Sindhi etc, Sanskrit also is a living language even taday. We the Sanskritists, should thank Manibhai Prajapati (University Librarian, HNGU, Patan) for undertaking such a laoudable task and achieving it so admirably... I also congratulate Prof. Ambalal Prajapati for being a *nimitta* in this great effort.' તેની ઓળખ માટે પર્યાપ્ત બની રહે છે.

### ● વિદ્વાનોનો હૃદયાભિષેક

● ડૉ. અંબાલાલ એમ. પ્રજાપતિની બહુગામી ગંભીર વિદ્વત્તા, મિત-મિષ્ટ-ભાષિતા અને પ્રકૃતિની ઋજુતા-

શાલીનતાને વંદન.

**- ડૉ. હંસાબેન હિંડોચા**
(રાષ્ટ્રપતિ સન્માનિત)

● સંસ્કૃત સાહિત્ય, કાવ્યશાસ્ત્ર, વ્યાકરણ ઈત્યાદિનો ગહન અભ્યાસ કરીને, સ્વાધ્યાય- સંશોધન-લેખો, પુસ્તક-લેખન, સંસ્કૃત-સંભાષણ-પ્રવચનાદિ ક્રિયા-કલાપો દ્વારા આપે જે સૌમ્ય છતાં ઉજજવળ પ્રતિભા પ્રગટાવી છે એનું ઉત્તમ સુફળ તે આ આપનો વિદ્યાસુરભિત અભિનંદન-ગ્રંથ. આ છે આપની સાચી 'યશકલગી'. પ્રસ્તુત ગ્રંથ સંસ્કૃત વિદ્યાવિશ્વનું એક ચિરસ્થાયી અમૂલ્ય નજરાણું બની રહેશે.

**- ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ**
(રાષ્ટ્રપતિ સન્માનિત)

● સાહિત્ય સંપાદન-વિવેચન ઉપરાંત એમનું મહત્ત્વનું પ્રદાન તો એમણે રચેલું સંસ્કૃતબદ્ધ આત્મવૃત્તાંત કથાકાવ્ય છે. **'आत्मानुसंधानम्'**માં પોતાના આયુષ્યના ૬૦મા વર્ષની પૂર્વ સંધ્યાએ કરેલું આયુષ્યનું વિહંગાવલોકન એક દસ્તાવેજી સામગ્રીની કાવ્યાત્મક અભિવ્યકિત તરીકે યાદ રહેશે.

**- ડૉ. બળવંત જાની**
કુલાધિપતિ, સાગર યુનિવર્સિટી,
સાગર (મધ્યપ્રદેશ)

● પિલવાઈ કૉલેજના તે સમયના તમામ અધ્યાપકોમાં ડૉ. અંબાલાલ પ્રજાપતિ જુદા તરી આવતા. વાણીનો અસાધારણ સંયમ એમની આગવી વિશેષતા. એમના નિર્ણયો અસંદિગ્ધ અને અપરિવર્તનીય રહેતા.... ડૉ. અંબાલાલ જેવા માણસ, જેમણે સંસ્કૃત સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિનો ઊંડો અભ્યાસ કર્યો છે તેમને આધુનિક યુગની સંવાદહીનતા સ્પર્શી શકે તેમ નથી. ખરેખર તેમનું વ્યક્તિત્વ બહિર્મુખી નથી. અંતર્મુખી છે. એના લીધે જ એમનામાં, બૌદ્ધિક પ્રખરતા આવી છે. એના લીધે જ એ સાહિત્યના અધ્યયન અને સંશોધનના ક્ષેત્રમાં વિશિષ્ટ કાર્ય કરી શકયા છે. એમનો સંવાદ એમની પાસે ઊભેલા માણસ સાથે નહીં બલ્કે મમ્મટાચાર્ય સાથે છે. કાલિદાસ સાથે છે. સંસ્કૃતિના બીજા અનેકાનેક પંડિતો અને આચાર્યો સાથે છે. .... ડૉ. અંબાલાલ પ્રજાપતિએ એમના એમ.ફીલ. અને પછી પીએચ.ડી.ના સંશોધન કાર્યમાં જે પ્રમાણિક પુરુષાર્થ કર્યો હતો તેનો હું સાક્ષી છું. પ્રકૃતિથી તેઓ શાંત અને ઉદ્યમી છે. વિદ્યાવ્યાસંગી હોવાને નાતે મૂળ ગ્રંથોને સમજ્યા વગર આગળ ન વધવાની તેઓએ ટેવ પાડી છે.

**- ડૉ. મહાવીરસિંહ ચૌહાણ**
ઉપકુલપતિ, હે.ઉ.ગુ.યુનિ., પાટણ

● મિતભાષી, સંસ્કારી વર્તનવાળા, સુરુચિપૂર્ણ પોષાકના શોખીન વિદ્વાન પ્રો. ડૉ. અંબાલાલ પ્રજાપતિ કવિ પણ છે એનો પરિચય એમના આ **'आत्मानुसन्धानम्'** નામનો શ્લોકગ્રહ વાંચીને થયો. હું એમના આ પ્રયત્નને પ્રેમથી આવકારું છું અને તેમનું વિદ્યાતપ અને કારયિત્રી પ્રતિભા નિર્વિઘ્ને વૃદ્ધિ પામે એવી શુભેચ્છા પાઠવું છું.... કવિના વ્યકિતત્વ જેવું નિરાડંબરી, પ્રસન્ન અને સરળ શૈલીમાં રચાયેલું આ કાવ્ય અનેક સુંદર ઉપમાઓથી (શ્લો. ૧૦, ૧૨, ૧૪, ૧૬, ૨૨, ૩૦, ૩૫, ૪૫, ૭૯, ૯૩, ૧૧૪) શોભે છે. સૂકિતઓ (શ્લો. ૨૩, ૨૪, ૨૯, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૮, ૫૪, ૮૫, ૯૬, ૯૯, ૧૦૦, ૧૦૩) તેને શોભાવે છે. કવિનો કુદરત પ્રેમ પણ ક્યારેક છલકાય છે.... સમાજદર્શન, લોકહિતચિન્તા, ઉત્તમધ્યેય અને સ્વધર્મમાં શ્રદ્ધા એ કવિના વ્યક્તિત્વની વિશેષતા રૂપે ઊપસે છે તથા સાખ પૂરે છે. કવિના આ પ્રયત્નને હું આવકારું છું.

**- પ્રો. તપસ્વી નાન્દી**
(રાષ્ટ્રપતિ સન્માનિત)

● **आजीवनं मनसा वाचा कर्मणा च सुरभारतीं सेवमानाः प्राध्यापकोचित गरिम्णां धुरि प्रतिष्ठिताः मित्रवत्सलयतायाः साकारविग्रहकल्पा हैयङ्गवीन मसृणहृदयाः प्रजापतिमहाभागा निश्चप्रचमप्रतिम-व्यकितत्वधनिनोडखिलेडपि राष्ट्रे । प्रो. पजापतिमहोदया यद्यपि गुर्जरावनीभूषणभूता स्तथापि सारस्वतसमज्ञादष्ट्या निखिलमेव भारतराष्ट्रं प्रतीयते तद्यशोडवदातम् । तेडसमद्बन्धुरत्नभूता विपश्चित्तल्लता इति कृत्वाडडत्मपक्षतः किन्च, सम्पूर्णानन्दसंस्कृत विश्वविद्यालय-परिवारपक्षतस्तेषां निर्विघ्नं शतायुष्यं मानोन्नतिञ्च कामये**

**- मिश्रोडभिराजराजेन्द्रः**
**कुलपतिः**
सम्पूर्णानन्दसंस्कृत विश्वविद्यालयीयः
वाराणसी - २२१००२ (उ. प्र.)
२५-३-२००३

**- મણિભાઈ પ્રજાપતિ**

●

# પ્રાસંગિક

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના નવનિયુક્ત પ્રમુખશ્રીઓ

### શ્રી મનુભાઈ જે. પટેલ (૧૯૩૭)

શ્રી મનુભાઈ પટેલ હાડે શિક્ષકનો જીવ. એક મૂલ્યનિષ્ઠ, ધ્યેયનિષ્ઠ અને વિદ્યાવ્યાસંગી શિક્ષક અને આચાર્ય. તેમની વહીવટીય કોઠાસૂઝ ભારે. ડૉ. દ્વારકાદાસ જોશી અને ડૉ. વસંત પરીખ જેવા અગ્રણી સર્વોદય કાર્યકરો તેમના પ્રેરણાસ્રોત રહ્યા છે. તેમણે પ્રારંભમાં પિલવાઈમાં શિક્ષક, સિપોરમાં આચાર્ય અને સર્વ વિદ્યાલયના આચાર્યશ્રી (૧૯૮૫-૯૫)ની જવાબદારી ઉપરાંત મહેસાણા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ, શાળા-સંઘના પ્રમુખ તથા મંત્રી અને આચાર્ય સંઘના પ્રમુખ તથા મંત્રી, તેમજ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ તરીકે ખંતપૂર્વક સેવાઓ આપી હતી. આ સાથે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરમાં શૈક્ષણિક સમિતિના સભ્ય તરીકે ૧૦ વર્ષ સભ્ય તથા બોર્ડની કારોબારી સમિતિના સભ્ય, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સેનેટ સભ્ય વગેરે સંસ્થાઓમાં નોંધપાત્ર સેવાઓ આપી હતી. તેમની ઉમદા સેવાઓને ધ્યાને લઈ ભારત સરકાર દ્વારા ૧૯૯૩માં **શ્રેષ્ઠ શિક્ષક** તરીકેના રાષ્ટ્રીય ઍવૉર્ડ તેમજ પાટણ જિલ્લાના **યશસ્વી કેળવણીકાર** તરીકે ૧૫ ઑગસ્ટ, ૨૦૦૩ના રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા **તામ્રપત્ર**થી વિભૂષિત કરવામાં આવ્યા હતા. વધુમાં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના **'બેસ્ટ ટીચર ઍવૉર્ડ'**થી અલંકૃત છે. સર્વ વિદ્યાલય, કડીના આચાર્ય તરીકે નિવૃત્ત થયા બાદ પ્રારંભમાં 'કૅમ્પસ ડાયરેક્ટર.' ત્યાર પછી મંત્રીશ્રી અને બાદમાં 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ', કડીના પ્રમુખ અને ૧૩ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજથી **સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ** તરીકે નિયુક્ત કરવામાં આવતાં સેવાઓ આપી રહ્યા છે. વતન ચાણસ્મામાં શિક્ષણ અને આરોગ્યસેવા ક્ષેત્રે પણ યશસ્વી સેવાઓ આપી રહ્યા છે. પોતાના દ્વારા સ્થાપિત/સંચાલિત બે ટ્રસ્ટોમાં પ્રતિ વર્ષ એક લાખ રૂપિયા વ્યાજ મળે તેટલી રકમ બૅંકમાં સ્થાયી ભંડોળ તરીકે જમા કરાવેલ છે. વ્યાજ પેટેની આવક આરોગ્ય અને શિક્ષણ માટે વાપરવામાં આવે છે. તેમની આગવી ગુણરાશીના કારણે જ સ્વામી **સચ્ચિદાનંદે** કહ્યું હતું કે, **'મનુભાઈ બનવા માટે સતત તલવારની ધાર ઉપર ચાલવું પડે.'** (**સરનામું** : રૂપાણીનો માઢ, ખાડિયા ચોક પાસે, ચાણસ્મા-૩૮૪૨૨૦,જિ.મહેસાણા,મો.૭૮૭૪૭૬૧૯૨૯)

### શ્રી મણિભાઈ એસ. પટેલ (૧૯૪૩)

ડૉ. મણિભાઈ એસ. પટેલ વ્યવસાયે ડેન્ટિસ્ટ (B.D.S). વતન : લણવા, તા. ચાણસ્મા. કર્મભૂમિ કડીમાં તજ્જ્ઞ અને સેવાપરાયણ ડેન્ટિસ્ટ તરીકેની ઉમદા શાખ ધરાવે છે. ડેન્ટિસ્ટ ઉપરાંત ચક્ષુદાન પ્રવૃત્તિમાં તેમનું પ્રશંસાપાત્ર કાર્ય રહ્યું છે. પ્રકૃતિએ સેવાભાવી જીવ હોઈ લાયન્સ ક્લબ, કડી શાખામાં વર્ષ ૧૯૭૧થી આજપર્યંત તેના ચાર્ટર્ડ મેમ્બર તરીકે જોડાયેલા રહીને વિવિધ પ્રોજેક્ટ્સનું સફળતાપૂર્વક નિર્વહણ કરવા માટે સમયદાન અને આર્થિક સહયોગમાં પણ અગ્રેસર રહેતા આવ્યા છે. આ ક્લબના સભ્ય ઉપરાંત મંત્રી, પ્રમુખ, ઝોન ચૅરમૅન : ચાઇલ્ડ એન્ડ ફૅમિલી વેલ્ફેર, હિઅરિંગ એન્ડ સ્પીચ થેરાપી ઍન્ડ વર્ક્સ વીથ ડેફ, લાયન્સ ક્લબ સંચાલિત ચક્ષુબૅંકના ચૅરમૅન વગેરે હોદ્દાઓ ઉપર પ્રશસ્ય સેવાઓ આપી છે. વર્ષ ૨૦૧૮-૧૯માં તેમણે ઇટાલીના મિલાનમાં યોજાયેલ 'લાયન્સ ઇન્ટરનેશનલ કૉન્ફરન્સ'માં હાજરી આપ્યા બાદ યુરોપનો પણ પ્રવાસ કર્યો હતો. તેમની વિશિષ્ટ કામગીરી અને સક્રિયતાને ધ્યાને લેતાં લાયન ડિસ્ટ્રિક્ટ ૩૨૩/બી/૨ દ્વારા કેટલાક ઍવૉર્ડ્સ, શેવરોન ઍવૉર્ડ (૧૦ વર્ષ તથા ૧૫ વર્ષના સભ્યપદ માટે), ઝોન ચૅરમૅન વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. વધુમાં, તેમણે કડી સ્થિત ચોર્યાસી સમાજના સ્થાપક પ્રમુખ, પૉલિસી હોલ્ડર કાઉન્સિલ મેમ્બર-અમદાવાદ ડિવિઝન, શ્રી કડી નાગરિક સહકારી બૅંકના ૧૭ વર્ષ સુધી ડિરેક્ટર વગેરે પદો ઉપર પણ સેવાઓ આપી છે. વ્યવસાયિક અને સામાજિક ફરજો ઉપરાંત સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી તરીકે માતૃસંસ્થાનું ઋણ ચૂકવવા પ્રપત્તિભાવપૂર્વકની શ્રદ્ધા-ભક્તિથી પ્રેરાઈને વર્ષ ૧૯૮૩-૮૭થી મંત્રી તરીકે અને ઑગસ્ટ ૨૦૨૩થી **'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'**, કડીના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવતાં પ્રમુખશ્રી તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેમનાં ધર્મપત્નીનું નામ શ્રીમતી શારદાબહેન છે. તેમના પુત્ર ડૉ. આનંદ કડીમાં ડેન્ટિસ્ટ તરીકે આગવી ઓળખ ધરાવે છે. (**સરનામું** : ૧૦, અંકુર સોસાયટી, થોળ રોડ, કડી. મો. ૯૪૨૭૫૪૩૬૨૭)

ઇતિહાસની અટારીએથી :

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી- ગાંધીનગર :

# સર્વ વિદ્યાલયનું બાર વાર્ષિક સંમેલન

કડી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ તરફથી ચાલતા શ્રી સર્વ વિદ્યાલયનો બાર વાર્ષિક ઉત્સવ ડિસેમ્બર ૧૬, ૧૭ના દિવસોએ રા. બા. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈના પ્રમુખપદે ઉજવાયો હતો. આજ દિવસોમાં સંસ્થાના વિદ્યાર્થીઓનું સ્નેહસંમેલન પણ શ્રીયુત બલુભાઈના પ્રમુખપદે ઉજવાયું હતું.

બંને સમારંભના પ્રમુખ આપણી જ્ઞાતિના શુભેચ્છક અને હિતચિંતક મળ્યા હતા. રા. બા. ગોવિંદભાઈસાહેબ જ્યારે કડી પ્રાંતના સૂબા હતા ત્યારે આપણી જ્ઞાતિ સુધારણા માટે તેઓએ ખાસ પ્રયત્નો કરેલા અને તેઓશ્રી આજ સુધી આપણી તરફ મમતાભરી લાગણી રાખી રહ્યા છે.

શ્રીયુત બલુભાઈ આ જ્ઞાતિ કે આ સંસ્થાના પ્રત્યક્ષ સંબંધમાં નથી આવ્યા, છતાં સંસ્થાના અને જ્ઞાતિના વિદ્યાર્થીઓ તરફનો તેમનો પક્ષપાત પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં અભ્યાસ કરનારને અજાણ્યો નથી જ. તેઓ આપણા વિદ્યાર્થીઓને દરેક પ્રકારની મદદ આપે છે અને કેળવણીમાં આપણો માર્ગ સુગમ કરી આપી આપણા વિદ્યાર્થીઓને આગળ ધપાવવામાં મદદ કરે છે, આ ઉત્સવમાં ભાગ લેવા મહેસાણા પ્રાંતના ગામડાંઓમાંથી તેમજ અમદાવાદ અને અન્ય શહેરોમાંથી ઘણા પાટીદાર ભાઈઓ આવ્યા હતા. જૂના વિદ્યાર્થીઓ અને અન્ય ભાઈઓ મળી હજાર ઉપરાંત માણસો આ શુભપ્રસંગે ભેગા થયા હતા. આ સમારંભને પ્રોત્સાહન આપવા અને સફળ કરવા ડૉ. સુમંત મહેતા, શેઠ શ્રી દુર્ગાપ્રસાદ લશ્કરી, શ્રી અંબાલાલભાઈ તકતાવાળા, શ્રી પુરુષોત્તમદાસ લલ્લુભાઈ, 'ચેતન'ના તંત્રી શ્રી બબાભાઈ, શ્રી કાનજીભાઈ વકીલ, શ્રી અંબાલાલ વકીલ, ચતુરભાઈ વકીલ, શ્રી ગંગારામદાસ મુખી, શ્રી પ્રભુદાસભાઈ, રેલવે અધિકારી શ્રી દીક્ષિતસાહેબ, વિભાગ અધિકારી ઉમેદભાઈસાહેબ વગેરે સદ્‌ગૃહસ્થોએ હાજરી આપી હતી.

બાર વર્ષે એક તપ પૂરું થાય. એ રીતે સંસ્થાનો આ તપ ઉત્સવ હતો. તપમાં અનેક જાતનાં વિઘ્નો આવે અને જાય. સંસ્થાએ પોતાના તપ દરમિયાન ઘણી કડવી-મીઠી જોઈ છે અને તે બધાને વટાવી આજે તે આ સ્થાને પહોંચી છે. બાર વર્ષના સંસ્થાના કાર્યને અને તેણે સાધેલી પ્રગતિને પ્રત્યક્ષ જોવા સમાજને નોંતરવામાં આવ્યો હતો. જોનારાઓને આનંદ થયો હતો કે સંસ્થાએ પોતાનું પ્રથમ તપ નિશ્ચળતાથી પૂર્ણ કર્યું છે.

પ્રમુખની દરખાસ્ત મૂકતાં શ્રી રામચંદ્રભાઈએ સમસ્ત જ્ઞાતિસુધારણાની પ્રવૃત્તિની સુંદર સમીક્ષા કરી હતી. તેથી ના. પાટડી દરબાર સૂર્યમલસિંહજીની સેવાઓનો સભાને ખ્યાલ આવ્યો હતો. આપણી જ્ઞાતિના પ્રથમ સુધારક વીર યુવક સ્વ. પુરુષોત્તમદાસ અને આ સંસ્થાની સ્થાપનામાં પ્રાણ રેડનાર શ્રી નગીનભાઈ તથા શ્રી કુબેરભાઈની સેવાઓની અને જ્ઞાતિસહિતની ધગશનો ખ્યાલ જે ઉત્સાહ અને શોકની લાગણી વચ્ચે આપ્યો હતો તે વિસરાય તેમ તો નથી જ. આવા આપણા આગેવાનોથી આજે આપણે ઊજળા છીએ અને તેવા જ જ્ઞાતિ હિતચિંતક આગેવાનોની આગેવાની નીચે આપણે વધારે ઊજળા બનીશું. જ્ઞાતિએ પોતાના સેવકોને ભૂલવા ન જોઈએ અને તેઓને અહીં ભૂલવામાં નહોતા આવ્યા. વીરપૂજા સમાજને આગળ ધપાવશે.

પ્રમુખની દરખાસ્તને ટેકો આપતાં **શ્રી છગનલાલ પીતાંબરદાસે રા.બ. ગોવિંદભાઈ સાહેબના જીવનના કેટલાક પ્રસંગો કહી સંભળાવ્યા હતા.** શ્રી ધનશા ભગતે દરખાસ્તને વધુ ટેકો આપતાં રા. બ. ગોવિંદભાઈસાહેબનો મૌડાંનો સ્મરણીય પ્રસંગ વર્ણવ્યો હતો. ત્યાર બાદ પ્રમુખશ્રીએ પોતાનું સ્થાન હર્ષનાદ અને તાળીઓના ગડગડાટ સાથે લીધું હતું અને પોતાનું અસરકારક ભાષણ વાંચવાનું શરૂ કર્યું હતું.

પ્રમુખશ્રીએ પોતાના ભાષણમાં સંસ્થાના આજ સુધીના કાર્યની સુંદર સમીક્ષા કરી હતી. જ્ઞાતિ અને સુધારણા માટે ઉચ્ચ વિચારો રજૂ કર્યા હતા. તેઓશ્રીએ સંસ્થાના કાર્યની જેવી સમાલોચના કરી છે તેવી સમાલોચના મંત્રીઓ પણ ન કરી શક્યા હોત. જૂના રિપોર્ટો અને અન્ય બાબતો ઉપર વિચાર કરી ભાષણ તૈયાર કરવામાં તેમણે જે શ્રમ લીધો હતો તે જ તેઓશ્રીનો સંસ્થા પ્રત્યેનો હાર્દિક પ્રેમ બતાવે છે. તેઓશ્રીના ભાષણના કેટલાક ફકરા અહીં ઉતારીશું.

એ મંડળે એક નાની શરૂઆત કરી ૧૩-૧૪ વર્ષ જેટલી ટૂંકી મુદતમાં કડીમાં આવેલા સર્વ વિદ્યાલયને જે આદર્શ સ્થિતિમાં લાવી મૂક્યું છે તે તરફ હું સાનંદાશ્ચર્યથી જોઉં છું.

કોમની તથા એકંદર દેશની ઉન્નતિ ચાહનાર અને તેને માટે સેવાભાવ, અડગ નિશ્ચય અને ખંતથી પ્રયત્ન કરનાર કેવાં મોટાં કામ કરી શકે છે તેનો એક અનુપમ દાખલો ક. પા. કેળવણી ઉત્તેજક મંડળે જનતાને આપ્યો છે અને પોતાની કોમને જ નહિ, પણ બીજી કોમોને પણ કેળવણી લઈને પોતાનું જીવતર સફળ કરવાને સગવડ કરી આપી છે... અંગ્રેજી સિવાય સર્વ વિષયોનું જ્ઞાન માતૃભાષા દ્વારા અપાય છે; બૌદ્ધિક સાથે હુન્નર ઉદ્યોગનો યોગ્ય સમન્વય કરવામાં આ સંસ્થાની વિશિષ્ટતા સમાયેલી છે. સુથારી, વણાટ, સીવણ, મુદ્રણકળા, ખેતી, બાગાયાત, ગૌશાળા વગેરે હુન્નર ઉદ્યોગનું સક્રિય જ્ઞાન બાળકોને આપવામાં આવે છે. તેમાં બાળકોને સાદો પણ પૌષ્ટિક શુદ્ધ અને સાત્ત્વિક ખોરાક આપવામાં આવે છે. **આપણે માથે જે કાંઈ દુઃખ છે તે માત્ર આપણા કઢંગા અને હાનિકારક રિવાજોનું છે. એ દુઃખનું પોટલું આપણે પોતે જ આપણે માથે મૂક્યું છે અને તે આપણે પોતે જ દૂર કરી શકીએ છીએ.** બાળલગ્ન ન કરતાં કન્યા ઓછામાં ઓછી ૧૪ વર્ષની અને છોકરો ઓછામાં ઓછો ૨૦ વર્ષનો થાય ત્યાં સુધી તેને કેળવણી આપવા સિવાય બીજો વિચાર ન કરવો જોઈએ. જે ધંધા અત્રે શીખવવામાં આવે છે તેમાંથી સુથારીકામ, લુહારીકામ વગેરે એવાં છે કે તે સ્વતંત્ર ધંધા તરીકે કરી આજીવિકા ચલાવી શકાય. કાંતવાનું અને કાપડ વણવાનું કામ તે કરી પોતાના ઘર ઉપયોગને માટે પોતે બનાવેલી ખાદી તે વાપરી શકે અને કાપડ વેચાતું લેવાની જરૂર રહે નહિ. સદ્‌ભાગ્યે કેટલાક ખેડૂતો હવે મહાત્મા ગાંધીજીના બોધથી આ કામ કરવા લાગ્યા છે.

આપણો દેશ ગરીબ છે અને આપણી માણસ દીઠ સરેરાશ આવક બીજા દેશોના કરતાં ઘણી થોડી છે એ વાત ખરી છે, પણ ગરીબાઈને દૂર કરવાના ઉપાય લેવાને બદલે આપણે તેમાં વધારો થાય એવાં કામ કરીએ છીએ. કેટલીક વખત તો ગરીબાઈ યોગ્ય કામે પૈસા નહિ ખર્ચવાના બહાના તરીકે બતાવવામાં આવે છે. છોકરાને ભણાવવાની શિક્ષા આપવાના પ્રસંગે ગરીબાઈ બતાવવામાં આવે છે, પણ તેમને આવા પ્રસંગે જાણે લક્ષાધિપતિ હોય તેમ ઉડાવપણે ખર્ચ કરવામાં આવે છે. **માંદાં માબાપના મંદવાડ પ્રસંગે વૈદકીય મદદ લઈ તેમની યોગ્ય સારવાર કરવામાં ગરીબાઈ નડે છે, પણ તેમના મૂઆ બાદ બારમા વગેરેનાં ભારે ખર્ચ કરવામાં નડતી નથી.** સુધરેલા દેશોમાં ગરીબ ગણાતો કોઈ દેશ પોતાની પાસેના દ્રવ્યનો ખોટો ઉપયોગ કરવામાં પહેલો નંબર ભોગવતો હોય અને પોતાની ઉન્નતિ થાય એવાં કામમાં તે વાપરવાને છેલ્લો નંબર ભોગવતો હોય તો તે આપણો દેશ છે અને તેથી તે કંગાળ પરાધીન અને પછાત રહેલો છે.

બીજા દેશોમાં દેવળ વગેરે ધાર્મિક સંસ્થામાં અપાયેલી રકમોનો ઉપયોગ કેળવણી, વૈદ્યકીય મદદ વગેરે જનસેવાના કામમાં વપરાય છે અને તેનો માત્ર થોડો ભાગ નિર્વાહ જેટલો ધર્મગુરુઓને મળે છે, પણ આપણા દેશમાં તો તેમને મળતી બધી રકમો જેનો સરવાળો કરોડોનો થાય છે તેનો ઉપયોગ તેમને પોતાને ઉડાવવાની મોજમઝાઓમાં થાય છે. એમ છતાં પણ આ ગરીબ ગણાતો દેશ અને સારા કામમાં દ્રવ્ય ખર્ચવાનો પ્રસંગ આવે ત્યારે ગરીબાઈનો સબબ બતાવનારા તેનો ધર્મઘેલા લોકો તેમનો પોતાનું સર્વ ધન અર્પણ કરવાને પણ અચકાતા નથી.

વિદ્યામંદિરમાં ધંધાની કેળવણી માટે જે તજવીજ થઈ છે તે સારી છે, પણ હજુ તે માત્ર નાના પાયા ઉપર છે અને તેને વધારે ખીલવવાની જરૂર છે. મુદ્રણ અને વણાટ ખાતામાં કંઈ ખાસ વધારો ન કરે તો ચાલે, પણ સુથારી-લુહારીકામમાં તો એવો સુધારોવધારો થવો જોઈએ કે કામ શીખેલો વિદ્યાર્થી સ્વતંત્ર રીતે સુથાર કે લુહારકામ કરી શકે. સુધરેલી ઢબનાં ઓજાર વગેરે રાખી તેનો ઉપયોગ કરતાં પણ શીખવવું જોઈએ. ખેતીને અંગે પણ ઘણું કરવાનું બાકી રહેલું છે. ખેતીવાડીના કામમાં નિષ્ણાત થયેલા શિક્ષકો, ખેતીની જમીન, સુધરેલી ઢબનાં ઓજારો, સંગ્રહસ્થાન વગેરેની સગવડ થયા વગર ખેતીનું યોગ્ય કડી કેળવણી મંડળ આ બધી જરૂરિયાતો સારી રીતે સમજે છે અને તેને નાણાંની મદદ મળે તો ધંધાના શિક્ષણકામ સારા અને સંતોષકારક પાયા ઉપર મૂકવાને ઇંતેજાર છે. એમ જાણી મને સંતોષ થયો છે.

કન્યાઓને પોતાને ગામ પ્રાથમિક કેળવણી હોય તેમને ઉપયોગી શિક્ષણ આપવા માટે ‘કન્યા સરસ્વતી મંદિર’ જેવી સંસ્થા ઉઘાડવાનો વિચાર કડવા પાટીદાર કેળવણી મંડળના વ્યવસ્થાપક મંડળે કર્યો હતો. તે પાર પડે એવી તજવીજ કરવાને હું ભલામણ કરું છું. જ્યાં સુધી એવી સંસ્થાઓ ઊઘડી કન્યાઓને કેળવણી આપવાની તજવીજ ન થાય ત્યાં સુધી માત્ર છોકરાઓને આપેલી ઊંચી કેળવણીની આપણા સંસારનું ગાડું એક પૈડાના રથની પેઠે બરોબર ન ચાલી શકે એ ખુલ્લું જ છે.

સ્ત્રીઓને માટે ખાસ જરૂરની કેળવણી આપનારી, ‘કન્યા સરસ્વતી મંદિર’ જેવી સંસ્થા ઉઘાડવાને કડી કેળવણી મંડળ શક્તિમાન થયા વગર ‘સર્વ વિદ્યાલય’નો પૂરેપૂરો ઉદ્દેશ પાર પડવાનો નથી. તેટલા માટે આ પ્રસંગે આ વિષય ઉપર આપણું ધ્યાન તે તરફ ખાસ રીતે ખેંચવાની મને આવશ્યકતા લાગી છે. આવી તજવીજ કરવાથી પાશ્ચાત્ય દેશો ઉન્નતિએ પહોંચ્યા છે અને આપણે પણ જો તેવી ઉન્નતિ ચાહતા હોઈએ તો, આપણા દેશને અનુકૂળ એવી ઊંચા પ્રકારની સ્ત્રીકેળવણી

આપણી કન્યાઓને મળે એવી તજવીજ કરવી જોઈએ.

આ સમારંભમાં કન્યાકેળવણી સંબંધી ઠીકઠીક ચર્ચા અને ઊહાપોહ થયો. કન્યાકેળવણી સંબંધીનો ઠરાવ મૂકતાં સૌ. પાર્વતીબહેન પુરુષોત્તમદાસે જણાવ્યું કે અત્યારે હાલ આપણે ઝાડને મૂળમાં પાણી પાવાને બદલે ડાળાં પાંદડાંને પાઈ રહ્યાં છીએ. સમાજના મૂળરૂપ માતાઓને કેળવણી આપવાને બદલે છોકરાઓને કેળવણી આપી રહ્યા છીએ. ઠરાવને ટેકો આપતાં **આ સંસ્થાના પ્રાણરૂપ મુ. છગનભાએ કન્યાઓની અજ્ઞાન દશાને લીધે જન્મતી સામાજિક વિષમતા વિશે વિવેચન કર્યું. વિવેચન કરતાં કરતાં તેઓશ્રી લાગણીવશ થઈ ગયા હતા અને તેઓએ ગદ્‌ગદિત કંઠે સભાને કન્યાકેળવણી સંબંધી કંઈ પણ કરવા અપીલ કરી હતી. તેમની અપીલે સભાજનોને પણ લાગણીવશ કરી મૂક્યા હતા.**

કન્યાકેળવણીની જરૂરિયાત વિશેનો અને તેને વ્યવહારિક સ્વરૂપ આપવા માટે કડીમાં 'કન્યાકેળવણી મંડળ' નામની સંસ્થાની સ્થાપના કરનારો એમ બે ઠરાવો સભાએ પસાર કર્યા હતા. માગણી કર્યા સિવાય સભામાંથી કન્યાકેળવણી મંડળ માટે નાની-નાની રકમોનાં વચનો આપવા લાગ્યાં હતાં. નાની-મોટી દોઢસો રકમો નોંધાઈ હતી જેનો સરવાળો રૂ. ૧૪૦૦ આશરે થાય છે.

સ્નેહસંમેલનના પ્રમુખ શ્રી બલુભાઈએ ટૂંકું પણ પ્રેરણાવંતું ભાષણ કર્યું હતું. તેમાંના કેટલાક ફકરાઓ તો ખાસ દૃષ્ટિ સમક્ષ રાખવા જેવા છે. સહશિક્ષણ માટે તેમણે કરેલી સૂચના .યાદ રાખવા જેવી છે, એટલે અહીં ટાંકીએ છીએ. આ સંસ્થાનાં બાળકો કર્તવ્યવાન, નીડર અને સ્વતંત્ર નીપજશે. એ વિશે મને કાંઈ જ શંકા નથી અને મનુષ્યની કસોટી હું એ જ ધોરણે કરું છું. જે મનુષ્યમાં નીડરતા અને સ્વમાન સાથે સ્વતંત્રતાની ભાવના જાગ્રત થઈ નથી તે માણસ ગમે તેટલો બુદ્ધિવાન હોય છતાં સમાજના વિશાળ સમુદાય માટે કાંઈ જ ઉપયોગી નથી. આપણે આજે એવા સંક્રાંતિકાળમાંથી પસાર થઈ રહ્યા છીએ કે જેમાં એ બે ગુણો જ આપણું ભાવિ પલટાવી શકશે. મારા વિદ્યાર્થીઓને હું હંમેશાં નીડર બનવાની જ તાલીમ આપતો આવ્યો છું અને મેં જોયું છે કે તેઓ એ ગુણ કેળવવાને કારણે સમાજમાં હરકોઈની બરોબરી કરી શક્યા છે. મારા જેવો પાકી વયનો માણસ તમારા જેવડા ઉપયોગી જુવાન, મારા જેવો શહેરી તમારા જેવા સશક્ત ગ્રામવાસીઓને નીડરતા અને સ્વતંત્રતાની વાતો કહેવા બેસે એ ઊલટી ગંગા વહેવડાવ્યા જેવું છે, પરંતુ નીડરતા અને સ્વતંત્ર મનોવૃત્તિ એ જ આ યુગની હાકલ છે અને એ હાકલ તમારા કાન સુધી પહોંચાડવાની આડના પ્રસંગે મારી ફરજ છે. નીડર અને સ્વતંત્રતાપ્રિય વ્યક્તિ સ્વભાવિક રીતે જ ચારિત્ર્યશીલ હોય છે એવો મારો નમ્ર મત છે, કેમ કે ચારિત્ર્યશીલ વિના મનુષ્ય નીડર બની શકતો નથી.

પ્રસંગ મળ્યો હોવાથી સંસ્થાના સૂત્રધારોને પણ એક સૂચના કરવા ઇચ્છા થઈ આવે છે. જે વસ્તુ હું કહેવા ઇચ્છું છું તે ટીકારૂપે નહિ જ, પણ સૂચનારૂપે લેવાશે એવી મને શ્રદ્ધા છે. આટલી મોટી છતાં આ સંસ્થામાં કન્યાકેળવણી માટે સગવડ નથી એ જોઈને મને ખેદ થાય છે. બંને અંગોની એકસરખી ગતિ વિના આપણી પ્રગતિ નથી. હવે એ વાત લગભગ કહેવત જેવી થઈ ગઈ છે.

પાટીદાર કોમમાં કન્યાકેળવણીની જેટલી મને અગત્ય લાગે છે તેથી વધુ બીજી કોમમાં તેની અગત્ય નથી એમ સહેજ પણ અતિશયોક્તિ વિના હું કહી શકું. સહશિક્ષણનો અખતરો નાના પાયા ઉપર હું અમારી શાળામાં કરી રહ્યો છું અને તેનાં પરિણામોથી મને સંતોષ છે. એ વસ્તુની ભલામણ આ સંસ્થાના સંચાલકોને કરવાની મારી ઇચ્છાને હું રોકી શકતો નથી. સ્ત્રીકેળવણીની વ્યવસ્થા વગર આ સંસ્થા સુંદર છતાં આજે અધૂરી છે.

સ્નેહસંમેલનનો સૌથી વધારે રસિક પ્રસંગ તો છેલ્લે દિવસે સાંજે વિદ્યાર્થીઓના અરસપરસ પરિચય માટે ગોઠવવામાં આવેલી સભાનો હતો. આ પ્રસંગની મીઠાશ દરેક વિદ્યાર્થીને લાંબા સમય સુધી યાદ રહેશે.

આ પ્રસંગ માટે સંસ્થાના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી ચીજોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. સુથારી, વણાટ, સીવણ, ચિત્રકામ, કેટવર્ક, હસ્તલિખિત સામયિકો વગેરેના સુંદર નમૂનાઓ કલાત્મક દૃષ્ટિથી ગોઠવવામાં આવ્યા હતા. શિક્ષણવિષયક સાહિત્યનો વિભાગ ખાસ મહેનત લઈને તૈયાર કરવામાં આવ્યો હતો. દેશ, આપણી જ્ઞાતિ તથા સંસ્થા સંબધી દીવાલચિત્રો તૈયાર કરવામાં આવ્યાં હતાં. કેટવર્ક અને કેન્વાસ ઉપરનું ચિત્ર કામ ખૂબ પ્રશંસાને પામ્યું હતું.

બંને રાત્રે નાટ્ય, સંગીત વગેરેનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. સંસ્થાના જૂના અને નવા વિદ્યાર્થીઓના સહકારથી સંગીતનો કાર્યક્રમ સુંદર થયો હતો. નાટ્યમાં સ્ત્રીપાત્રો તરીકે કામ કરનાર વિદ્યાર્થીભાઈઓ ખાસ પ્રશંસાને પામ્યા હતા. અને તેઓને એક રૌપ્ય ચંદ્રક અને રોકડ ઇનામો મળ્યાં હતાં. સહમંત્રી શ્રી બાપુભાઈના નિવેદનમાંથી સંસ્થા અને જ્ઞાતિની પરિયોજના વિશે ઘણું જાણવાનું મળે તેમ છે. જ્ઞાતિનાં ઠરાવોના વિષયમાં રસ લેતા સર્વને એ વાંચી જવા ભલામણ છે.

**(સૌજન્ય :** ડૉ. મંગુભાઈ પટેલ. સામાજિક ક્રાંતિના પ્રણેતા છગનભા. અમદાવાદ : પાટીદાર હિતવર્ધક ટ્રસ્ટ, ૨૦૦૮, પૃ. ૨૦૭-૨૧૩)

●

## અમેરિકાની ફેડરલ સુપ્રીમ કૉર્ટનાં પ્રથમ મહિલા ન્યાયમૂર્તિ

# સાન્ડ્રા ડે ઑ'કોનોર (Sandra Day O' connor)

શરદભાઈ પી. શાહ

સને ૧૯૮૧થી ૨૦૦૬ સુધી અમેરિકાની સુપ્રીમ કૉર્ટમાં ન્યાયમૂર્તિ તરીકે સેવા આપનાર સાન્ડ્રા ડે ઓ' કોનોર પ્રથમ મહિલા ન્યાયમૂર્તિ છે. ૨૬મી માર્ચ, ૧૯૩૦ના રોજ EL Paso, Texasમાં તેમનો જન્મ થયો. ૫૧ વર્ષની ઉંમરે સુપ્રીમ કૉર્ટનાં ન્યાયમૂર્તિ બન્યાં. તેમણે ૨૫ વર્ષ સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે કામગીરી કરી. નિવૃત્તિ પછી પણ વર્ષો સુધી કાર્યરત રહ્યાં. અત્યારે ૯૩ વર્ષની ઉંમરે સંપૂર્ણ નિવૃત્ત જીવન ગાળી રહ્યાં છે. તેમનું જીવન અને કાર્ય સૌના માટે અને ખાસ કરીને મહિલાઓ માટે ખૂબ જ પ્રેરણાદાયી છે. આ નાનકડા લેખમાં તેમનાં બાળપણ, અભ્યાસ, વકીલાત, કુટુંબજીવન, રાજકારણ અને ન્યાયમૂર્તિ તરીકેની કામગીરી, ઉપરાંત તેમનાં વિશ્વ પરિભ્રમણ અને વિચારો વિશે પણ જાણીશું.

### બાળપણ અને અભ્યાસ

સાન્ડ્રાના પિતા હેરી આલ્ફ્રેડ ડે ખૂબ જ મોટા ખેડૂત હતા. તેમનું ફાર્મ એરીઝોનામાં હતું અને તે ૧,૯૮,૦૦૦ એકરમાં પથરાયેલું હતું. આ ફાર્મમાં સાન્ડ્રાનું બાળપણ વીત્યું. આ ફાર્મથી ૯ માઈલના અંતરે પાકો રસ્તો આવેલો હતો. ફાર્મમાં આવેલ ઘરમાં લાઇટ પણ નહોતી અને પાણીના નળ પણ નહોતા. સાન્ડ્રાનું બાળપણ પ્રકૃતિના સાંનિધ્યમાં બે નાનાં ભાઈબહેન સાથે વીત્યું. ભાઈ તેનાથી ૮ વર્ષ નાનો હતો, બહેન તેનાથી ૧૦ વર્ષ નાની હતી. તે બંનેની સાન્ડ્રાએ મોટીબેન તરીકે કાળજી લીધી. જ્યારે સ્કૂલ ચાલુ હોય ત્યારે સાન્ડ્રા તેના મોસાળ EL Paso, Texasમાં નાનીમા પાસે રહેતી. રજાઓમાં અને વૅકેશનમાં તે ફાર્મહાઉસમાં આવતી. આ પ્રમાણે સાતમા ધોરણ સુધી અભ્યાસ કર્યો, ૮મા ધોરણમાં આવી ત્યારથી તે ફાર્મહાઉસમાં રહેવા લાગી અને રોજ ૩૨ માઈલની મુસાફરી બસમાં કરીને સ્કૂલમાં જતી. તે અભ્યાસમાં તેજસ્વી હતી. ૧૬ વર્ષની ઉંમરે તેણે સ્કૂલનો અભ્યાસ પૂરો કર્યો.

ત્યાર પછી તે સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં દાખલ થઈ. આ યુનિવર્સિટી દુનિયાની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓ પૈકીની એક છે. સાન્ડ્રાને અભ્યાસની અને વિકાસની પૂરતી તક મળી. સાન્ડ્રા સને ૧૯૫૦માં બી.એ. (ઇકોનોમિક્સ) થઈ અને લૉના અભ્યાસમાં જોડાઈ. ૧૯૫૨માં તેણીએ એલએલ.બી.ની ડિગ્રી પ્રાપ્ત કરી. એલએલ.બી.માં અભ્યાસ કરતી હતી ત્યારે સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં 'સ્ટેનફર્ડ લૉ રિવ્યુ' નામનું મૅગેઝિન બહાર પડતું હતું. તેના એડિટર ઇન ચીફ વિલિયમ રહેનક્વિસ્ટ હતા. જે તેનાથી અભ્યાસમાં એક વર્ષ આગળ હતા. તેમની સાથે સાન્ડ્રાએ 'સ્ટેનફર્ડ લૉ રિવ્યુ' માટે કામ કર્યું. બંને વચ્ચે મિત્રતા પણ થઈ, પરંતુ ૧૯૫૧માં અભ્યાસ પૂરો કરી વિલિયમ રહેનક્વિસ્ટ વૉશિંગ્ટન ગયા. ત્યાંથી તેમણે સાન્ડ્રાને લગ્ન માટે પ્રસ્તાવ મૂક્યો. સાન્ડ્રા તે વખતે તેના ભાવિ પતિ જ્હૉન ઓ'કોનોરના પરિચયમાં હતી. તેણીએ વિલિયમ રહેનક્વિસ્ટના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો. સાન્ડ્રા અને જ્હૉન ઓ'કોનોરનાં લગ્ન ૨૦ ડિસેમ્બર ૧૯૫૨ના રોજ તેમનાં ફાર્મહાઉસમાં થયાં.

સાન્ડ્રા ઑ'કોનોર અને વિલિયમ રહેનક્વિસ્ટ બંનેએ સુપ્રીમ કૉર્ટમાં વર્ષો સુધી સાથે કામ કર્યું. વિલિયમ રહેનક્વિસ્ટ સને ૧૯૭૨માં સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમાયા. તે પછી ૧૯૮૬માં ચીફ જસ્ટિસ બન્યા. સને ૨૦૦૫માં તેમનું અવસાન થયું ત્યાં સુધી ચીફ જસ્ટિસ તરીકે કાર્યરત રહ્યા. સાન્ડ્રા ઑ'કોનોર સને ૧૯૮૧માં સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ નિમાયાં ત્યારથી ૨૦૦૬ સુધી કાર્યરત રહ્યાં. આમ વિલિયમ રહેનક્વિસ્ટ અને સાન્ડ્રા કોનોરે ૧૯૮૧થી ૨૦૦૫ સુધી સુપ્રીમ કૉર્ટમાં સાથે રહી કામગીરી કરી.

### અભ્યાસ પછી શરૂઆતની કારકિર્દી

૧૯૫૨માં કાયદાનો અભ્યાસ પૂરો કર્યા બાદ સાન્ડ્રાની ઇચ્છા નોકરી કરવાની હતી, પરંતુ તે વખતે સ્ત્રીઓને પગાર સાથે એટર્ની તરીકેનાં કામ માટે નોકરી મળતી નહોતી. તેથી તેણીએ સાન મેરીઓ, કેલિફોર્નિયામાં

ડેપ્યુટી કાઉન્ટી એટર્ની તરીકે માનદ્ સેવાઓ આપવાનું સ્વીકાર્યું. તેણીને સ્વતંત્ર ઑફિસ પણ ન મળી. સેક્રેટરીની ઑફિસમાં તેણીની બેઠક ગોઠવવામાં આવી. થોડા સમય બાદ તેણીને પગાર આપવાનું શરૂ થયું. તેણીને સાન મેરીઓના ડિસ્ટ્રિક્ટ એટર્ની સાથે કામ કરવાનું મળ્યું.

થોડા સમય બાદ સાન્ડ્રાના પતિ જ્હૉનને જર્મનીમાં લશ્કરમાં નોકરી મળી. સાન્ડ્રાએ જર્મની જવાનું નક્કી કર્યું. ત્યાં તેણીને સિવિલિયન એટર્ની તરીકેની કામગીરી મળી. બંને જણાં ત્યાં ત્રણ વર્ષ રહ્યાં. આ એક નવો અને સારો અનુભવ હતો.

જર્મનીથી આવ્યા બાદ બંનેએ એરિઝોનામાં મેરી કોપા કાઉન્ટિમાં સ્થાયી થવાનું નક્કી કર્યું. તેમણે વકીલાત ચાલુ કરી. વકીલાતના શરૂઆતના વર્ષોમાં જ ત્રણ પુત્રોનો જન્મ થયો. ૧૯૫૮માં સ્કોટ, ૧૯૬૦માં જય અને ૧૯૬૨માં બ્રીઆનનો જન્મ થયો. સાન્ડ્રાએ પાંચ વર્ષ વકીલાત બંધ કરી, પરંતુ તે દરમિયાન રાજકીય પ્રવૃત્તિઓ ચાલુ રાખી. કેટલાંક રાજકીય સંગઠનો સાથે જોડાણ રાખ્યું અને રાજકારણમાં સક્રિય બન્યાં.

ત્યાર બાદ તેમણે વકીલાતનું કામ ૧૯૬૫થી શરૂ કર્યું. વધુ રસ વકીલાતમાં હતો, પરંતુ રાજકારણ પણ છોડવું નહોતું. ૧૯૬૫થી ૧૯૬૯ દરમિયાન આસિ. એટર્ની જનરલ ઑફ એરિઝોના તરીકે કામગીરી કરી. ૧૯૬૯માં એરિઝોના સેનેટમાં તેમની સેનેટર તરીકે નિમણૂક થઈ. બીજા વર્ષે ચૂંટણી આવતાં તે ચૂંટણી લડ્યાં અને સેનેટર તરીકે ચૂંટાયાં. ૧૯૭૩માં તેમણે મેજોરિટી લીડર તરીકેની કામગીરી પણ સંભાળી. કોઈ પણ રાજ્યમાં કોઈ પણ મહિલાએ આ પહેલાં આ પ્રકારની કામગીરી સંભાળી નહોતી. બે ટર્મ સેનેટની કામગીરી સંભાળ્યા બાદ તેમણે નક્કી કર્યું કે વકીલાતના ક્ષેત્રમાં જ સંપૂર્ણ ધ્યાન આપવું છે. તેથી તે સેનેટની જવાબદારીમાંથી મુક્ત થયાં.

સને ૧૯૭૪માં સાન્ડ્રા ઑ'કોનોરને મેરીકોમા કાઉન્ટી સુપિરિયર કૉર્ટમાં ન્યાયાધીશ તરીકે નિમણૂક મળી. ત્યાં તેમણે ૧૯૭૯ સુધી કામ કર્યું. પછી તેમને બઢતી મળી. ને એરિઝોના સ્ટેટ કૉર્ટ ઑફ અપીલ્સમાં નિમાયાં. આ ગૌરવભર્યું સ્થાન હતું. તેમણે તેમાં સુંદર કામગીરી કરી, પરિમામે સૌના ધ્યાનમાં તે આવ્યાં. માત્ર બે વર્ષની કામગીરી કૉર્ટ ઑફ અપીલ્સમાં કરી હોવા છતાં તેમની સમગ્ર કારકિર્દી ધ્યાનમાં લઈ પ્રેસિડન્ટ રોનાલ્ડ રીગને સને ૧૯૮૧માં તેમને અમેરિકાની સુપ્રીમ કૉર્ટ માટે નોમિનેટ કર્યાં.

**નોમિનેશન અને સેનેટની માન્યતા**

સને ૧૯૮૦માં રોનાલ્ડ રીગને ચૂંટણી પ્રચારમાં જાહેર કરેલું કે તક મળશે તો તેઓ સુપ્રીમ કૉર્ટમાં મહિલાને નોમિનેટ કરશે. ૧૯૮૧માં જસ્ટિસ પોટર સ્ટુઅર્ટ નિવૃત્ત થયા. તેથી ૭ જુલાઈ, ૧૯૮૧ના રોજ પ્રેસિડન્ટ રોનાલ્ડ રીગને જાહેર કર્યું કે તેઓ સાન્ડ્રા ડે ઑ' કોનોરને સુપ્રીમ કૉર્ટના જજ તરીકે નોમિનેટ કરે છે. આ જાહેરાતના મિશ્ર પ્રત્યાઘાત પડ્યા. કેટલાક વર્ગે આનો વિરોધ પણ કર્યો.

નોમિનેશન બાદ સપ્ટેમ્બર, ૧૯૮૧માં સેનેટરની જ્યુડીશિયરી કમિટી સમક્ષ નિમણૂક અંગે સુનાવણી થઈ. સુપ્રીમ કૉર્ટના જસ્ટિસ માટેનું કમિટી સમક્ષનું હિયરિંગ પહેલી વખત ટેલિવિઝન પર ટેલિકાસ્ટ થયું. ત્રણ દિવસ કન્ફર્મેશન હિયરિંગ ચાલ્યું. પ્રશ્નોત્તરી થઈ. સાન્ડ્રા ઑ' કોનોરે તેનાં જવાબો આપ્યાં. સુનાવણીના અંતે જ્યુડીશિયરી કમિટીએ તેમનું નોમિનેશન મંજૂર રાખ્યું. તે પછી તે સેનેટની મંજૂરી માટે મુકાયું. હાજર ૯૯ સભ્યોમાંથી એક પણ વિરોધનો મત પડ્યો નહીં. તમામ સભ્યોએ મંજૂરીની મહોર મારી. આ રીતે સાન્ડ્રા ઑ' કોનોર અમેરિકાની ફેડરલ સુપ્રીમ કૉર્ટનાં પ્રથમ મહિલા ન્યાયમૂર્તિ બન્યાં.

મહદંશે દેશભરમાં તેને વ્યાપક આવકાર મળ્યો. મહિલા હોવાના નાતે કેટલાક વિરોધી સૂર પણ ઊઠ્યા, પરંતુ હજારો લોકોએ અભિનંદનના પત્રો પાઠવ્યા. નિમણૂકના પ્રથમ વર્ષમાં ૬૦,૦૦૦ જેટલા પત્રો મળ્યા. સુપ્રીમ કૉર્ટના ઇતિહાસમાં કોઈ ન્યાયમૂર્તિને નિમણૂકના પ્રથમ વર્ષમાં આટલા પત્રો મળ્યા નહોતા.

જોકે પ્રશંસાના પત્રો વચ્ચે આકરી ટીકા કરતા પત્રો પણ મળ્યા હતા. આપણે પ્રશંસાના પત્રો જોઈશું નહીં, પરંતુ એક પત્ર ટીકાના સ્વરૂપનો કે નારાજગીના સ્વરૂપનો જોઈશું. જે તે વખતના કેટલાક વર્ગના અમેરિકન માનસનું દર્શન કરાવે છે.

સાન્ડ્રા ઑ' કોનોરે તેમના પુસ્તક The Majesty of the Lawમાં તેમને મળેલ પોસ્ટકાર્ડની વિગત આપી છે. જે નીચે મુજબ છે.

Woman
Indge Elect O'Connor
c\o White House
Washington D. C.

Back to your kitchen and home female! This is a job for a man and only he can make the rough decisions. Take care of your grand-children and husband.

Senior Citizen

જોકે સાન્ડ્રા ઑ'કોનોર લખે છે કે પત્રો ઉપરાંત વ્યક્તિગત રીતે હજારો પુરુષો અને સ્ત્રીઓએ તેમની નિમણૂક અંગે આનંદ અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતા. તે જણાવે છે કે પ્રશંસાના પત્રો અને ટીકાના પત્રો, બંનેએ, મને મારી કામગીરી સુંદર રીતે અને ઉદાહરણીય બનાવવા સખત મહેનત કરવાની પ્રેરણા આપી છે.

**અમેરિકાની સુપ્રીમ કૉર્ટ**

સાન્ડ્રા ઑ'કોનોરે સને ૧૯૮૧થી ૨૦૦૬ સુધી ફેડરલ સુપ્રીમ કૉર્ટમાં કાર્ય કર્યું તેની વિગત જોઈએ તે પહેલાં અમેરિકાની ફેડરલ સુપ્રીમ કૉર્ટની વિગત ટૂંકાણમાં જોઈએ :

અમેરિકામાં ૨૪ સપ્ટેમ્બર, ૧૭૮૯ના રોજ ધી જ્યુડીશિયરી ઍક્ટ પસાર થયો. તેમાં જણાવવામાં આવ્યું કે અમેરિકાની સુપ્રીમ કૉર્ટમાં ન્યાયમૂર્તિઓની સંખ્યા ૬ (છ) રહેશે. સુપ્રીમ કૉર્ટની રચના થઈ. શરૂઆતના વર્ષોમાં તકલીફો આવી. ઘણા ઓછા કેસોનો નિકાલ થતો. પ્રજામાં અસંતોષ પણ હતો, પરંતુ ૧૮૦૧માં સુપ્રીમ કૉર્ટમાં ચીફ જસ્ટિસ તરીકે જ્હૉન માર્શલ નિમાયા. તેમણે ૧૮૩૫ સુધી ચીફ જસ્ટિસ તરીકે કામગીરી સંભાળી. તેમણે સુપ્રીમકોર્ટને સ્થિર અને મજબૂત કરી. તેમની કૉર્ટે બંધારણ અંગે ખૂબ જ મહત્ત્વના ચુકાદાઓ આપ્યા. ૧૮૩૫માં ચીફ જસ્ટિસ માર્શલનું અવસાન થયું ત્યારે સુપ્રીમ કૉર્ટની પ્રતિષ્ઠા ઘણી હતી. ત્યાર પછીના લગભગ બે સૈકામાં પણ સુપ્રીમકોર્ટની પ્રતિષ્ઠા વધતી રહી છે અને તે માટે ઘણા ન્યાયમૂર્તિઓની સુંદર કામગીરીને સાન્ડ્રા કોનોર વધાવે છે.

સને ૧૯૨૧થી ૧૯૩૦ દરમિયાન સુપ્રીમ કૉર્ટના ચીફ જસ્ટિસ તરીકે વિલિયમ હોવાર્ડ ટાફ્ટે સેવાઓ આપી હતી. નોંધપાત્ર બાબત એ છે કે તેઓ સને ૧૯૦૯થી ૧૯૧૩ દરમિયાન અમેરિકાના પ્રેસિડન્ટ હતા. પ્રેસિડન્ટ બન્યા પછી ચીફ જસ્ટિસ બન્યા હોય તેવો દાખલો ભાગ્યે જ જોવા મળે. તેમણે ૨૦મી સદીના ન્યાયતંત્રને ધ્યાનમાં લઈ ઘણાં સુધારા કર્યા. ચીફ જસ્ટિસ માર્શલ અને ચીફ જસ્ટિસ ટાફ્ટના કાર્યકાળ દરમિયાનની એક બાબત નોંધપાત્ર છે. બંનેના સમયમાં લગભગ બધા જ ચુકાદા સર્વસંમતિથી આપવામાં આવ્યા, બહુમતીથી નહીં.

એસોસિયેટ જસ્ટિસ ઓલિવર વેન્ડાલ હોમ્સનો ફાળો પણ નોંધપાત્ર છે. તેમણે સને ૧૯૦૨થી ૧૯૩૨ સુધી તેમની સેવાઓ આપી. આ ઉપરાંત જસ્ટિસ પુરગુડ માર્શલ (૧૯૬૭થી ૧૯૯૧) ચીફ જસ્ટિસ વોરન બર્ગર (૧૯૬૯થી ૧૯૮૬), જસ્ટિસ લુઈસ પોવેલ (૧૯૭૨થી ૧૯૮૭)ની કામગીરી પણ અદ્વિતીય રહી. સાન્ડ્રા ડે ઑ' કોનોરે પણ ૧૯૮૧થી ૨૦૦૬ સુધી સુંદર કામગીરી કરી. આ અને અન્ય ઘણાં ન્યાયમૂર્તિઓની નિષ્ઠાભરી કામગીરીને કારણે અમેરિકાની ફેડરલ સુપ્રીમ કૉર્ટની ઘણી ઊંચી પ્રતિષ્ઠા છે.

સુપ્રીમ કોર્ટ શરૂ થઈ ત્યારે ૬ ન્યાયમૂર્તિઓ હતા. પછી વધઘટ થતી રહી, પરંતુ સને ૧૮૬૯થી ૯ ન્યાયમૂર્તિઓ જ કાર્યરત છે. તમામ ન્યાયમૂર્તિઓની બેચ બને છે અને ચુકાદો બૅચ દ્વારા અપાય છે. ૧૯૯૧થી લગભગ ૪૦% ચુકાદાઓ સર્વસંમતિથી અપાય છે. બાકીના ચુકાદા બહુમતી ચુકાદા હોય છે.

સુપ્રીમ કોર્ટની વિચારણા માટે દર વર્ષે ૭૦૦૦ જેટલી અરજીઓ આવે છે. તેમાંથી કાયદાના મહત્ત્વના પ્રશ્નો અને વ્યાપક અસર કરતી બાબતો ધ્યાનમાં લઈ ૧૦૦ જેટલી અરજીઓ ઑરલ આરગ્યુમેન્ટ માટે પસંદ કરવામાં આવે છે. ૯ ન્યાયાધીશોની બૅચ તે અંગે મૌખિક દલીલો સાંભળે છે. પછી વાંચતા-સંશોધન અને અરસપરસ ચર્ચા-વિચારણા થાય છે. તે પછી નિર્ણય લેવાય છે. નિર્ણય સર્વાનુમતે અગર તો બહુમતીથી લેવાય છે. કોણ ચુકાદો લખશે તે નક્કી થાય છે. ઘણી વાર બે કે વધુ ન્યાયમૂર્તિ ચુકાદા લખે છે. સુપ્રીમ કોર્ટમાં એ રીતે કામનો ભરાવો રહેતો નથી અને એક વર્ષમાં કામનો નિકાલ આવે છે.

સુપ્રીમ કોર્ટમાં સાન્ડ્રા ઓ'કોનોર પ્રથમ મહિલા ન્યાયમૂર્તિ હતાં. તે પછી ૧૨ વર્ષે બીજાં મહિલા ન્યાયમૂર્તિ નિમાયાં. અત્યારે ૯માંથી ૪ ન્યાયમૂર્તિઓ મહિલા ન્યાયમૂર્તિ છે.

ભારતમાં સુપ્રીમ કોર્ટમાં ન્યાયમૂર્તિ ૬૫ વર્ષની ઉંમરે નિવૃત્ત થાય છે, તેથી ખૂબ લાંબો સમય તે સુપ્રીમ કોર્ટમાં ન્યાયમૂર્તિ તરીકે કાર્યરત રહેતા નથી. જ્યારે અમેરિકામાં મૃત્યુપર્યંત અગર પોતે નિવૃત્ત ન થાય ત્યાં સુધી ન્યાયમૂર્તિ સેવા આપે છે, તેથી ઘણો લાંબો સમય સેવા આપ્યાના ઘણાં

ઉદાહરણો છે. જસ્ટિસ વિલિયમ ઓ. ડગ્લાસે ૩૬ વર્ષ ૨૦૯ દિવસ સેવાઓ આપી હતી. જ્યારે ચીફ જસ્ટિસ જ્હોન માર્શલે ૩૪ વર્ષ ૧૫૨ દિવસ પોતાની સેવાઓ આપી હતી.

**સાન્ડ્રા ડે ઓ'કોનોરની સુપ્રીમ કોર્ટમાં કામગીરી**

સાન્ડ્રા ઓ'કોનોર જ્યારે સુપ્રીમ કોર્ટમાં નિમાયાં ત્યારે તે પ્રથમ મહિલા ન્યાયમૂર્તિ હતાં. ડિસ્ટ્રિક્ટ કોર્ટોમાં પણ ઘણી ઓછી સંખ્યામાં મહિલા ન્યાયમૂર્તિ હતા. સાન્ડ્રા ઓ' કોનોર માનતાં કે તેમણે તેમની જવાબદારી વધારે મહેનત અને નિષ્ઠાથી નિભાવવી જોઈએ. જેથી મહિલા ન્યાયમૂર્તિ પણ પુરુષ ન્યાયમૂર્તિની જેમ સારું કામ કરી શકે છે તે દર્શાવી શકાય. તેમણે તે દૃષ્ટિથી તેમની કામગીરી સંભાળી. તેમણે બધા ન્યાયમૂર્તિઓના સારા ગુણો ગ્રહણ કરવાનો પ્રયત્ન કર્યો.

૮ પુરુષ ન્યાયમૂર્તિઓ સાથે એકમાત્ર મહિલા ન્યાયમૂર્તિ તરીકે કાર્ય કરવું સરળ નહોતું, પરંતુ તેમણે તે કાર્ય કુશળતાપૂર્વક નિભાવ્યું. બીજાં મહિલા ન્યાયમૂર્તિ ૧૨ વર્ષ બાદ નિમાયાં. સાન્ડ્રા માનતાં કે કૉલેજિયમમાં એકસૂત્રતા હોવી જોઈએ અને બધાંએ લંચ સાથે લેવું જોઈએ. તે પ્રમાણે બધાં સાથે લંચ લેવા લાગ્યાં.

સાન્ડ્રા તેમની વિચારસરણીમાં Moderate Conservative હતાં, પરંતુ ઘણી વખત Liberal મેમ્બર્સને પણ સાથ આપતાં હતાં. તેમણે બહુમતિ અભિપ્રાયમાં ઘણાં Concurring અભિપ્રાયો પણ લખ્યા. ખૂબ જાણીતા કેસો Grutter V. Bollinger, Bush V. Gore, અને Planned Parenthood V. Caseyના કેસોમાં તેમણે મેજોરિટી ઓપનિયન લખ્યા કે તેમાં સહ-લેખિકા રહ્યાં.

સાન્ડ્રા કોનોરની સુપ્રીમ કોર્ટની શરૂઆતની કારકિર્દીમાં તે conservative વિલિયમ રહેનક્વિસ્ટના મત સાથે લગભગ સંમત થતાં. શરૂઆતના વર્ષોમાં તો લગભગ ૮૭% સહમતી રહેલી. પરંતુ પછીનાં વર્ષોમાં તેમનો અભિપ્રાય હંમેશાં conservative ન્યાયમૂર્તિઓ સાથે રહેતો નહીં. ઘણી વાર ૪-૪ ન્યાયાધીશો સામસામી બાજુ હોય ત્યારે સાન્ડ્રાનો મત નિર્ણાયક બનતો. આવી રીતે ૫ વિરુદ્ધ ૪ મતથી નિર્ણિત થયેલા કેટલાંક અગત્યના કેસો નીચે પ્રમાણે છે :

Lockyer V. Andrade
Zelman V. Simmons-Harris
United States V. Lopez
Bush V. Gore
Webster V. Reproductive Health Service
Missouri V. Jenkins

આ પૈકી Bush V. Goreના કેસમાં ૨૦૦૦ની સાલમાં પ્રમુખપદની ચૂંટણીમાં ફ્લોરિડામાં રિકાઉન્ટ કરવા અંગેનો મુદ્દો હતો. આ કેસના નિર્ણયના કારણે Goreની પ્રમુખ બનવાની આશાઓ છીનવાઈ ગઈ. ૪-૪ સરખા મત હતા, પરંતુ સાન્ડ્રાના મતને કારણે Bushને લાભ થયો.

૧૬ વર્ષના કાર્યકાળ દરમિયાન First Amendment, Fourth Amendment, Cases involving race, abortion and foreign Lawના ઘણા નિર્ણયો થયા. સાન્ડ્રા ઓ'કોનોરના ચુકાદાઓ વિદ્વત્તાપૂર્ણ હતા, જેને ન્યાયશાસ્ત્રીઓએ મહદંશે તે અંગે પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે, પરંતુ કેટલાક ચુકાદાઓ માટે ટીકાની ઝડી વરસાવી છે. એકંદરે તેમનું કામ પ્રશંસનીય રહ્યું.

**નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ**

૭૬ વર્ષ સતત કાર્યરત રહેનાર વ્યક્તિ નિવૃત્ત થયા પછી આરામદાયક જીવન જીવવાનું વિચારે, પરંતુ સાન્ડ્રા કોનોરે તો નિવૃત્તિ પછીનાં થોડાં વર્ષો તો ખૂબ જવાબદારીવાળા કાર્યો સંભાળ્યાં. તેમણે ૮૬ વર્ષની ઉંમર સુધી તો વિવિધ પ્રકારની કામગીરી કરી.

નિવૃત્તિ પછી એ કાર્યરત હતાં માટે તેમની ઑફિસ, એક લૉ ક્લાર્ક, પૂરો પગાર તેમને આપવામાં આવ્યાં. તેઓ ફેડરલ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં અને કોર્ટ ઑફ અપીલ્સમાં વિઝિટિંગ જજ તરીકે કેસોની સુનાવણી કરવા લાગ્યાં.

૨૦૦૫માં ઓ'કોનોર નેશનલ એકેડેમી ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશનના ઓનરરી ફેલો તરીકે નિમાયાં. તેમજ વિલિયમ ઍન્ડ મેરી કૉલેજના ચાન્સેલર તરીકે નિમાયાં, જે જવાબદારી તેમણે ૨૦૧૨ સુધી નીભાવી હતી. ૨૦૦૬માં તે રોકફેલર ફાઉન્ડેશનમાં ટ્રસ્ટી તરીકે નિમાયાં. ૨૦૦૬થી તેમણે અધ્યાપનની કામગીરી પણ શરૂ કરી. યુનિવર્સિટી ઑફ એરિઝોનામાં લૉ કૉલેજમાં અધ્યાપન કાર્ય કર્યું અને બે અઠવાડિયાના **'ધી સુપ્રીમ કોર્ટ'** એ નામના કૉર્સનું પણ સંચાલન કર્યું. ૨૦૦૬થી જ તેમણે વિવિધ સ્થળોએ કાયદા અંગેનાં પ્રવચનો પણ આપ્યાં. તેમણે અમેરિકન ફિલોસૉફિકલ સોસાયટી અને અમેરિકન એકેડેમી ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સના સભ્ય તરીકે પણ કામગીરી કરી. તેમણે સંખ્યાબંધ ટેલિવિઝન શૉમાં પણ

ભાગ લીધો. તેમણે ફિલાડેલ્ફિયાના નેશનલ કૉન્સ્ટિટ્યૂશન સેન્ટરમાં બોર્ડ ઑફ ટ્રસ્ટીઝ તરીકે સેવાઓ આપી હતી.

આ ઉપરાંત તેમણે Non Profit સંસ્થા 'સાન્ડ્રા ડે ઓ' કોનોર ઇન્સ્ટિટ્યૂટ'ની સ્થાપના કરી અને તે દ્વારા સેવાના કાર્યો કર્યાં. તેમણે લેખન કાર્ય પણ ચાલુ રાખ્યું. **'The Majesty of the Law'** તેમનું જાણીતું પુસ્તક છે.

### મુશ્કેલીઓનો હિંમતથી સામનો

સાન્ડ્રા ઓ' કોનોરનું જીવન મહદંશે મુશ્કેલી અને તકલીફ વિના આનંદમાં વીત્યું. વાચન અને લેખનના શોખ ઉપરાંત તે Busy Scheduleમાંથી પણ ટેનિસ અને ગોલ્ફ રમવા માટે સમય કાઢી લેતાં, પરંતુ નિવૃત્તિ પહેલાં અને પછી શારીરિક તકલીફોનો સામનો કરવાનો આવ્યો.

સને ૧૯૮૮માં સાન્ડ્રાને બ્રેસ્ટ કેન્સર થયેલું ત્યારે તે સુપ્રીમ કોર્ટમાં ન્યાયમૂર્તિ હતાં. તેમણે સર્જરી કરાવી અને ચિંતામુક્ત થયાં. તે જ વર્ષે એપેન્ડિક્સનું ઑપરેશન પણ કરાવવું પડ્યું, તે પછી તેઓ સ્વસ્થતાપૂર્વક કામગીરી કરતાં હતાં, પરંતુ ૧૯૮૯થી તેમના પતિ જ્હોન ઓ' કોનોરને Alzeimerની બીમારીની શરૂઆત થઈ, ધીરે ધીરે અસર વધતી ગઈ. સાન્ડ્રાએ તેમની ખૂબ કાળજી લીધી હતી, પરંતુ જ્હોનનું ૨૦૦૯માં અવસાન થયું. સાન્ડ્રાએ ૨૦૦૫માં નિવૃત્તિ લીધી તેનું એક કારણ તે તેમના પતિ સાથે વધુ સમય ગાળવા ઇચ્છતાં હતાં. સાન્ડ્રા વધતી ઉંમર છતાં કાર્યરત રહ્યાં, પરંતુ ૨૦૧૫ બાદ તે ઘણી વસ્તુ ભૂલવા લાગ્યા. અને તેમને પણ Alzeimerની અસર થઈ. તેથી ૨૦૧૮માં તેમણે તમામ કાર્યોમાંથી સંપૂર્ણ નિવૃત્તિની જાહેરાત કરી.

## સન્માન

સાન્ડ્રા ડે ઓ' કોનોરને જીવનભર ઘણાં સન્માન પ્રાપ્ત થયાં. ઘણી સંસ્થાઓએ તેમનું સન્માન કર્યું. મુખ્ય ત્રણ સન્માન નીચે પ્રમાણે છે.

(1) 17 નવેમ્બર, 2005ના રોજ એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીમાં લૉ કૉલેજનું નામાભિધાન સાન્ડ્રા ડે ઓ' કોનોર લૉ કૉલેજ રાખવામાં આવ્યું.

(2) 12, ઑગસ્ટ, 2009ના રોજ પ્રેસિડન્ટ બેરેક ઓબામાએ U. S. Presidential Medal of Freedom એનાયત કર્યો.

(3) 18 નવેમ્બર, 2009ના રોજ The Lincoln's Forum's Rechard Nelson Current Award of Achievement પ્રાપ્ત થયો.

### સાન્ડ્રા ઓ' કોનોરના વિચારો

- one of the strongest pillars of democracy is, I believe, the development of educated citizenary
- Democratic reform also requires a strong judicial system in which wrongdoers, no matter however influential, are punished, and victims, no matter how powerless, gain relief.
- Attaining a good legal system is not easy. Corruption, racial and ethnic prejudice, disparity in legal representation, administrative delay, and process failure hinder even the noblest efforts to achieve results
- A nation's success or failure in achieving democracy is judged in part by how well it responds to those at the bottom and the margins of social order.
- Freedom and equality are not achieved overnight. Democracy takes works and time and constant effort. Liberty requires us to place ourselves in another's shoes, to see that things may not be as fair or as equitable as they appear from our vantage points. Justice compels us to understand the rage, to feel the pain, to respond to the cries. Although it is easy to become impatient and disheartened by process failure and social discord, we must all take the long view of democratic change.

### સન્માન

સાન્ડ્રા ઓ'કોનોર ૯૦ વર્ષની ઉંમર સુધી કાર્યરત જીવન જીવ્યાં. તેમનું જીવન સૌને માટે અને ખાસ કરીને સ્ત્રીઓ માટે પ્રેરણારૂપ બન્યું. આજે અમેરિકાની સુપ્રીમ કોર્ટમાં ૪ સ્ત્રીઓ ન્યાયમૂર્તિ તરીકે સેવાઓ આપે છે. ઘણી સ્ત્રીઓ કાયદાના ક્ષેત્રમાં સેવાઓ આપે છે. સાન્ડ્રા કોનોરની પ્રેરણાને એ આભારી છે. વિવિધ ક્ષેત્રમાં અને ખાસ કરીને ન્યાય સેવામાં અને સામાજિક સેવામાં તેમનું યોગદાન લાંબા સમય સુધી યાદગાર રહેશે.

**શરદ પી. શષહ**
એડવોકેટ, મહેસાણા
મો. ૯૪૨૯૭ ૩૬૩૬૫

# ભારતની ગ્રંથાલય પ્રવૃત્તિના પિતા
# ડૉ. એસ. આર. રંગનાથનની આત્મકથા

## 'A LIBRARIAN LOOKS BACK' : ગ્રંથાલયિત્વના દર્શનની આધારશિલા

મણિભાઈ પ્રજાપતિ

ભારતની ગ્રંથાલય પ્રવૃત્તિના પિતા ડૉ. શિયાલી રામામૃત રંગનાથન (૧૮૯૨-૧૯૭૨)ની મરણોત્તર પ્રકાશિત પ્રસ્તુત આત્મકથા **'A Librarian Looks Back'** = 'એક ગ્રંથાલયીનું વિહંગાવલોકન'ના પૂર્વાર્ધમાં પ્રાયઃ ૧૯૬૨ સુધીના કાર્યકાળની ઘટનાઓને જોકે અપવાદ તરીકે ૧૯૭૦ સુધીની ઘટનાઓના અલપ-ઝલપ ઉલ્લેખને બાદ કરતાં અને સામાન્યતઃ આત્મકથામાં ન જોવા મળતો એવો એક ભાગ અહીં [ઉત્તરાર્ધમાં] ડૉ. રંગનાથનના શિષ્યરત્ન અને ગ્રંથાલય વિજ્ઞાનના ભારતના એક પ્રબુદ્ધ પ્રોફેસર પી. એન. કૌલા (૧૯૨૪-૨૦૦૯) દ્વારા જોડવામાં આવ્યો છે. જેમાં પ્રો. કૌલાએ ડૉ. રંગનાથનના વ્યાપક પ્રદાનનું સઘન અધ્યયન કરીને - જાત રેડીને - યથાતથ માહિતી ઉજાગર કરી આપીને તેમના વ્યકિતત્વનું, પ્રાચીન ગુરુપરંપરાનું નિર્વહણ કરનાર એક તપસ્વી ગુરુનું આંતરદર્શન કરાવ્યું છે. આ સાથે જ એક મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે પ્રો. કૌલા, ડૉ. રંગનાથનના પ્રપત્તિભાવપૂર્વકના ગુણાનુરાગી શિષ્ય રહ્યા હોવાની સાથે એક યા બીજા સ્વરૂપે તેમની સાથે સતત જોડાયેલા રહ્યા હોવાથી તેમના દ્વારા વર્ણવાયેલ વાતો સત્યાન્વેષી હોવાની સાથે હૃદયસ્પર્શી અને આંખ ઊઘાડનાર બની રહે છે. ઉલ્લેખનીય છે કે અહીં ડૉ. રંગનાથને એક આત્મચરિત્રકાર તરીકે કેટલીક મર્યાદાઓને આધીન પોતાના વિશેની થોડીક જાણી-અજાણી વાતો સ્વયં કહી છે, પરંતુ આથી વિશેષ પ્રો. કૌલાએ એક ચરિત્રકાર તરીકે, પ્રત્યક્ષ દ્રષ્ટા અને સંશોધક તરીકે ઘણી વાતોનો ઘટસ્ફોટ ઉત્તરાર્ધમાં કરી આપ્યો છે, જે વિભૂતિમત વ્યકિત ડૉ. રંગનાથનને પામવા માટે - ઓળખવા માટે દસ્તાવેજી પુરાવા સમાન બની રહે છે. પ્રસ્તુત ગંથનું 'આમુખ' અને 'પ્રસ્તાવના' પ્રો. પી. એન. કૌલા અને સી. વી. સુબ્બારાવ દ્વારા સંયુકત રીતે લખવામાં આવ્યાં છે.

પ્રસ્તુત ગ્રંથનાં બધાં જ પ્રકરણો AA થી શરૂ કરી CP સુધીનાં કુલ ૫૦ પ્રકરણોમાં સમગ્ર વિષયવસ્તુ વર્ણિત કરવામાં આવ્યું છે. પરંતુ વિષયવસ્તુનું અધ્યયન કરતાં જોવા મળ્યું છે કે પ્રકરણ AA થી BS સુધીનાં કુલ ૩૬ પ્રકરણો (પૃ. ૧-૩૭૬) ડૉ. રંગનાથન કૃત છે ( ? ), જ્યારે બાકીનાં CA થી CP સુધીનાં ૧૪ પ્રકરણો (પૃ. ૩૭૭-૪૭૦) પ્રો. પી. એન. કૌલાના કર્તૃત્વવાળાં છે. આ વાસ્તવિક સ્થિતિને ધ્યાને લઈ આ લખનારે અભ્યાસની અનુકૂળતા ખાતર પ્રારંભનાં ૩૬ પ્રકરણોને પૂર્વાર્ધ અને પ્રો. કૌલાકૃત પ્રકરણોને ઉત્તરાર્ધ તરીકે ઓળખાવ્યાં છે.

પૂર્વાર્ધનાં પ્રકરણોમાં ગ્રંથાલયી તરીકેની વ્યવસાયિક કારકિર્દીના પ્રારંભિકકાળનું નિરૂપણ કરવામાં આવ્યું છે, જેમાં આ વ્યવસાયમાં પ્રવેશ પૂર્વે કૉલેજ અધ્યાપકીય કારકિર્દી પ્રતિ વિશેષ લગાવ હોવાના કારણે સૂચિત નવા વ્યવસાયમાં જોડાવા માટે ઉદાસિનતા, પરંતુ આ વ્યવસાય સ્વીકાર્યા બાદ આગવી કોઠાસૂઝ અને ભારે દિલચસ્પી સાથે કઠોર પરિશ્રમશીલ બની રહેતાં અવલ દરજ્જાની જ્ઞાનપ્રાપ્તિ, ભારે સફળતા અને માન- સન્માન પ્રાપ્ત કરનાર, અપ્રત્યાશિત સંઘર્ષોનો સામનો કરતાં કરતાં નિયમપાલનમાં દઢાગ્રહી બની રહી તેમાં બાંધછોડ કરવાના સ્થાને સ્વૈચ્છિક પદત્યાગ કરનાર ઉદાહરણ-સ્વરૂપ કર્મઠ વિદ્યાપુરુષનાં દર્શન થાય છે. અહીં આ આ સંબંધી ઘટનાઓની કાળક્રમાનુસાર પ્રસ્તુતિ કરવામાં આવી છે. ડૉ. રંગનાથન આર્ષદૃષ્ટા ગ્રંથાલય વૈજ્ઞાનિક હોવાની સાથે જ એક સિદ્ધહસ્ત લેખક તથા નિસર્ગદત્ત કુશળ અને પ્રભાવક સર્જક પણ હતા, જેની પ્રતીતિ પ્રસ્તુત આત્મકથામાં પ્રાપ્ત જીવંત અને ધારાપ્રવાહી પ્રસંગોપાત્તના અઢળક સંવાદો થકી સહજમાં થાય છે. આ સંવાદો તેના વાચકને સ્પર્શી જાય તેટલા હૃદયસ્પર્શી છે, જે આ આત્મકથાના રચનાવિધાનનું એક મોટું જમાપાસું બની રહેવાની સાથે ડૉ. રંગનાથનના પ્રકૃતિદત્ત સર્જકત્વના દ્યોતક બની રહે છે.

પ્રારંભનાં ૭ પ્રકરણો AA થી AG માં નિરુપિત

ઘટનાઓ વિગતે જોઈએ : ગણિતશાસ્ત્રના અધ્યાપનમાં વિશેષ રસ-રુચિ હોવાના કારણે યુનિવર્સિટી લાઇબ્રેરિયન માટે અરજી કરવાની નિયત મર્યાદાની અંતિમ તારીખે અને તે પણ સાથી અધ્યાપકોના પ્રેમાગ્રહને વશ થઈ અરજી કરવી, પસંદગી કરાવવા માટે પસંદગી સમિતિના સભ્યોને અગોતરા મળવા જવાની રીત-રસમનો વિરોધ કરવો, આમ છતાં મિત્રોનું માન જાળવવા ખાતર સંબંધિતોને મળવા જવું, પ્રેસિડેન્સી કૉલેજનો અધ્યાપક-ખંડ અને તેનું વાતાવરણ, માનવસહજ દ્વેષવૃત્તિ, સરકારી અધિકારીઓનું અધ્યાપકો પ્રતિ અને સવિશેષતઃ 'અગ્રહારો' પ્રતિ ઉપેક્ષિત વલણ વગેરે વિશે યથાતથ વિગતો વર્ણવી છે. ઇન્ટરવ્યૂ સમયે અપ્રસ્તુત પ્રશ્નોનો સામનો કરતાં ડૉ. રંગનાથન દ્વારા રોકડું જ પરખાવી દેવું : 'I thought that the selection of a person to an academic post was a matter of needing common sense and that barrister's would have common sense' (p.9). નોંધવું રહ્યું કે આ જગ્યા માટે ૯૦૦ ઉમેદવારો પૈકી પોતાના અભ્યાસ અને અધ્યાપન ક્ષેત્ર ગણિતશાસ્ત્રમાં યત્કિંચિત સંશોધન - લેખનકાર્ય અને પોતીકી ખુમારીના કારણે પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામ્યા હતા. તેમણે મદ્રાસ યુનિવર્સિટીના ગ્રંથપાલપદે જોડાતાં પૂર્વે લેટ ફી પેટે ચઢેલ ૨ રૂપિયા ૧૪ અનાનો દંડ જાતે જ ગ્રંથાલયમાં જઈ ચૂકવી દીધો હતો. પુત્રનાં લક્ષણ પારણામાં તેમ તેમણે પ્રારંભથી જ જાત ઘડતરની અને ગ્રંથાલય વ્યવસાયિકો માટેની અનેકવિધ આચારસંહિતાઓનું આચરણ થકી ઘડતર અને ચણતર કર્યું. અહીં પ્રારંભિક ૮ માસના કાર્યકાળ દરમિયાન સાથી કર્મચારીઓની ફરજ પ્રતિ આળસુ માનસિકતા, મૅટ્રિક પાસ એક કર્મચારી સિવાય બાકીના પટાવાળાસ્તરના કર્મચારીઓની ભરતી, અસ્તવ્યસ્ત વાચનસામગ્રી, ગ્રંથાલય વ્યવસ્થાપન માટે કોઈ સુનિયોજિત પદ્ધતિનો અભાવ, જાતિગત દ્વેષવૃત્તિ વગેરે બાબતોને આવરી લઈ તત્કાલીન પરિવેશની ફક્ત ૩૧ પૃષ્ઠોમાં સુરેખ પ્રસ્તુતિ કરી છે.

પરવર્તી ૪ પ્રકરણોમાં ગ્રંથાલય વિજ્ઞાનના ઔપચારિક શિક્ષણ માટે યુનિવર્સિટી દ્વારા રંગનાથનને ઇંગ્લૅન્ડ મોકલવાનું ઠરાવવામાં આવતાં ૭ સપ્ટેમ્બર, ૧૯૨૪ ના રોજ ઇંગ્લૅન્ડ ગમન, યુનિવર્સિટી કૉલેજ, લંડનની સ્કૂલ ઑફ લાઇબ્રેરિઅનશિપમાં પ્રવેશ, અભ્યાસક્રમ અને શિક્ષણપ્રણાલી, આ પૈકી કેટલાક વિષયોના અભ્યાસમાંથી ખાસ કેસ તરીકે મુકિત આપવી, ઔપચારિક શિક્ષણ મેળવ્યા બાદ છેલ્લે મદ્રાસ પરત થયા બાદ 'Honours Certificate' મેળવવું વગેરે વર્ણિત છે. અભ્યાસક્રમમાં છૂટ આપવા સંદર્ભે રંગનાથનનું ધારદાર અવલોકન 'This is the measure of resilience of the outlook of a British University, as against the non-human rigidity of an Indian University' (P.35) આપણા માટે આંખ ઉઘાડનાર બની રહે છે. જોકે, હવે નવી શિક્ષણ નીતિમાં આ પ્રકારની જોગવાઈઓ કરવામાં આવી છે. અહીંના અભ્યાસ દરમિયાન Berwick Sayers સાથે વિકસેલા ગાઢ સંબંધો, પ્રશિક્ષણ પ્રણાલીની મર્યાદાઓ, ઉપલબ્ધ સંબંધિત સાહિત્યનું વાંચન અને ખાસ તો ઔપચારિક પ્રશિક્ષણ મેળવવા ઉપરાંત અનૌપચારિક અને વ્યવહારિક શિક્ષણ હેતુ એપ્રેન્ટિસશિપ કરવી, વિવિધ પરિસંવાદોમાં સક્રિય ઉપસ્થિતિ, ઈસલિંગ્ટન, ગ્લાસગો, બર્મિંગહામ, કેમ્બ્રિજ, એડિનબર્ગ વગેરેનાં વિવિધ પ્રકારનાં ગ્રંથાલયોની મુલાકાત અને કાર્યપ્રણાલીનું પ્રત્યક્ષ નિરીક્ષણ અને પ્રશ્નોત્તરી વગેરે થકી પોતે પ્રાપ્તતકનો અર્થસભર ઉપયોગ કર્યો તેની વિગતો ધ્યાનાર્હ બની રહે છે. અને આ સાથે જ તત્કાલીન સમયે ઇંગ્લૅન્ડમાં ભારતીયો પ્રતિ ઘર કરી ગયેલી કેટલીક માન્યતાઓ કે જેનો તેમને સામનો કરવો પડયો હતો તે ઈસલિંગ્ટન લાઇબ્રેરીના મદદનીશ ગ્રંથપાલના મુખેથી સાંભળીએ : 'Somehow I had the feeling that Indians were a barbarous set of – people quarrelsome, fearful, and so on. My chief had asked me to receive you at the entrance. I failed to do so I had wronged you. I apologise. You are the very opposite of at all that'. (P. 45).

અર્થપૂર્ણ પ્રશિક્ષણ અને અનુભવો સાથે જૂન ૧૯૨૫ના ઉત્તરાર્ધમાં સ્વદેશ પરત થવા લંડનથી દરિયાઈ માર્ગે પ્રયાણ કરે છે. આ વહાણ તા. ૧૪ જુલાઈ, ૧૯૨૫ની મોડી રાત્રે કોલંબો પહોંચ્યું હતું. આ ત્રણ સપ્તાહની મુસાફરી દરમિયાન બ્રિટનમાં ૯ માસ દરમિયાન મેળવેલ ઔપચારિક - અનૌપચારિક શિક્ષણ અને અનુભવો, રંગનાથનના માનસપટલ ઉપર ઊભરાઈ આવવાની સાથે જ પ્રાપ્ત જ્ઞાનનો લાભ પોતાના દેશ માટે પ્રયોજવા મનોમન કૃતસંકલ્પ બન્યા. અને આ સાથે જ બ્રિટનમાં અભ્યાસના ૭ ફાયદાઓ તારવી દીધા : ૧. કાર્યની પવિત્રતા : બ્રિટિશપ્રજાનાં ઉદ્યમશીલતા, કાર્યભકિત અને રાષ્ટ્રપ્રેમથી

પ્રભાવિત થતાં પોતે તેનું અનુકરણ કરવા કૃતનિશ્ચયી થવું, ૨. ગ્રંથાલયકાર્ય માટે અભિપ્રેરિત થવું, ૩. ગ્રંથાલય સેવાઓની રાષ્ટ્રવ્યાપી પ્રસ્થાપના માટેની સંભાવનાની વાસ્તવિકતાનું દર્શન કરવું, ૪. ગ્રંથાલય સેવા દ્વારા સામાજિક સેવા માટેની તકની જાગૃતતા કેળવવી, ૫. ગ્રંથાલય સેવાઓની તકની સરાહના કરવી, ૬. ગણિતશાસ્ત્રના અધ્યાપનમાંથી કોઈ જાતના પસ્તાવા કે ખેદ સિવાય ગ્રંથાલય સેવાઓમાં પ્રવૃત્ત થવું, અને ૭. ગ્રંથાલય વ્યવસાયિક બની રહેવા કૃતનિશ્ચિયી બનવાના સંકલ્પ સાથે સ્વદેશ પરત ફરે છે. ઇંગ્લૅન્ડથી પરત થયા બાદ ઇંગ્લૅન્ડનાં ગ્રંથાલયોની હરોળમાં ગ્રંથાલય સેવાઓ પૂરી પાડવાના મનોમન સંકલ્પને સંપન્ન કરવા સંબંધી વિગતો અને કાર્યાનુભવોની ગૂંથણી પ્રકરણ AM થી AU માં કરવામાં આવી છે. કામચલાઉ યુનિવર્સિટી ગ્રંથાલયને કોનીમ્મારા ભવનમાંથી યુનિવર્સિટીના સેનેટ ભવનમાં અને ત્યાબાદ નવીન ગ્રંથાલય ભવનનું દૃષ્ટિપૂત બાંધકામ કરાવીને ગ્રંથાલયનું સ્થાનાન્તરણ કરવું અને સુનિયોજિત વ્યવસ્થા ગોઠવવી, સંદર્ભસેવા, પુસ્તકો ઘેર પહોંચાડવાં, આસંગ પદ્ધતિ, યુનિવર્સિટી અધ્યાપકો અને સેનેટ સભ્યો સુધી મર્યાદિત ગ્રંથાલય સેવાઓ અનુસ્નાતક અને સ્નાતકસ્તર સુધીના વિદ્યાર્થીઓ અને વિદ્વાનોને પૂરી પાડવી, ગ્રંથાલય ખુલ્લું રાખવાનો સમય વધારવો, અનેકવિધ સેવાઓ આપવાનું શરૂ કરવું, ગ્રંથાલય સામગ્રીનું વર્ગીકરણ - સૂચિકરણ - વ્યવસ્થાપન કરવું અને તે એક પણ સી.એલ. લીધા સિવાય સતત ૧૨-૧૨ કલાક સેવાઓ આપવી, ગ્રંથાલય સેવાઓ ઘેર ઘેર પહોંચાડવા જાહેર જનતા સાથે સંબંધો વિસ્તારવા વગેરે રસપ્રદ શૈલીમાં વર્ણવવામાં આવેલ છે. યુનિવર્સિટી ગ્રંથાલયના અપેક્ષિત ઉપયોગકર્તાઓ ઉપરાંત તેમણે મુખ્યમંત્રી, વિધાનસભાના સભ્યો, ન્યાયાધીશો વગેરેને સેવાઓ પૂરી પાડતાં યુનિવર્સિટી ગ્રંથાલયની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી આપી. એક મોડેલ કામગીરીને ઉજાગર કરી આપવાની સાથે જ અમલદારશાહીની રુગ્ણ માનસિકતા, તામિલનાડુમાં બ્રાહ્મણો રાજકીય રીતે લઘુમતિ જ્ઞાતિના હોવાથી વેઠવા પડતા સંઘર્ષો, કલુષિત રાજકીય - જાતિગત વાતાવરણ વગેરેની પણ અહીં રસપ્રદ ગૂંથણી કરી છે.

આત્મકથાનાં BAથી BS સુધીનાં કુલ ૧૭ પ્રકરણોમાં ડૉ. રંગનાથને રાષ્ટ્રમાં ગ્રંથાલય પ્રવૃત્તિના સુનિયોજિત અને તેની સુદૃઢ પ્રસ્થાપના હેતુ વિવિધ રાજ્યોનાં ગ્રંથાલય સંગઠનો, પ્રવૃત્તિઓ, સાર્વજનિક ગ્રંથાલય ધારાના મુસદ્દા તૈયાર કરવા વગેરે અનેકવિધ કાર્યોમાં અણથક અને પ્રોત્સાહિત બની રહી આપેલ સક્રિય પ્રદાનની વિગતો વર્ણવી છે. આ ઉપરાંત ગ્રંથાલય સેવાઓના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં તેમનાં વિચાર-મૌક્તિકો, કાર્યાનુભવો, નોકરશાહીની રુગ્ણ માનસિકતા, દૈનિક કામગીરી દરમિયાન ઉદ્ભવેલા અને હલ કરેલા પ્રશ્નો, માન-અપમાનના ઘૂંટડા ગળી જઈને સ્વધર્મ પાલનમાં પ્રસન્નતા અનુભવવી, દૈનિક કામગીરીના જીવંત પ્રસારણ સમાન સંવાદો વગેરે અત્ર-તત્ર વેરાયેલા જોવા મળે છે, જે ગ્રંથાલય વ્યવસાયિકો માટે જીવનપાથેય બની રહે છે. ઉદાહરણસ્વરૂપ એક વિચાર-દર્શન મમળાવીએ : 'Let us pray for the day when our land will become rich in the broad highway of libraries, along which everybody can walk all through life to reach his own fullness and thus bring to himself and radiate to others material happiness, mental joy and spiritual delight or *Ananda.*' (p.347).

પ્રથમ પ્રકરણ BAમાં તેમના પિતા એન. રામામૃતમ્ તાંજોર જિલ્લાના ઉભયવેદાન્તપુરમ ગામના એક નાનકડા જમીનદાર હોવાની સાથે રામાયણ વાચક અને પ્રભાવક વકતા હોવા અને તેમાં પોતે રસ લેતાં પોતાના જીવન ઉપર પડેલ પ્રભાવ, બાલ્યજીવન, મદ્રાસ ક્રિશ્ચિયન કૉલેજ તથા ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં અભ્યાસનાં સંસ્મરણો શબ્દબદ્ધ કર્યાં છે. આ સમયગાળામાં તેમણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું ભાષણ એકાદ વખત સાંભળવા ઉપરાંત શ્રીમતી એની બિસન્ટ વગેરેનાં ભાષણો સાંભળવામાં ભારે દિલચસ્પી હોવાની પણ નોંધ કરી છે. આ સાથે જ એક બાલસહજ ચેષ્ટા વિશે નોંધ્યું છે કે પોતાના કાકા તોતડા હોવાથી તેમનું અજ્ઞાનતાવશ અનુકરણ કરતાં પોતે તોતડો અને તેના પરિણામે શરમાળ પણ થઈ ગયો. આ વિશે વધુમાં તેમણે નોંધ કરી છે કે ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં એક કાર્યક્રમમાં આભાર પ્રસ્તાવકાર્યની ફરજ આવી પડતાં તે સમયે ઈશ્વરસ્મરણ સાથે આંખો મીંચીને ભાષણ શરૂ કરતાં તોતડાપણું તેમજ શરમાળપણું એકાએક ગાયબ થઈ જવાની સાથે પ્રબુદ્ધ વકતા તરીકે બહાર આવ્યા. કૉલેજના વિદ્યાર્થીકાળ અને અધ્યાપકકાળ દરમિયાન ગણિતશાસ્ત્રના પરિસંવાદો અને આનુષંગિક પ્રવૃત્તિઓમાં સતત

પ્રવૃત્તિશીલ રહેતાં તેમાંથી મેળવેલ શીખ... for a person to be a member of a committee or of a professional body was of no social value unless he puts in hard work. This conviction had been regulating the conduct of SRR all through his career in the library profession and thereafter' (p.141) આપણા માટે અનુકરણીય બની રહે છે.

કૉલેજના ગણિતશાસ્ત્રના અધ્યાપક તરીકે છૂટા થઈ યુનિવર્સિટી લાઇબ્રેરિઅન તરીકે જોડાતાં ૧૯૨૪ થી ૧૯૩૩ દરમિયાન ગ્રંથાલય ઉપરાંત શિક્ષણ સંબંધી રાષ્ટ્રીય પરિસંવાદો / અધિવેશનોમાં તેમની ઉદાહરણ સ્વરૂપ સક્રિયતાની વાત પ્રકરણ BB માં કરી છે. ૧૯૩૦ માં બનારસમાં ભરાયેલ ફર્સ્ટ ઓલ - એશિયા એજ્યુકેશનલ કૉન્ફરન્સમાં તત્કાલીન વડોદરા રાજ્યના ગ્રંથાલય કયુરેટર ન્યૂટન મોહન દત્ત સાથે મુલાકાત અને થયેલ વિસ્તૃત સંવાદ પૈકી ફકત સંક્ષિપ્ત અંશ જોઈએ, જેમાં ડૉ. રંગનાથનનું ગ્રંથાલય સેવાઓ વિશેનું Vision અને Misson પ્રેરક બની રહે છે :

Dutt - Our Diwan Saheb has told us about your work in Madras. I am very proud of you.

SRR – I am obliged to you, Sir.

Dutt – I have recommended your name to the Government of India for appointment as the librarian of the Imperial Library at Calculta.

SRR – I am Sorry. I cannot go to Culcutta.

Dutt – Why not ? your salary will be immediately trebled...

SRR – I had decided that I should not merely organise the University Library and run it on right lines, but also secure public library facilities to our people in as good a mesasure as it obtains in the west. .. (p.152).

એક ગ્રંથાલયી તરીકે ડૉ. રંગનાથને હાથ ધરેલ બહુવિધ દૂરંદેશી પ્રવૃત્તિઓનું દર્શન આપણા સુષુપ્ત આત્માને ઢંઢોળે છે. રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિના બહુઆયામી વિકાસ અને પ્રસ્થાપના માટે રાજ્યસ્તરનાં ગ્રંથાલય સંઘો / એસોસિએશન્સ શું કરી શકે તે જોવા માટે મદ્રાસ લાઇબ્રેરી એસોસિએશન દ્વારા હાથ ધરવામાં આવેલાં અને સંપન્ન કરેલાં કાર્યો અને આ બધામાં ડૉ. રંગનાથનનું પ્રદાન રોલમૉડેલ રહ્યું છે, જે કોઈ પણ રાજ્યના ગ્રંથાલય સંઘ માટે દિશાપ્રેરક બની રહે છે.

અહીં BCથી BJ સુધીનાં ૭ પ્રકરણોમાં 'મુદ્રાસ લાઇબ્રેરી એસોસિયેશન' (MALA)ના સ્થાપનાકાળ ૧૯૨૮થી ૧૯૫૭ સુધી પ્રમુખ તરીકે એડ્વોકેટ કે. વી. ક્રિષ્નાસ્વામી ઐયર અને મંત્રી તરીકે ડૉ. રંગનાથને અને ત્યાર બાદ ૧૯૫૭થી ૧૯૬૭ સુધી પ્રમુખ તરીકે ડૉ. રંગનાથને સેવાઓ આપી હતી. અહીં આ સમયગાળા દરમિયાન સંઘ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓ, જેમ કે, સમગ્ર રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિની આહલેક જગાડવા માટેના ધ્યેયઘનિષ્ઠ પ્રવાસો, વાર્તાલાપો, ભાષણો અને અધિવેશનોનું સોત્સાહ નિયમિત આયોજન કરવું અને પ્રોસિડિંગ્સનું પ્રકાશન, તાલુકા અને જિલ્લાસ્તરે ગ્રંથાલય સંગઠનોની સ્થાપના માટે પ્રેરણા અને પ્રોત્સાહન, વાંચનટેવ વિકસાવવા અને પ્રોત્સાહિત કરવા. વાચનસ્પર્ધા અને ગ્રંથપ્રદર્શનોનું આયોજન, ગ્રંથાલય ધારો પસાર કરાવી તેનો અમલ કરાવવો, ગ્રંથપાલોને પ્રશિક્ષણ આપવું, ૪ વિશિષ્ટ શ્રેણીઓ હેઠળ પુસ્તકોનું પ્રકાશન, તમિલ વાઙ્મયસૂચિનું તેમજ દક્ષિણ ભારતીય ભાષાઓનાં પસંદગીયુક્ત પુસ્તકોની સૂચિઓનું પ્રકાશન, ગ્રંથાલય વિજ્ઞાનનાં પુસ્તકોનું ગ્રંથાલય શરૂ કરવું, 'Mimoris' શીર્ષક હેઠળ સંઘ સંબંધી સંસ્મરણો અને અન્ય લેખોનું પ્રકાશન કરવું, રજત જયંતીની ઉજવણી, પ્રત્યેક વાર્ષિક અધિવેશનમાં ગવર્નર કે ન્યાયાધીશને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરવા, એક્ટની જોગવાઈને ધ્યાને લઈને ફરતા ગ્રંથાલયની શરૂઆત કરાવવી વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. એક નોંધપાત્ર બાબત એ કે ડૉ. રંગનાથનનાં પુસ્તકોનું પ્રકાશન MALA દ્વારા કરવામાં આવતું હતું, જેની તેમણે સ્વેચ્છાએ રૉયલ્ટી સ્વીકારી ન હતી. આ બધી પ્રવૃત્તિઓનો સમાજજીવનમાં કેવો પ્રેરક પડઘો પડે છે, તે સંબંધી એક પ્રેરક ઉદાહરણ જોઈએ : ૧૯૨૯માં મદ્રાસ લાઇબ્રેરી એસોસિઅયેશન દ્વારા પ્રતિવર્ષ યોજાતા વાર્ષિક ઉદ્યાન મેળામાં ગ્રંથાલય પ્રવૃત્તિઓના નિદર્શન હેતુ એક સ્ટૉલ નોંધાવ્યો. જેમાં ડૉ. રંગનાથને ઇંગ્લૅન્ડથી લાવેલ કેટલીક સ્લાઈડો બતાવવા ઉપરાંત ગ્રંથાલય સંબંધી ચાર્ટ, ચિત્રો

વગેરે પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં. અહીં પ્રદર્શિત ચિત્રોમાં ચિત્રકારે ભૂલથી એક બળદવાળું ગાડું ચિત્રિત કર્યું હતું કે જેનો ઉપયોગ ફરતા પુસ્તકાલય તરીકે કરવાનો હતો. બે બળદ સાથેના ગાડાના બદલે એક બળદના ગાડાની કલ્પનાને મુર્ખામીભરી ગણાવીને બાજુના મન્નારકુડી તાલુકાના કનકસાબાઈ પિલ્લાઈ નામક સબ-એન્જિનિયરે પોતાનાં ગ્રામજનો માટે બે બળદ જોડેલા ગાડા મારફતે ફરતા પુસ્તકાલયની યોજનાને ક્રિયાન્વિત કરી, અને આ માટે ડૉ. રંગનાથનને નિમંત્રિત કર્યા, વાંચન માટે રાત્રી શાળા શરૂ કરવાની યોજના કરતાં ગામના મુખિયા (મુખી / સરપંચ) ની પત્નીએ જરૂરી કેરોસીન પોતે આપશે તેમ કહેતાં જ રૂઢિગ્રસ્ત મુખિયા દ્વારા વિરોધ કરવામાં આવતાં મુખિયાની પત્નીએ જ્યારે જરૂર પડશે ત્યારે પોતે ગામનાં બાળકોને એકઠાં કરીને ગામમાં ઘેર ઘેર ફરીને એક-એક ચમચી કેરોસીનન ઉઘરાવી આપશે તેવું વચન આપવું. ગ્રંથાલય પ્રવૃત્તિનું આ એક પ્રેરણાદાયી ઉદાહરણ તેજી ને ટકોર સમાન આપણને ઘણો બધો અર્થબોધ કરાવી જાય છે.

BCથી BS સુધીનાં પ્રકરણોમાં મદ્રાસ લાઇબ્રેરી એસોસિયેશન, ઇન્ડિઅન લાઇબ્રેરી એસોસિયેશન, અને 'આંધ્રપ્રદેશ લાઇબ્રેરી એસોસિયેશન' સાથેના કાર્યાનુભવો, આ બધાં એસોસિયેશનનો દ્વારા હાથ ધરવામાં આવેલી તબક્કાવાર પ્રવૃત્તિઓ અને તેમાં ડૉ. રંગનાથનની પ્રત્યક્ષ ભાગીદારીની સવિસ્તર વિગતો વર્ણિત છે. આ ઉપરાંત આસામ, બેંગાલ, બિહાર, બોમ્બે, સેન્ટ્રલ પ્રોવિન્સ, દિલ્હી, કેરાલા, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રનાં એસોસિયેશનો સાથેના પ્રસંગોપાત્તના સંપર્કો અને ઘટનાઓની એક ઝલક પ્રસ્તુત કરી છે. ખાસ કરીને MALA અને ILA ની વિગતો, ગ્રંથાલય સંઘો તેમજ ગ્રંથાલય વ્યવસાયિકોને ભાવિ માર્ગ પ્રશસ્ત કરવા માટે માર્ગસૂચકસ્તંભ તરીકે ઉપકારક બની રહે તેવી છે. અહીં ડૉ. રંગનાથનનાં commitment, dedication and hard workmanship for the nation and profession દ્રષ્ટવ્ય બની રહે છે. યુનેસ્કો -ઈફ્લા 'ઇન્ટરનેશનલ સમર સ્કૂલ ફોર લાઇબ્રેરિઅન્સ' પોતાની સેવા અને તેના ઉપલક્ષ્યમાં યુનેસ્કો દ્વારા પ્રાપ્ત પ્રશસ્તિપત્ર તેમની વૈશ્વિક પ્રતિભાનો પરિચાયક બની રહે છે. આ સાથે જ મદ્રાસ અને બનારસ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ લાઇબ્રેરિઅનો, દિલ્હી યુનિવર્સિટીના ફેકલ્ટી ડીન, ઉપરાંત આઈ.એલ.એ.ના મંત્રી શ્રી કે. એમ. અસદુલ્લાહ (ગ્રંથપાલ, ઈમ્પિરિયલ લાઇબ્રેરી, કોલકતા) દ્વારા પ્રસંગોપાત્ત પોતાની કરવામાં આવતી અવગણના તેમજ પ્રમુખપદની ઉમેદવારી પાછી ખેંચાવવી વગેરે વિગતો પણ અહીં તેમણે નોંધી છે.

પોતાની ઉજળી બાજુઓની અને વેઠેલ સંઘર્ષોની સાથે પોતાની ભૂલો વિશે પણ તેમણે સ્પષ્ટ નોંધો કરી છે, જેમ કે અયાંકી વેંકટરામનૈયાહ, અસદુલ્લાહ વગેરે સાથેના સંબંધો, 'કોલન કલાસિફિકેશન'માં કેટલાક ફેસેટ સ્ટ્રકચરની ભૂલો, વગેરે સંદર્ભે. અહીં આપણે એ પણ જોઈ શકીએ છીએ કે પ્રજાજનોને રાજ્ય દ્વારા મફત ગ્રંથાલય સેવા પૂરી પાડવાની ચળવળમાં બિનગ્રંથાલય વ્યવસાયિકોનો ઘણો મોટો ફાળો રહયા છે, જેમકે, મદ્રાસ લાઇબ્રેરી એસોસિયેશનના પ્રમુખ તરીકે એડ્વોકેટ કે. વી. કૃષ્ણાસ્વામી ઐયરનું પ્રદાન વગેરે. આ બાબતો દર્શાવે છે કે ગ્રંથાલય વ્યવસાયિકો સમાજને સમર્પિત બની સેવાઓ આપે તો સમાજ તેમની પડખે ઊભો રહે જ. અહીં આઈ.એલ.એ. (૧૯૩૩)ની ૧થી ૮ કૉન્ફરન્સોની વિસ્તૃત માહિતી, જેમ કે, કોણે કયા વિષય ઉપર શોધપત્રો રજૂ કર્યાં, આંતરિક ખટપટો વગેરે તેમણે નોંધી છે. આ નોંધોમાંથી પસાર થતાં જોવા મળ્યું કે તા. ૨૭-૨૮ જાન્યુઆરી, ૧૯૪૬ના દિવસોમાં ૭ મી કૉન્ફરન્સ વડોદરામાં ભરાઈ હતી. દુઃખની વાત એ છે કે આ કૉન્ફરન્સમાં રજૂ થયેલ ૧૮ લેખો પૈકી એક પણ ગુજરાતી ગ્રંથાલય વ્યવસાયિકનો લેખ કે કોઈ ગુજરાતી ગ્રંથાલય વ્યવસાયિકના નામનો ઉલ્લેખ પણ નથી. સિવાય કે કૉન્ફરન્સના ઉદ્ઘાટક તરીકે મહારાણી સાહેબનું અને સ્વાગત સમિતિના ચૅરમૅન તરીકે રાજમિત્ર મોતીલાલ દેસાઈનાં ઉદ્બોધનો. અહીં વર્ણિત ઘટનાઓનું અવલોકન કરતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે આ આત્મકથામાં કાળક્રમની દૃષ્ટિએ ૧૯૭૦ ની ઘટના (પૃ. ૩૬૩) નો ઉલ્લેખ છે. પરંતુ હકીકતમાં ૧૯૬૨ થી આગળનાં વર્ષોની પ્રવૃત્તિઓ અને પ્રદાન વિશે પ્રાયઃ મૌન સેવવામાં આવ્યું છે, જેની નોંધ પ્રો. કૌલા અને રાવ દ્વારા 'પ્રસ્તાવના'માં પણ લેવામાં આવી છે.

આત્મકથાનો ઉત્તરાર્ધ પ્રો. કૌલાએ ડૉ. રંગનાથનનાં કાર્યોની મૂલવણી માટે તૈયાર કર્યો છે. આ વિભાગના પ્રારંભમાં ડૉ. રંગનાથન વિશેના અલભ્ય એવા ૩૪ ફોટાઓ (પૃ. ૩૭૭-૩૮૩) મૂક્યા બાદનાં પ્રથમ ૪ પ્રકરણો- CA થી CD સુધીમાં ડૉ. રંગનાથનનાં અનુક્રમે મદ્રાસ, બનારસ, દિલ્હી અને ઝયુરિચ અને ત્યાર પછીનાં કાર્યોનાં લેખાંજોખાં

ઉજાગર કરી આપ્યાં છે. પ્રથમ પ્રકરણનો પ્રારંભ કૌલાના જાત અનુભવથી શરૂ થાય છે. ગ્રંથાલય વિજ્ઞાનના અભ્યાસ હેતુ કાશ્મીરનો એક યુવક પૃથ્વી નાથ, ગુરુની શોધમાં જુલાઈ ૧૯૪૫માં મદ્રાસ આવે છે. આ યુવક સીધો જ મદ્રાસ યુનિવર્સિટી ગ્રંથાલયમાં પહોંચી જાય છે. રાવસાહેબ રંગનાથનની પૃચ્છા કરતાં કોઈ કર્મચારી આ નામ સાંભળવા તૈયાર ન હોવાની સાથે આ નામથી અનભિજ્ઞ હોવાનું જણાવે છે, કે જેમણે ૧૯૨૪ થી ૧૯૪૪ સુધી આ ગ્રંથાલયને એક મૉડેલ ગ્રંથાલય તરીકે પ્રસ્થાપિત કરવા પોતાની જાતને સમર્પિત કરીને પ્રતિદિન ૧૨-૧૨ કલાક કામ કર્યું હતું. તેમજ ગ્રંથાલય વિજ્ઞાન ક્ષેત્રે માત્ર મદ્રાસમાં જ નહીં, પરંતુ સમગ્ર ભારતમાં એક નવી જ આભા ઊભી કરી હતી. લઘુમતિ સમાજના વ્યકિત (તમિલનાડુમાં બ્રાહ્મણોની લઘુમતિમાં ગણના થાય છે.) પ્રત્યેની રાજકીય અને અંગત દ્વેષવૃત્તિથી પ્રેરાઈને યુનિવર્સિટી ગ્રંથાલયમાં નિમણૂક માટે પોતે જ પસંદ કરેલ મદદનીશ ગ્રંથપાલ તેમજ યુનિવર્સિટીના કુલપતિ લક્ષ્મણસ્વામી મુદલિયાર દ્વારા તેમને રાજીનામું આપવા બાધ્ય કરવા ઉપરાંત તેમના પ્રતિ સદ્ભાવના રાખનાર સહકર્મચારીઓને પણ એક યા બીજી રીતે પરેશાન કરવામાં કશું જ બાકી રાખ્યું ન હતું. આ ડરામણી વાસ્તવિક સ્થિતિમાં રામભદ્રન નામક એક બ્રાહ્મણ કર્મચારીએ ગભરાતાં ગભરાતાં બ્રાહ્મણ યુવક કૌલાને રાવસાહેબનું સરનામું લખાવ્યું હતું. આ બંને વચ્ચેનો સંવાદ પણ ધ્રુજાવી દે તેવો છે. 'I am Brahmin and you are a Brahmin. Please give me a assurance that you will not divulge this to any one. I will then give you the address of Rao Sahib SRR... We are all scared of the foul atmosphere prevaling in the Library...' (p. 385) રામભદ્રએ આપેલા સરનામે પહોંચતાં જ આ યુવકે એક અકિંચન બ્રાહ્મણ ગુરુ - ઋષિનાં દર્શન કર્યાં, જેમની વચ્ચેનો સંવાદ રોમાંચક બની રહે છે. અહીંથી છૂટા થયા બાદ બનારસ હિંદુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એસ. રાધાકૃષ્ણન તેમને ગ્રંથપાલ તરીકે નિમંત્રિત કરતાં બે વર્ષ અહીં સેવાઓ આપે છે. કુલપતિની મંજૂરી મેળવીને કૌલા મદ્રાસ છોડીને બનારસમાં અભ્યાસ માટે જોડાઈ જાય છે. બનારસમાં પણ પ્રાયઃ મદ્રાસ જેવું વલણ રહે છે. તેમણે ૧૯૪૫-૪૭ સુધીનાં બે વર્ષની કર્મઠ કામગીરી કરીને ગ્રંથાલયને સુવ્યવસ્થિત કર્યું. દિલ્હી યુનિવર્સિટીના કુલપતિ સર મોરિસ ગ્વયેર (Sir Maurice Gwyer)ના આમંત્રણથી દિલ્હી યુનિવર્સિટીમાં ૧૯૪૭-૧૯૫૫ સુધી પ્રોફેસર તરીકે સેવાઓ આપે છે. ફેકલ્ટી ડીનના દ્વેષપૂર્ણ અવરોધોને વેઠીને પણ દિલ્હીમાં ગ્રંથાલય વિજ્ઞાન ક્ષેત્રે અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરીને સીમાચિહ્નરૂપ કાર્ય તેમણે કર્યું. ઇંગ્લૅન્ડમાં પણ ગ્રંથાલય વિજ્ઞાનમાં પીએચ.ડી.ની જોગવાઈ ન હતી ત્યારે તેમણે ૧૯૫૦ માં દિલ્હી યુનિવર્સિટીમાં તેની શરૂઆત કરી હતી. અહીંથી સેવાનિવૃત્તિ બાદ ૧૯૫૫ માં ઝ્યુરિચમાં સ્થાયી થવા માટે પરિવાર સાથે ગયા હતા, પરંતુ ૧૯૫૭માં ભારત પરત થયા. ૧૯૫૭માં પદ્મશ્રી થી વિભૂષિત થયા, તેમજ નેશનલ પ્રોફેસર તરીકે નિયુકિત પામ્યા. ૧૯૬૨માં બૅંગ્લોરમાં 'ડીઆરટીસી'ની સ્થાપના કરીને ત્યાં સતત કાર્યશીલ બની રહેતાં તેઓશ્રી ૨૭ સપ્ટેમ્બર, ૧૯૭૨ના રોજ બૅંગ્લોરમાં અવસાન પામ્યા હતા.

આ આત્મકથા/જીવનચરિત્રમાં ડૉ. રંગનાથનની કૌટુંબિક માહિતી ખૂબ જ ઓછી મળે છે. આ સંબંધી (પૃ. ૨૭)માં ઉલ્લેખ કર્યા ઉપરાંત તેમનાં પ્રથમ પત્ની રૂકમણીનું અવસાન તા. ૧૩ નવેમ્બર, ૧૯૨૮ના રોજ થયું હતું. તેમની સ્મૃતિમાં પોતાનું પ્રથમ પુસ્તક 'Five Laws of Library Science' (૧૯૩૧) તેમને અર્પણ કર્યું છે. પ્રથમ પત્નીના અવસાન બાદ ૧૯૨૯માં તેમણે શારદા સાથે લગ્ન કર્યાં હતાં. તેમના પુત્રનું નામ યોગેશ્વર છે. પોતાનાં પત્ની શારદાના સન્માનમાં 'Sharda Endowment for Library Science'ની સ્થાપના માટે રૂપિયા એક લાખનું દાન આપ્યું હતું.

ડૉ. રંગનાથન ભારત ઉપરાંત વિશ્વમાં પણ એક પ્રતિભાસંપન્ન પ્રોફેસર તરીકે ખ્યાતિપ્રાપ્ત હોઈ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે - યુનેસ્કો, ફીડ, સીઆરજી વગેરેમાં તેમની સેવાઓ લેવામાં આવી હતી. લેખકે પ્રકરણ CF માં ડૉ. રંગનાથને ગ્રંથાલય વિજ્ઞાનનાં મુખ્ય ૮ વિષયક્ષેત્રો, જેમ કે, વર્ગીકરણ, સૂચિકરણ, વ્યવસ્થાપન, સંચાલન, ડૉકયુમેન્ટેશન, વાઙ્મયસૂચિ, જ્ઞાન વિષયવિશ્વ અને ગ્રંથાલય વિજ્ઞાન શિક્ષણ અંતર્ગત કુલ મળીને ૯૫ વિષયક્ષેત્રોમાં આપેલ પ્રદાનને તારવી આપવા ઉપરાંત જર્નલ્સ, નવી પરિભાષાઓ, અન્ય પ્રકાશન ક્ષેત્રે આપેલ પ્રદાનની પણ નોંધ લીધી છે. ખાસ તો તેમણે સાર્વજનિક ગ્રંથાલયધારાનો મુસદ્દો ઘડવામાં, તેને પસાર કરાવી અમલીકૃત કરાવવામાં કરેલ કર્મઠ અને ધ્યેયનિષ્ઠ

પ્રયાસોની વિગતવાર નોંધ લીધી છે. ઉલ્લેખ કરવો રહયો કે તેમણે આ ધારાનો મુસદ્દો ઘડવા વિવિધ રાજ્યોમાં આપેલ પ્રદાનની સંક્ષેપમાં નોંધ આપી છે. ગુજરાતમાં આ સંબંધી બીલ તૈયાર કરવા તેમનો સહયોગ સાંપડ્યો હતો અને તેઓશ્રી ૧૯૬૪માં ગુજરાતમાં પધાર્યા પણ હતા. આમછતાં, તે સંબંધી માત્ર એક લાઇનમાં ઉલ્લેખ સિવાય આનુષંગિક અન્ય કોઈ વિગતો વર્ણવી નથી.

પ્રો. કૌલાએ ડૉ. રંગનાથનના જીવનની કેટલીક ઓછી જાણીતી હકીકતો તેમજ તેમના વ્યકિતત્વની આગવી ખાસિયતો પ્રકરણ CJ અને CKમાં ઉજાગર કરી આપી છે. જે ગંથાલય વ્યવસાયિકો માટે પ્રેરણાદાયી અને રોલ-મૉડેલ બની રહે તેવી છે. ઉદા. તરીકે પોતાના ગુરુ એડવર્ડ બી. રોસ દ્વારા એમ.એ. કરવા ભાવપૂર્વક આગ્રહ કરવો અને તેની ફીની જવાબદારી સ્વીકારવી, પ્રારંભમાં શરમાળપણું અને બોલવામાં તોતડાપણું, અધ્યયનનિષ્ઠા, કર્મઠ પરિશ્રમી, Hard Task Master - વિદ્યાર્થીઓને કામની સોંપણી અને નિયતસમય મર્યાદામાં કામ પૂરું કરવાનો આગ્રહ રાખવો અને જો કોઈ વિદ્યાર્થી તેમ ન કરે તો તેની સાથે વાતચીત બંધ કરવી - પ્રો. કૌલાએ પણ આ પરિસ્થિતિનો સામનો કર્યો હતો, જિંદગીપર્યંત ચા કે કૉફી ન લેવી, આયખાના ૪૦ વર્ષ પછી ફકત એક વખત જ શાકાહારી ભોજન લેવું, સરળ અને સાદગીપૂર્ણ જીવન, ઘરમાં ઝાકઝમાળ કે ફર્નિચર વગેરેનો અભાવ, સમયપાલનનો આગ્રહ, જબરદસ્ત એકાગ્રતા, ઋષિકુળ પરંપરાને દીપાવનાર ગુરુ સમાન જીવન, ગ્રંથાલય અને ગ્રંથાલય વિજ્ઞાનથી અનુપ્રાણિત જીવ, કૌટુંબિક જવાબદારીઓથી અલિપ્ત છતાં પરિવારની ચિંતા રાખવી, કાગળનો પણ બગાડ ન કરવાના આગ્રહી વગેરે ગુણરાશિ સંબંધિત ઘટનાઓ સાથે ઉજાગર કરી આપી છે. આ પૈકી તેમની સિદ્ધાંતનિષ્ઠા વિશેનું એક ઉદાહરણ જોઈએ : મદ્રાસ યુનિવર્સિટીના કાર્યકાળ દરમિયાનનાં અંતિમ ચાર વર્ષ દરમિયાન ભારે અપમાન સહન કરીને સિદ્ધાંતનિષ્ઠાના પાલન સાથે છૂટા થયા હતા. આ સંદર્ભે Sir Maurice Gwyer એ તેમને લખ્યું હતું કે 'I am glad that you have shaken off the due of your feet against them' તેનો રંગનાથે આપેલ જવાબ તેમની ખુમારીનો દ્યોતક બની રહે છે : 'Yes I have come out. But no shaking off dust against anybody. They know not what they do, I can only pity them. But it is all my good. I know that, something is coming round the corner'. આ સંદર્ભે પ્રો. કૌલાનું મંતવ્ય 'But only a person like him could do it in that spirit' તેમના વ્યકિતત્વની ઓળખનું પર્યાય બની રહે છે. અત્રે નોંધ લેવી જરૂરી છે, પ્રકરણ CK ડૉ. રંગનાથનનાં જીવનદર્શન અને પ્રતિભાનું વિહંગાવલોકન પ્રસ્તુત કરતું સારભુત પ્રકરણ છે.

'વિશ્વ ગ્રંથાલયિત્વ ઉપર પ્રભાવ' પ્રકરણ- CLમાં સ્વાભાવિક રીતે જ ગ્રંથાલય વિજ્ઞાનનાં અનેકવિધ ક્ષેત્રોમાં ડૉ. રંગનાથના અસાધારણ પ્રભાવનાં દર્શન જોવા મળે છે, પરંતુ આ સાથે જ પ્રો. કૌલાએ ડૉ. રંગનાથના વિદ્વત્પ્રદાનને તારવી આપવામાં જે વિદ્યાકીય પુરુષાર્થ કર્યો છે તે દ્રષ્ટવ્ય બની રહે છે. વર્ગીકરણ, નિર્દેશી, સૂચિકરણ, વાઙ્મયસૂચિ, ગ્રંથાલય વ્યવસાયિકતા, અધ્યાપન, પ્રભાવક પ્રત્યાયનકાર, માનકીકરણ, ફીડ, ઈફ્લા વગેરે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ વગેરેના કાર્યમાં ડૉ. રંગનાથનના અપ્રત્યાશિત પ્રભાવની સંક્ષેપમાં છતાં સાધાર નોંધ લઈને ડૉ. રંગનાથનના ગહન અને અર્થપૂર્ણ પ્રદાનને તટસ્થતા સાથે મૂલવણી કરતું અવલોકન : 'Ranganathan is recognized as the Father of Library Science in India for the built up the science, the philosophy, practice and the programe, all by himself. His influence on world Librarianship had been of varying degree. While this impact has been more significant in the work with that emanated from UK but it has not been so in USA. In the international field his work with FID had been more significant than his work with IFLA. But the major impact of Ranganthan's ideas has been in the field of Classification and Indexing' ( p.441) સુચિંતનીય બની રહે છે.

પ્રકરણ CM માં ડૉ. રંગનાથનને પ્રાપ્ત માન-સન્માન - ઍવૉર્ડ જેમ કે, દિલ્હી અને પિટસબર્ગ યુનિવર્સિટી તરફથી પ્રાપ્ત માનદ ઉપાધિ D.Litt., પદ્મશ્રી, નેશનલ રિસર્ચ પ્રોફેસર વગેરે વિશે સટિપ્પણ નોંધ, દેશ-વિદેશના વ્યવસાયિકો દ્વારા તેમના કાર્યને નવાજવાં કે મરણોત્તર શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કરેલા હૃદયોદ્ગારો ગ્રંથસ્થ છે,

જેમ કે :

- 'India was very much advanced in library science and that was due to the contribution of Dr. Ranganathan'.

**Dr. Luther Evans**
former Director General of Unesco

- 'He (SRR) has shown us a way forward'.

**Bernard I. Palmer and A. J. Wells**

- 'Librarian to the world'

**Ameriacan Library Association**

- 'Ranganathan is to Library Science, as Einstein is to Physics'

**Dr. Garfield**

- 'He had a tremendous intrest in British Librarianship and maintained a personal contact...Whose simple but brilliant analysis, based upon an almost alien philosophy, penetrated problems which defined earlier solution and who helped to create a deeper appreciation of the international significance of our work'

**Mr. Joel Dowing**
The British Library Association

- 'Prince among Librarians.'

**_ Sir Maurice Gwyer**

- 'I would rate amoung Ranganathan's contribution as number one – Ranganathan as an educator, Ranganthan as a Master Education capable of turing men out of clay like a potter sitting at the wheel and here I am the example of it.'

**Prof. P. N. Kaula**

પ્રકરણ CN માં ડૉ. રંગનાથનનો જીવન ઘટનાક્રમ ૧૮૯૨ (જન્મ તારીખની સ્પષ્ટતા સાથે, દસ્તાવેજી આધાર ૧૨ ઓગસ્ટ ૧૮૯૨, પરંતુ વાસ્તવિક જન્મ તારીખ ૯ ઓગસ્ટ) થી શરૂ કરી ૧૯૭૨ (અવસાનપર્યંત) સુધી કાળક્રમાનુસાર દર્શાવ્યો છે. જોકે જ્યાં ચોકકસ તારીખ અપેક્ષિત બની રહે છે તેના સ્થાને માસ કે વર્ષ નોંધીને સંતોષ માન્યો છે. આ પ્રકરણના પ્રારંભમાં આ પૂર્વે ડૉ. રંગનાથનનો ઘટનાક્રમ ડૉ. કૌલા ઉપરાંત કાટે વુડ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો, તેની સસંદર્ભ નોંધ તથા અંતમાં સંદર્ભસૂચિ આપી છે. જ્યારે પ્રકરણ CP માં ડૉ. રંગનાથન કૃત મૌલિક, સંપાદિત વગેરે પુસ્તકોની વર્ગીકૃત સૂચિ કાળક્રમમાં આપવામાં આવી છે. આ સૂચિમાં ૬૫ પુસ્તકોનો સમાવેશ છે. આ સૂચિની મર્યાદા એ છે કે જે તે પુસ્તકના ચોકકસ પ્રકાશકનો ઉલ્લેખ ન કરતાં તેમનાં પુસ્તકોના ત્રણ પ્રમુખ પ્રકાશકો - 'મદ્રાસ લાઇબ્રેરી એસોસિએશન', 'એશિયા પબ્લિશિંગ હાઉસ' અને 'વિકાસ પબ્લિશિંગ હાઉસ', અને ૩ ગ્રંથમાળાઓનાં નામ અંતમાં દર્શાવ્યાં છે. આ ઉપરાંત ડૉ. રંગનાથન વિશેનાં ૧૦ પ્રકાશનોની યાદી અને સામાન્યતઃ તેમના લેખો જે ૧૦ સામયિકો 'Educational Review', 'ILA Bulletin', 'Revue de la Documentation (The Hague)' વગેરેમાં પ્રકાશિત થતા રહ્યા હતા તેની યાદી આપી છે. ગ્રંથાન્તે ડૉ. રંગનાથનના શિષ્ય શક્તિ પાદ દાસ દ્વારા તૈયાર કરવામાં આવેલ શાસ્ત્રીય અને ગહન (indepth) Index (નિર્દેશી) પૃ. ૪૭૧-૪૮૩ આપવામાં આવી છે. આ નિર્દેશીમાં એક બાબત ખાસ ધ્યાનપાત્ર એ બની રહે છે કે પ્રસ્તુત આત્મકથામાં ડૉ. રંગનાથન દ્વારા ઉલ્લેખિત કરેલાં ઘણાં ખરાં નામો ચોક્કસ પદ્ધતિ સાથે સાંકેતિક અને ટૂંકાક્ષરી સ્વરૂપમાં પાઠ (Text)ના સંદર્ભ સાથે નોંધ્યાં છે જેનાં સાચાં નામ ઉકેલી શકાત, પરંતુ તે નામોને ઉજાગર કરી વિવાદો ટાળવા માટે આમ ન કરવાનું સૂચિ સંપાદક દાસ દ્વારા મુનાસિબ માનવામાં આવ્યું છે, જેમાં તેમની દૂરંદેશિતાનાં દર્શન થાય છે.

સમગ્રતયા, અહીં ભારતની પ્રાયઃ ૨૦મી સદીના પોણાભાગની ગ્રંથાલય પ્રવૃત્તિની ઝાંખીનાં દર્શન થાય છે. 'ભારતમાં ગ્રંથાલય ચળવળના પિતા' - 'Father of Library Movement in India' કે 'Father of Library Science in India' – 'ભારતમાં ગ્રંથાલય વિજ્ઞાનના પિતા' - હુલામણા બિરુદથી સન્માનિત ડૉ. રંગનાથનનાં ધ્યેયનિષ્ઠ કર્મઠતા અને વિદ્વત્પ્રયાસોથી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રે ભારતની આગવી

ઓળખ પ્રસ્થાપિત થવી, પ્રત્યેક રાજ્ય કે દેશમાં મફત સાર્વજનિક ગ્રંથાલયોની પ્રસ્થાપના અને નિર્વાહ માટે સાર્વજનિક ગ્રંથાલય ધારો ઘડવામાં અને તેના અમલીકરણમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરવી, ભારતમાં ગ્રંથાલય વિજ્ઞાન વિશે વૈજ્ઞાનિક સાહિત્યના અભાવની પૂર્તિ વિદ્વત્તાપૂર્ણ અને મૌલિક પ્રકાશનો થકી કરવી અને આ પૈકી તત્કાલીન સમયમાં ગ્રંથાલય વિજ્ઞાનમાં પ્રચલિત ભાગ્યે જ એવો કોઈ વિષય હશે કે તેમાં તેમનું પ્રદાન ન હોય, પોતાના મતના સમર્થનમાં મજબૂત અને તાર્કિક સૈદ્ધાંતિક પાસું રજૂ કરવું, 'કોલન વર્ગીકરણ પદ્ધતિ', વર્ગીકૃત સૂચિ સંહિતા, 'પ્રોલેગોમેના ટુ લાઇબ્રેરી ક્લાસિફિકેશન', 'ફાઇવ લૉઝ ઑફ લાઇબ્રેરી સાયન્સ' 'ડૉક્યુમેન્ટેશન' વગેરે જેવા અજોડ ગ્રંથોનું સર્જન કરવું વગેરે કાર્યો તેમની અસાધારણ પ્રતિભાનાં પ્રતીતિકારક બની રહે છે. આમ છતાં વેદના સાથે નોંધ કરવી પડે છે કે આ પ્રતિભાપુરુષને માનવસહજ ઈર્ષ્યા, દ્વેષવૃત્તિનો ભારે મોટો સામનો કરવો પડ્યો હતો. તેમણે ભગવાન શંકરની જેમ વિષરૂપી અપમાનના ઘૂંટડાઓ કંઠમાં સંઘરીને વ્યવસાયિક પ્રતિબદ્ધતા અને રાષ્ટ્રકાજે સ્વધર્મનું પાલન અંતિમ ઘડી સુધી કરતા રહેતાં તેઓશ્રી વૈશ્વિકસ્તરે આગવી ઓળખ પામ્યા હતા, જે આજે પણ બરકરાર રહી છે. પોતે ગાંધીયુગનું સર્જન હોઈ સ્વાભાવિક રીતે જ ગાંધીજીવન-દર્શનથી પ્રભાવિત રહયા હતા, જેની પ્રતીતિ પોતાની માનવીય સ્વભાવગત મર્યાદાઓના સ્પષ્ટ આલેખનમાં આપણે જોઈ શકીએ છીએ. ભારતની ગ્રંથાલય પ્રવૃત્તિના આ ધ્રુવતારકનું આત્મચરિત્ર ગ્રંથાલય પ્રવૃત્તિના વિકાસ માટે તેમજ ગ્રંથાલય વ્યવસાયિકોનો ભાવિ માર્ગ પ્રશસ્ત કરનાર અણમોલ દસ્તાવેજ બની રહે છે. આ સાથે જ પ્રસ્તુત ઉત્તરાર્ધ સંદર્ભે નોંધ લેવી રહી કે ભાષ્યકાર પ્રો. કૌલાએ પ્રસ્તુત આલેખનમાં પોતાની અનિવાર્ય ઉપસ્થિતિ સિવાય સહજતાથી પોતાની જાતને અળગી રાખી છે, જેમાં પ્રો. કૌલાનો લેખકીય - ચરિત્રકારનો વિવેક અને પોતાના ગુરુ પ્રત્યેની અનન્ય આસ્થા- ભકિતનાં દર્શન થાય છે.

ગ્રંથાલય વ્યવસાયિકો માટે આચાર-વિચારની દૃષ્ટિએ આ એક રોલમૉડલ કૃતિ છે. પરંતુ આ 'આત્મકથા'નું સાદ્યંત અધ્યયન કરતાં આ કૃતિના કર્તૃત્વના પાસા વિશે કેટલાક પ્રશ્નો મનમાં ઉદ્ભવે છે : 1. આ 'આત્મકથા'ના કર્તા ડૉ. રંગનાથન છે કે કેમ? 'આત્મકથા' સામાન્યતઃ પ્રથમ પુરુષ એકવચનમાં લખવામાં આવે છે, જ્યારે આ કૃતિ ત્રીજા પુરુષમાં લખવામાં આવી છે. શું ડૉ. રંગનાથને પોતાની હયાતી દરમિયાન પટ્ટશિષ્ય પ્રો. કૌલાને 'A' અને 'B'નાં પ્રકરણોનું વિષયવસ્તુ જણાવ્યું હશે કે જે પ્રો. કૌલાએ સમયાન્તરે ડૉ. રંગનાથનના નામે રજૂ કર્યું હશે ? પરંતુ આ વિશે કોઈ જ સ્પષ્ટતા 'Preface' અને 'Introduction'માં કરવામાં આવી નથી. વાસ્તવિકતા જે હોય તે ખરી, પરંતુ વાચકને સંશય કરવા પ્રેરે છે. 2. આ કૃતિના 'Introcucation'માં નોંધ કરવામાં આવી છે કે 'Largely Part B ends by 1960s. But Dr. S. R. Rangenathan lived up to 1972. **The Uncovered portion is taken up in part C** by Prof. P. N. Kaula who evaluates Dr. SRR's Contribution (p.xiv) જે પરોક્ષ રીતે સૂચવે છે કે પાર્ટ A અને B ડૉ. રંગનાથન કૃત છે. 3. આ કૃતિનું રચનાશિલ્પ 'આત્મકથા' સ્વરૂપનું નહીં, પરંતુ 'જીવનચરિત્ર' સમાન જણાય છે. 4. આ કૃતિના કર્તા તરીકે ડૉ. રંગનાથનનું કર્તૃત્વ કેટલું ? 5. ભાગ 'A' અને 'B' ડૉ. રંગનાથનકૃત હોય તો તેની હસ્તપ્રત કોની પાસે ઉપલબ્ધ છે? આ વિશે 'આમુખ' તથા 'પ્રસ્તાવના'માં કેમ કોઈ ઉલ્લેખ નથી ? 6. આ કૃતિને 'આત્મકથા' ગણવી કે 'જીવનચરિત્ર'? 7. આજે પ્રો. કૌલા અને સી. વી. સુબ્બારાવ (પ્રસ્તાવનાના લેખકો) આપણી વચ્ચે હયાત ન હોવાથી આ પ્રશ્નો અનુત્તર રહે છે. આ પ્રશ્નોના ઉત્તરો મેળવવા સઘન શોધ અપેક્ષિત બની રહે છે. આ કૃતિ સંદર્ભે ધારવાડ યુનિવર્સિટીના સેવાનિવૃત પ્રોફેસર ડૉ. કરિસિદપ્પાજી સાથે વિચાર-વિમર્શ કરતાં તેમણે જણાવ્યું હતું કે પ્રારંભનાં કેટલાંક પ્રકરણો પ્રો. કૌલાએ તેમના દ્વારા સંપાદિત 'Library Herald'માં પ્રકાશિત કર્યાં હતાં.

**(A Librarian Looks Back : An Autobiography of Dr. S. R. Ranganathan** / Appended with an evaluation of his life and work by Prof. P. N. Kaula. First edition. New Delhi : ABC Publishing House, 1892 (Kaula Series in Library Science – 11). XIV+485p. ISBN : 81-7123-048-2)

**- મણિભાઈ પ્રજાપતિ**

# ભરતી અને ઓટ

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

ભરતી એ દરિયાના હૃદયના ધબકારા છે જે ધબકારાની અસર પૃથ્વી ઉપર અનુભવાય છે. આ રહસ્યમય તાલ કે ધબકારાને સમજવાનો પ્રયાસ માનવજાતે તેમના ઇતિહાસની શરૂઆતથી જ કર્યો છે અને આજે પણ ચાલુ છે. કોઈ પણ દરિયાનો કિનારો ભરતી અને ઓટ વગરનો નથી. પાણીની સપાટીનું ઊંચે અને નીચે જવાનું અવધિસર (Periodic) હોવાનું સર્વ સામાન્ય છે. આકૃતિ 1(a)માં ભરતી અને આકૃતિ 1(b)માં ઓટ આપેલી છે.



**આકૃતિ 1(a)**



**આકૃતિ 1(b)**

આ ભરતી શું છે ? આમ કેમ બને છે તેને સમજવાનો પ્રયત્ન સંસ્કૃતિની શરૂઆતથી થયેલો છે. ભરતી અને ચંદ્ર વચ્ચે સંબંધ હોઈ શકે તેવો વિચાર આવવો તે જ પહેલું અગત્યનું પગથિયું હતું. આપણે ઇતિહાસ જોઈએ.

**ઇતિહાસ**

ઑસ્ટ્રેલિયાના ઉત્તર પ્રદેશમાં રહેતા યોલ્ન્ગુ (Yolngu) લોકો ચંદ્ર અને ભરતીની એકબીજાની સાથે જોડાયેલાં છે તે જાણતા હતા. તેઓનો સમય જાણમાં નથી. તેઓ સમુદ્રને પાણીથી ભરાઈ જવા અને ખાલી થવા ચંદ્રને જવાબદાર ગણતા. પ્લેટો એવું માનતા કે દરિયાની અંદર ગુફાઓ રહેલી છે અને તે ગુફાઓમાં પાણીની અવરજવરના કારણે દરિયામાં ભરતી અને ઓટ આવે છે. 400-300 B.C.ના ગાળામાં આપણા પુરાણોના લખાણ પ્રમાણે ચંદ્રના પ્રકાશથી ઉષ્ણતાના વિસ્તરણના કારણે સમુદ્રમાં ભરતી આવે છે. આખરે ગ્રીકો માટે ચંદ્ર અને સૂર્યની ભરતી માટેની કડી જાણીતી બની, પણ આ જાણ માટેની તારીખ અસ્પષ્ટ છે. આનો ઉલ્લેખ 325 B.C.ના ગ્રીક ભૂગોળશાસ્ત્રી પાયથીઆસ માસ્સિલિયાના (Pytheas of Massilea)ના લખાણોમાં (હાલ મળતાં નથી) અને 77 A. D.ના પ્લિની ધી એલ્ડરના (Pliny the Elder) Natural Historyના પુસ્તકમાં છે. જોકે ભરતીનું સમયપત્રક અને ચંદ્ર અને સૂર્યના હલનચલનની માહિતી જાણીતી હતી, પણ બંને વચ્ચેનો સંબંધ અસ્પષ્ટ હતો. એરેટોસ્થેનીસ (Eratos thenes) અને પોસિડોનિયસ (Posidonius) બંનેએ બંને વચ્ચેના સંબંધો મેળવ્યા, પણ તેમનું કામ બચ્યું નથી. સીલ્યુકસે આશરે 150 B.C.ની આસપાસ હીલિયોસેન્ટ્રિકન (Heliocentric) મોડલના ભાગરૂપે ભરતીનું કારણ ચંદ્ર છે તેવો સિદ્ધાંત આપેલો. એરિસ્ટોટલે (Aristotle) ચંદ્ર ભરતીનું કારણ છે તે સિદ્ધાંત નકારી કાઢીને તેમનો જ સિદ્ધાંત આપ્યો. પુસ્તક The Reckoning of Timeમાં બેડે (Bede) બતાવે છે કે ભરતીનો દરરોજનો બે

વખતનો સમય ચંદ્ર સાથે જોડાયેલો છે એવું બતાવે છે, પણ તેઓ ચંદ્રે ભરતી કેવી રીતે બનાવી તે પ્રશ્ન અંગે તેમણે કોઈ પ્રગતિ કરી નથી.

મધ્યયુગના યુરોપિયનોની ભરતીની સમજ મુસ્લિમ ખગોળશાસ્ત્રીઓનાં પુસ્તકો પરથી આવેલી છે. 12મી સદીમાં મુસ્લિમ ખગોળશાસ્ત્રીઓનાં પુસ્તકોનું લૅટિનમાં ભાષાંતર મળતું થયેલું. અબુ મશર અલ-બાલ્ખિ (Abu Mashar al - Balkhi)ના પુસ્તક, ''Introductorium in astronomian'માં જણાવ્યું છે કે ભરતી અને ઓટનું કારણ ચંદ્ર છે. આ ઉપરાંત તેણે ભરતી ઉપર સૂર્યની સરખામણીમાં પવન અને ચંદ્રની અસરની પણ ચર્ચા કરી છે.


1608માં સિમન સ્ટીવિને (Simon Stevin) તેમના પુસ્તક ''De spiegheling den Ebbenvloet (The Theory of Ebb and Flood)''માં ઘણીબધી ગેરમાન્યતાઓ કાઢી નાખી છે અને ભરતી માટે ચંદ્રનું આકર્ષણ જવાબદાર છે અને આ દિશામાં સંશોધનની જરૂરિયાત તરફ ધ્યાન દોર્યું. 1609માં જોહાન્નિસ કેપ્લરે (Johannes Kepler) પણ સૂચવ્યું હતું કે ચંદ્રનું ગુરુત્વાકર્ષણ બળ ભરતીનું કારણ છે. ગેલિલિયો ગેલિલિએ (Galileo Galilei) તેમનાં પુસ્તક ''Discourse on the Tides''માં 1616માં ભારપૂર્વક ચંદ્રના સિદ્ધાંતની ઠેકડી ઉડાડી છે અને ભરતીનું કારણ પૃથ્વી તેની ધરીની આસપાસ ફરે છે તે અને પૃથ્વીનું સૂર્યની આસપાસ પરિભ્રમણ છે તે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. ન્યૂટને પ્રિન્સિપિયામાં ભરતી માટે યોગ્ય સમજૂતી આપી છે, તે જોઈએ.

**ગુરુત્વાકર્ષણ બળ**

આપણે માધ્યમિક શાળામાં શીખેલા કે ગુરુત્વાકર્ષણ બળ એ અદૃશ્ય બળ છે જે વસ્તુઓને એકબીજા તરફ ખેંચે છે. કોઈ પણ પદાર્થ કે વસ્તુ જેમાં દ્રવ્ય છે તેમાં ગુરુત્વાકર્ષણ બળ છે. આ આકર્ષણ બળ નીચેના સમીકરણથી દર્શાવવામાં આવે છે.

$$F = G\frac{m_1 m_2}{r^2}$$

જ્યાં G ગુરુત્વાકર્ષણનો અચળ છે, $m_1$ અને $m_2$ બંને પદાર્થોનાં દ્રવ્યો છે અને r એ બંને પદાર્થના દ્રવ્યોની કેન્દ્રો વચ્ચેનું અંતર છે. પૃથ્વીના વિશાળ કદના કારણે દ્રવ્ય ઘણું હોઈને ગુરુત્વાકર્ષણ બળ વધારે હોઈને પદાર્થો પૃથ્વી તરફ આકર્ષાય છે. ગુરુત્વાકર્ષણ બળ ભરતીનું કારણ છે. પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વીની સપાટી ઉપર પાણીને પકડી રાખે છે. જોકે ચંદ્ર પણ મોટો અને પૂરતો નજીક હોઈને તેના ગુરુત્વાકર્ષણ બળની પૃથ્વી પરના પાણી ઉપર નોંધપાત્ર અસર પડે છે. પૃથ્વી ઉપરનું પાણી જે ચંદ્રની એકદમ નજીકમાં છે તે ચંદ્રના ગુરુત્વાકર્ષણ બળના કારણે ચંદ્ર તરફ આકર્ષાય છે, જે સમુદ્રની સપાટીને ખેંચે છે અને આના કારણે પાણીનો ઊપસી આવેલો ભાગ આકૃતિ-2માં બતાવ્યા પ્રમાણે છે. પૃથ્વી ઉપરનાં જુદાં જુદાં બિંદુઓનાં ચંદ્રથી અંતરો જુદાં જુદાં હોઈ ગુરુત્વાકર્ષણ બળ પણ જુદાં જુદાં છે. તે આકૃતિ-2માં બતાવ્યું છે.




આકૃતિ 2

પૃથ્વીના ચંદ્રના નજીકના બિંદુએ 1 કિલોગ્રામ દ્રવ્ય ઉપર લાગતું ચંદ્રનું ગુરુત્વાકર્ષણ બળ

$$F_{near} = \frac{(1kg)(\text{ચંદ્રનું દ્રવ્ય})}{(\text{1Kgનું ચંદ્રના કેન્દ્રથી અંતર})^2} G$$

$$= \frac{(1kg)(7.36 \times 10^{22} kg)}{(3.86 \times 10^8 - 6.37 \times 10^6 m)^2} (6.67 \times 10^{-11})$$

$$= 3.44 \times 10^{-5} N$$

અહીંયાં વપરાયેલી માહિતી :

G = 6.67 x $10^{-11}$ N. $m_2$ / $Kg_2$

પૃથ્વીનું દ્રવ્ય m = 5.97 x $10^{24}$ kg

ચંદ્રનું દ્રવ્ય m = 7.36 x $10^{22}$ kg

સૂર્યનું દ્રવ્ય m = 1.98 x $10^{30}$ kg

પૃથ્વીનો વ્યાસ = 1.496 x $10^8$ m

પૃથ્વીના ચંદ્રના નજીકના બિંદુની બરાબર સામેના બિંદુએ 1 કિલોગ્રામ દ્રવ્ય ઉપર લાગતું ચંદ્રનું ગુરુત્વાકર્ષણ બળ $F_{far}$

$$= \frac{(1kg)(\text{ચંદ્રનું દ્રવ્ય})}{(\text{1Kgનું ચંદ્રના કેન્દ્રથી અંતર})^2} \times G$$

$$= \frac{(1kg)(7.36 \times 10^{22} kg)}{(3.86 \times 10^8 + 6.37 \times 10^6 m)^2} (6.67 \times 10^{-11} N.m^2 \qquad = 3.22 \times 10^{-5} N$$

બન્ને વચ્ચેનો તફાવત $= F_{near} - F_{far} = (3.44 - 3.22) \times 10^{-5} = 0.22 \times 10^{-5} N$ છે.

આ તફાવત જ ભરતીનું નિર્માણ કરે છે. આ બંને બળો વચ્ચે લગભગ 7%નો ફેર છે. આ જ રીતે સૂર્યનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વીના સૂર્યની નજીકમાં નજીકના બિંદુએ રાખેલા 1 kg દ્રવ્ય ઉપર લાગતું બળ

$F^{sun}_{near} = 5.89975 \times 10^{-3} N$ છે.

આ જ પ્રમાણે આ બિંદુની બરાબર સામે રાખેલા 1 kg દ્રવ્ય ઉપર લાગતું સૂર્યનું ગુરુત્વાકર્ષણ બળ

$F^{sun}_{far} = 5.89874 \times 10^{-3} N$ .

આપણે ચંદ્ર અને સૂર્યનાં ગુરુત્વાકર્ષણ બળો સરખાવીએ તો

$$\frac{F^{sun}_{near}}{F_{near}} = \frac{5.89975 \times 10^{-3}}{3.44 \times 10^{-5}} = 1.715 \times 10^2 = 171.$$

આ ઉપરથી જોઈ શકાશે કે સૂર્ય ચંદ્ર કરતા 172 ઘણું બળ પૃથ્વી ઉપર લગાડે છે.

સૂર્યના ગુરુત્વાકર્ષણ બળો $F^{sun}_{near}$ અને $F^{sun}_{far}$ નો તફાવત જોઈએ.

$$F^{sun}_{near} - F^{sun}_{far} = (5.89975 - 5.89874) \times 10^{-3}$$

$$= 0.101 \times 10^{-5}\, N$$

આ તફાવત ભરતીનું નિર્માણ કરે છે. આ બળોના તફાવતને ભરતીનું બળ (Tide Force) તરીકે ઓળખવામાં આવે છે.

ચંદ્ર અને સૂર્યના કારણે લાગતા ભરતી બળોની સરખામણી કરીએ,

$$\frac{F_{near}^{sun} - F_{far}^{sun}}{F_{near} - F_{far}} = \frac{0.101 \times 10^{-5}}{0.22 \times 10^{-5}} = \frac{0.101}{0.22} = 0.46$$

આથી સૂર્યનું ભરતી બળ ચંદ્રના ભરતી બળ કરતાં લગભગ અડધાથી ઓછું હોઈને ભરતી માટે ચંદ્ર વધારે જવાબદાર છે. આપણે ભરતી બળ શોધવા માટે પૃથ્વી ઉપરના એકદમ નજીકનાં બે બિંદુઓ લઈએ જેમનાં અંતરો ચંદ્રથી r અને r + $\Delta$r છે. આ બિંદુઓએ લાગતા ચંદ્રના ગુરુત્વાકર્ષણ બળોનો તફાવત લઈએ :

$$F(r) - F(r + \Delta r) = \frac{GM_e \times M_m}{r^2} - \frac{GM_e \times M_m}{(r + \Delta r)^2}$$

$$= GM_e M_m \left( \frac{r^2 + 2r\Delta r + (\Delta r)^2 - r^2}{r^2 (r + \Delta r)^2} \right)$$

$$= GM_e M_m \; \frac{2r\ \Delta r + (\Delta r)^2}{r^2 (r + \Delta r)^2}$$

$(\Delta r)^2$ નાનો હોઈને આપણે

$$F(r) - F(r + \Delta r) \approx \frac{G M_e M_m (2r \Delta r)}{r^2 (r + \Delta r)^2}$$

$$\approx G M_e M_m \frac{\Delta r}{r^3}$$ થાય.

આથી, ભરતી બળ (Tide Force) અંતરના ઘનના વ્યસ્ત પ્રમાણ છે.

આને બીજી રીતે જોઈએ તો :

$$\frac{dF}{dr} = \frac{lim}{\Delta r \to o} \; \frac{F(r + \Delta r) - F(r)}{\Delta r} = \frac{2GM_e M_m}{r^3}$$


$F(r) = -\dfrac{GM_m M_e}{r^2}$ આથી $\dfrac{dF}{dr} = \dfrac{2GM_e M_m}{r^3}$

ટૂંકમાં ભરતી બળ અંતરના ઘનના વ્યસ્તના પ્રમાણમાં છે.

અત્યાર સુધી જે પ્રમાણે જોયું તે પ્રમાણે ચોવીસ કલાકમાં પૃથ્વી ઉપર ફક્ત એક જ વખત ચંદ્રની સૌથી


નજીકની બાજુ ઉચ્ચ ભરતી જોવા મળી. જો તમે સમુદ્રની નજીક રહેતા હોય, તો તમે જોયું હશે કે બે વખત ભરતી અને બે વખત ઓટ દરરોજ જોવા મળે છે. આ બીજી ભરતી આવી ક્યાંથી ? પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના ગુરુત્વાકર્ષણ બળના કારણે બંને એકબીજાની નજીક આવે તેવું બનવું જોઈએ, પણ તેમ બનતું નથી. કારણ કે ગુરુત્વાકર્ષણ બળનો વિરોધ બહારનાં બળો કરે છે. બહારનાં બળો પૃથ્વી અને ચંદ્રના પરિભ્રમણના કારણે પેદા થાય છે અને આ બળો આંતરવર્તી બળ (Inertia Force) તરીકે ઓળખાય છે. પૃથ્વી તેની ધરતીની આસપાસ એક દિવસમાં ફરે છે. આ ધરીની આજુબાજુ પરિભ્રમણના કારણે જે કેન્દ્રોપ્રગામી બળ (centrifugal force) લાગે તેને આપણે જાણીએ છીએ કે


કેન્દ્રોપ્રગામી પ્રવેગ (Centrifugal force) = $r^2r$ જ્યાં Wએ પૃથ્વીનો પુનરાવર્તન દર (Rotation Rate) છે અને $r = \frac{2\pi}{T}$ જ્યાં દિવસની લંબાઈ અને r પૃથ્વીની ત્રિજ્યા છે. આ બધી અચળ સંખ્યાઓ હોઈને કેન્દ્રાપ્રગામી બળ અચળ છે. આ આકૃતિ-3માં બતાવ્યું છે. લોકમાન્યતાથી વિપરીત, ચંદ્ર માત્ર પૃથ્વીની આસપાસ ફરતો નથી, પણ હકીકતમાં પૃથ્વી અને ચંદ્ર બંને દ્રવ્યકેન્દ્રની (જે bary center તરીકે ઓળખાય છે) આસપાસ ફરે છે. પૃથ્વીનું દ્રવ્ય ચંદ્રના દ્રવ્ય કરતાં 82 ઘણું હોઈને દ્રવ્યકેન્દ્ર પૃથ્વીની નજીક છે. દ્રવ્યકેન્દ્ર હકીકતમાં પૃથ્વીની સપાટીથી નીચે 1600 કિ.મી. છે. પૃથ્વી અને ચંદ્ર આ કેન્દ્રની આસપાસ ફરે છે. પૃથ્વી-ચંદ્રની પ્રણાલીનું (System) પરિભ્રમણ આંતરવર્તી બળ પેદા કરે છે જે ચંદ્રના ગુરુત્વાકર્ષણ બળને સમતુલામાં રાખે છે કે જેથી પૃથ્વી અને ચંદ્ર તેમની ભ્રમણકક્ષામાં રહે. જડતા બળની (Inertial force) પૃથ્વી ઉપર દરેક જગ્યાએ સમાન





આકૃતિ 3

ચંદ્રની વિરુદ્ધ બાજુએ પૃથ્વી ઉપર A બિંદુએ ગુરુત્વાકર્ષણ બળ $F_g$ કરતાં જડતા બળ $F_r$ વધારે હોઈને ચોખ્ખું બળ (ભરતી બળ) ચંદ્રની વિરુદ્ધ છે જે આકૃતિ-4માં બતાવ્યું છે.




આકૃતિ 4




**આકૃતિ 5**

તીવ્રતા છે જે આકૃતિ-3માં બતાવ્યું છે અને તેની દિશા ચંદ્રથી ઊલટી દિશામાં છે. જ્યારે ગુરુત્વાકર્ષણ બળની દિશા ચંદ્ર તરફ છે જે આકૃતિ-2માં બતાવ્યું છે. આ ગુરુત્વાકર્ષણ બળ ચંદ્રની સૌથી નજીક પૃથ્વીની બાજુએ વધુ મજબૂત છે. આ અને જડતા બળ મળીને ભરતી બળ E આગળ ચંદ્રની દિશામા છે. કારણ કે ગુરુત્વાકર્ષણ બળ $F_g$ જડતા બળ $F_i$ કરતાં વધારે હોઈને E બિંદુએ ચોખ્ખું બળ ચંદ્રની દિશામાં છે. આથી આવાં E બિંદુની નજીકમાં ચોખ્ખા બળની દિશા ચંદ્રની દિશા છે. આવાં બળો આકૃતિ-4માં બતાવ્યા પ્રમાણેનો ઉપસેલો ભાગ (bulge) પાણી ખેંચી લાવે છે. આકૃતિ-5માં ઉપસેલો ભાગ અતિશયોક્તિભરી દર્શાવ્યો છે. હવે A બિંદુએ જડતા બળ $F_i$ ગુરુત્વાકર્ષણ બળ $F_g$ કરતાં વધારે હોઈને આકૃતિ-4માં બતાવ્યા પ્રમાણે ચોખ્ખું બળ ચંદ્રની સામેની દિશામાં Aની આસપાસનાં ચોખ્ખાં બળો પાણીને ખેંચી જઈને આકૃતિ-5માં બતાવેલો ઉપસેલો ભાગ બનાવશે અને આ બાજુ Aની આસપાસ Eની આસપાસની જેમ ભરતી આવે છે. ટૂંકમાં આપણને બે ભરતીઓ અને આકૃતિ-5માં બતાવ્યા પ્રમાણે બે ઓટો મળશે. પૃથ્વીની ત્રિજ્યાની તુલનામાં ઉપસેલો ભાગ ખૂબ જ નાનો હોય છે.

સૂર્ય દિવસ : પૃથ્વી સૂર્યની આસપાસ પરિભ્રમણ 24 કલાકમાં પૂરું કરે છે.

ચંદ્ર - દિવસ

ચંદ્રની ભરતીની સાયકલ : 24 કલાક પચાસ મિનિટ

નવી ભરતીની સાયકલ દરરોજ 50 મિનિટ મોડી શરૂ થાય છે.


ચિત્રો સાથે કેટલીક જાણીતી ઘટનાઓ સમજાવવી સરળ છે.

સૂર્યનું ગુરુત્વાકર્ષણ બળ અને પૃથ્વીનું કેન્દ્રોપગામી બળ ચંદ્રના બદલે સૂર્ય લઈને દોરી શકાય, પણ તીવ્રતામાં ફેર છે.


આકૃતિ-6(a)માં સૂર્ય અને ચંદ્ર બંને પૃથ્વીની એક જ બાજુએ અને આડી સીધી રેખામાં આકૃતિ-6 (a)માં બતાવ્યા પ્રમાણે છે. બંનેનાં ગુરુત્વાકર્ષણ બળો એક જ દિશામાં હોઈને બંનેનું પરિણામી બળ આકૃતિ-6 (a)માં બતાવ્યા પ્રમાણે રહેશે. આ બંને બળો એક જ દિશામાં હોઈને આ ભરતી મોટામાં મોટી હશે. તે જ પ્રમાણે ઓટ પણ હશે. આ ભરતી વસંત ભરતી (Spring tide) તરીકે ઓળખાય છે.

આકૃતિ-6(b)માં બતાવ્યા પ્રમાણે સૂર્ય અને ચંદ્ર બે લંબરેખાઓ ઉપર આવેલા છે. જ્યારે ભરતી સૂર્ય તરફના

આકર્ષણથી થાય ત્યારે ચંદ્ર સૂર્ય તરફની ભરતીમાં ઓટ લાવે છે. આ જુદી જુદી દિશામાં હોઈને સરવાળો (કે બાદબાકી) કરતાં નાનામાં નાની ભરતી છે. અંગ્રેજીમાં નીપ ભરતી (neap tide) તરીકે ઓળખાય છે.




આકૃતિ 6(a)





આકૃતિ 6(b)

ન્યૂટને ભરતી અને ઓટ જે આપણે જોઈએ છીએ તે સમજાવતા પાયાના વિચારો અને સાબિતીઓ પ્રિન્સિપિયામાં આપી છે. તેની સાબિતી જોઈને તમને આનંદ એટલા માટે થશે કે માનવ કેવું વિચારી શકે છે. ક્યાંના ક્યાં જઈને સાબિતી આપી છે તે મારી દૃષ્ટિએ અદ્ભુત છે. બે વખત ભરતીઓ અને બે વખત ઓટ દરિયામાં આવે છે. આ કઈ રીતે સાબિત કરવું ? આના માટે પુસ્તક એકનું પ્રમેય 66 અને તેનાં ત્રણ ઉપપ્રમેયો જરૂરી હોઈને આપણે જોઈએ

Theorem 66 : Let three bodies – whose forces decrease as the squares of the distance – attract one another and let the accelerative attractions of any two toward the third be to each other inversely as the squares of the distances, and let the two lesser ones revolve about the greatest Then I Say that if that greatest body is moved by these attractions, the inner body [of the two revolving bodies] will describe about the inner most and greatest body, by radii drawn to it, areas more nearly proportional to the times and a figure more closely approaching the shape of an ellipse (having its focus in the meeting point of the radii) than would be the case if that greatest body were not attracted by smaller ones and were at rest, or if it were much less or much more attracted and were acted on either much less or much more.

**પ્રમેય 66 :** ત્રણ પદાર્થો લઈએ કે જે એકબીજાને આકર્ષે છે અને તે આકર્ષણબળ અંતરના વર્ગના પ્રમાણમાં ઘટે છે અને ગમે તે બેના પ્રવેગ આકર્ષણ ત્રીજા પદાર્થ તરફ એકબીજાના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે અને બે ઓછા (lesser) દ્રવ્યવાળા વધારેમાં વધારેની (Greatest) આસપાસ પરિભ્રમણ કરે છે. ત્યારે હું કહું છું કે જો વધારેમાં વધારે દ્રવ્યવાળો પદાર્થ આ આકર્ષણોથી ખસતો હોય, અંદરનો પદાર્થ (બે પરિભ્રમણ કરતા પદાર્થમાંથી) સૌથી અંદરના અને વધારે વધારે દ્રવ્યવાળા પદાર્થના કેન્દ્રને જોડતી ત્રિજ્યાઓ દોરીને મળતું ક્ષેત્રફળ સમયના પ્રમાણસર છે અને આકૃતિ ઉપવલયના આકારને પહોંચે (બધી ત્રિજ્યાઓના મળવાના બિંદુએ તેનું નાભિ (Focus) છે. આના કરતાં જો મોટામાં મોટો પદાર્થ નાનાઓથી આકર્ષાયો ન હોય અને તે સ્થિર હોય અથવા જો તે ઓછું કે ઘણું વધારે આકર્ષાયો હોય અને ઘણી ઓછી કે વધારે પ્રક્રિયા (acted) થઈ હોય તોપણ આનો દાખલો બને છે.

જ્યાં LM PTને સમાંતર છે.




આકૃતિ

T એ મુખ્ય પદાર્થ છે. (T એ પૃથ્વી છે). Tનો ચંદ્ર કે સેટાલાઇટ P (Planete કે Secondary planet) છે. આ બંનેને અસ્વસ્થ બનાવનાર પદાર્થ S (sun) છે. આ ત્રણે પદાર્થો એકબીજાને આકર્ષણ બળ F કે જે અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે થી આકર્ષે છે. અહીંયાં T 'greatest body'' છે. જેની આસપાસ P 'inner Orbit'માં જ્યારે S 'outer orbit'માં મુસાફરી કરે છે.

S અને Pના સરેરાશ અંતરને SKથી દર્શાવીશું. Sના P ઉપર લાગતા ''acceleractive [measure of the] attraction'' ને SKથી દર્શાવવા માટે Scale એ રીતે લઈએ કે જે

$$\frac{SL}{SK}=\left(\frac{SK}{SP}\right)^2 \text{ છે, આથી } SL=\frac{SK^3}{SP^2} \text{ છે.}$$

આ રીતે આપણને L બિંદુ મળે છે.

P ઉપર SP અંતરનું ''acceleractive attracion'' બળ SL થશે. આથી SL બળનું વિઘટન કરતાં SM બળ અને LM બળ મળશે. P બિંદુએ લાગતાં બળોમાં TP બળ છે જે P બિંદુને ઉપવલયી ભ્રમણકક્ષામાં રાખે છે અને જેની એક નાભિ Tનું કેન્દ્ર છે અને સરખા સમયમાં સરખું ક્ષેત્રફળ કાપે છે. જ્યારે LM બળ PTને સમાંતર બળ છે, પણ તે અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં ન હોઈને ફક્ત Pની ભ્રમણકક્ષાને ઉપવલયને થોડોક આઘોપાછો કરશે. જ્યારે ત્રીજું બળ SM પદાર્થ Pને STની સમાંતર રેખામાં ખેંચી લાવશે.

જે રીતે Sનું P ઉપર લાગતું બળ SPનું 'acceleractive attracion' બળ SL હતું તે જ રીતે Sનું T ઉપર લાગતા બળ STનું 'acceleraction attracion' બળ SN છે.

જો SN < SM હોય તો SM માંથી SN બાદ કરતાં MN ભાગ રહેશે. આ ભાગ MN ક્ષેત્રફળ અને સમય, ભ્રમણકક્ષા વગેરેને હચમચાવશે.

જો SN = SM હોય તો MN = 0 આથી ભ્રમણકક્ષાઓ, ક્ષેત્રફળ અને સમયમાં ફેરફાર થશે નહિ.

ધારો કે SN = Õ અને SM બદલાતો નથી. બદલનાર બળ NM બરાબર SM જે ઘણું વધારે બળ

ગણાય આથી આપણે કહી શકીએ કે આની અસર ઘણી છે.

**ઉપપ્રમેય 18 :** ધારો કે ઘણા પ્રવાહી ભરેલા પદાર્થો (નળાકાર આકારના) પદાર્થ Tની આસપાસ સરખા અંતરે આવેલા છે. P જે બળના નિયમથી T તરફ આકર્ષાય છે તે જ નિયમથી પ્રવાહી ભરેલા પદાર્થો T તરફ આકર્ષાય છે. આ પ્રવાહી ભરેલા પદાર્થોને એકબીજાને જોડો ને Tની આસપાસ રિંગ બનાવીએ. આ રિંગ Tને સમાન કેન્દ્રીય છે અને ગોળાકાર છે. આપણે ઘણાબધા લઈએ જેથી એકબીજાને અડે.


અહીંયાં આપણે પુસ્તકમાં વપરાયેલાં અંગ્રેજી શબ્દો જોઈએ.

''Syzygies (સીઝીગિસ)''નો અર્થ ''places of being yoked to gether) (એકબીજાને જોડેલી જગ્યાઓ).''

''Conjunction (કન્જકશન)''નો અર્થ ''The moon is on the same side of the earth and the Sun and in a stratight line (ચંદ્ર, પૃથ્વી અને સૂર્યની બાજુએ હોય અને ત્રણે સીધી રેખામાં હોય.)''

''Opposition (ઓપોઝિશન)''નો અર્થ ''The moon is on the Opposite side of the earth from the Sun (સૂર્યથી ચંદ્ર પૃથ્વીની સામેની બાજુએ છે) and in straight line (સીધી રેખામાં છે).''


''Quadrature (ક્વૉડ્રેચર)''નો અર્થ ''A planetary position in which the sun, the Earth and the Moon form a right angle with the earth at the vertex છે. (સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર કાટખૂણો બનાવે છે, જેમાં પૃથ્વી શિરોબિંદુ છે.)''



**આકૃતિ**

પદાર્થ Pના બળના નિયમ પ્રમાણે નાના નાના પ્રવાહી ભરેલા પદાર્થો

**ઉપપ્રમેય 2 :** પદાર્થ P અને પદાર્થ T વચ્ચે આકર્ષણબળ તેમના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં હોઈને ભ્રમણકના ઉપલવયી છે જે અહીંયાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવી છે. ગણિત અને સમય બંનેનાં કારણે કોઈ પણ જગ્યાએ મળતા વેગનું સૂત્ર મેળવવાના બદલે આપીશું જે




$$V^2 = \left(\frac{dr}{dt}\right)^2 + r^2\left(\frac{d\upsilon}{dt}\right)^2 \approx r^2\left(\frac{d\upsilon}{dt}\right)^2$$

$h = r^2 \dfrac{dr}{dt}$ હોઈને hની કિંમત મેળવીને $\dfrac{d\upsilon}{dt}$ની કિંમત મૂકતાં આપણને

$$V^2 \cong \frac{\langle h \rangle^2_{av}}{r^2}\left[1 + \frac{3}{2}\frac{m^2}{1-m}\cos 2\Psi + 0\left(m^4\right)\right]$$

મળશે.[1] અહીંઆ $\langle h \rangle_{av}$ સરેરાશ છે. અને $m \cong 0.075$ અને ઉપવલયનું સમીકરણ $r = 1 - x\cos 2\Psi$ મેળવી શકાય. આનો ઉપયોગ કરતાં conjuction બિંદુએ $\psi = 0$ અને opposition બિંદુઓ માટે $\psi = \pi$ મૂકતાં

$V_1^2 = \dfrac{\langle h \rangle^2_{av}}{(1-x)^2}\left(1 + \dfrac{3}{2}\,\dfrac{m^2}{1-m}\right)$ મળે. હવે આપણે Quadrature બિંદુઓ C અને D હોઈને


$\Psi = \pi/2$ કે $\frac{3\pi}{2}$ મૂકતાં $V_O^{\,2} = \frac{\langle h\rangle^2_{av}}{(1+x)^2}\left(1+\frac{3}{2}\,\frac{m^2}{1-m}\right)$ થાય. આમાંથી જોઈ શકાય કે

$V_1 > V_0$

આથી A અને B બિંદુઓએ C અને D બિંદુઓ કરતાં વધારે વેગ છે.

આ સર્વે માહિતી Newton's Principia for the common readerમાં આપેલી છે.

**ઉપપ્રમેય ૧૯**




ધારો કે ગોળાકાર T જે પ્રવાહી વગરના પદાર્થનો બનેલો છે તેને વિસ્તૃત કરીએ કે જેથી તેની બધી બાજુઓ રિંગને મળે. આ નવા ગોળા Tના પરિઘની આસપાસ નીક બનાવીએ જે રિંગ છે તે પાણીથી ભરેલી છે અને આ નવો ગોળો તેની ધરીની આસપાસ જૂના T ના કાળખંડ (Perid) પ્રમાણે ફરે છે.

આ પાણી ઉપપ્રમેય 2 થી A અને B એ વધારેમાં વધારે ઝડપથી અને C અને D એ ઓછામાં ઓછી ઝડપે વહે છે. આજ રીતે નીકમાં જે રીતે પ્રવાહી વહે છે તે જ રીતે દરિયામાં વહે છે.

**પુસ્તક 3નો અગત્યનો પ્રમેય :**

**પ્રમેય 3.24**

That the flux and reflux of the sea arise from the actions of the sun and the Moon.

દરિયાની ભરતી અને ઓટ સૂર્ય અને ચંદ્રની ક્રિયાઓમાંથી ઉદ્ભવે છે.

પુસ્તક 1ના પ્રમેય 66ના ઉપપ્રમેયો 2, 18, 19 અને 20થી દરિયાનું પાણી બે વખત ઊંચું થાય અને બે વખત નીચે આવે.

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખ્યો છે :


1. Chandrasekhar, S. Newton's Principia for the common Reader. Oxford : Clarendon Press, 1995.
2. Cohen, I. Bernard and Whiteman, Ann. Isaac Newton : The Principia, University of Califronia Press, Berkely. 1999.
3. Densmore, Dana, Newton's Principia The Central Argument. Green Lion Press, Santa Fe New Mexico, 2003.
4. Colin, Pask. Magnificent Principia. Prometheus Book, New York. 2019



**– વિઠ્ઠલભાઈ અં. પટેલ**

'સ્વરાજ', નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,

મુ.પો. શેરથા, તા.જી. ગાંધીનગર

મો. 94280 19042


1. સાબિતિ માટે જુઓ ચંદ્રશેખરના પુસ્તકનું પાન 243

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**વાચક દયાસાગર કૃત મદનરાજર્ષિ ચતુષ્પદી : એક જૈન રાસ-કૃતિ, મુઘલશૈલીનાં લઘુચિત્રોથી અલંકૃત / સંપાદક : વિજયશીલચન્દ્રસૂરિ.** અમદાવાદ : કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિ; વિક્રેતા : સરસ્વતી પુસ્તક ભંડાર, ૨૦૨૩. ૩૩ + ૧૮૨ પૃ. ૩૦ x ૧૮ સેમી. મૂલ્ય રૂ. ૧૨૫૦.

આચાર્યશ્રી વિજયશીલચન્દ્રસૂરિજી મહારાજ સાહેબ જૈનધર્મ-દર્શન, ઉપરાંત સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જુની ગુજરાતી, લિપિવિદ્યા, હસ્તપ્રતવિદ્યા અને ચિત્રકલાના પ્રબુદ્ધ જ્ઞાતા છે, જેની પ્રતીતિ તેમનાં વિવિધ વિષયક મૌલિક અને સંપાદિત પુસ્તકો ઉપરાંત તેમના દ્વારા સંપાદિત અનિયતકાલીક શોધપત્રિકા **'અનુસન્ધાન'**ના માધ્યમથી થાય છે. આચાર્યશ્રી દ્વારા સંપાદિત પ્રસ્તુત કૃતિ મધ્યકાલીન રાસ પરંપરાનું પ્રતિનિધિત્વ કરતી એક મહત્ત્વપૂર્ણ **'રસાળ રાસ કૃતિ'** હોવાની સાથે તેની સચિત્ર હસ્તપ્રત (આચાર્યશ્રી વિજયનેમિસૂરિ જ્ઞાનભંડાર, અમદાવાદની પ્રત. જોકે આ હસ્તપ્રત મૂળમાં કદમ્બગિરિ તીર્થના 'શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાનભંડારમાં હતી) **'લોકાશ્રયી મુઘલશૈલી'**ની ચિત્રકલાના ઉત્તમ નમૂનારૂપ છે, જેમાં કુલ ૭૪ પત્રો છે. આ પત્રો પૈકી ૪૭ પત્રો એક કે ક્વચિત એકથી અધિક ચિત્રો ધરાવે છે, ૯ પત્રો પૂર્ણતઃ સચિત્ર છે અને ફક્ત ૧૮ પત્રો ઉપર કોઈ ચિત્રો નથી. આ હસ્તપ્રત સુઘડ અને સરસ અક્ષરોમાં લખવામાં આવી હોવા ઉપરાંત ચિત્રકલાના ઉત્તમ નમૂના જેવાં કલાત્મક અને સુરુચિપૂર્ણ ૬૦થી અધિક ચિત્રો ધરાવતી હોવાથી ભારતીય કલાવારસાની જાળવણી અને તેને પ્રજાસમક્ષ ઉજાગર કરવાના હેતુસર તેનું મૂળસ્વરૂપમાં જ મુદ્રણ કરવામાં આવ્યું છે. આ કૃતિની ચોપાઈ નં. ૩૫૬-૩૫૯ (સળંગ કડી નં. ૫૬૪-૫૬૭)માં નોંધવામાં આવ્યું છે કે આ કૃતિ દયાસાગર વાચક કૃત છે. અને ચોપાઈ નં. ૩૫૯માં આ કૃતિનું નામ **'મદન - રાજરિષિની ચઉપઈ'** જણાવ્યું છે. તેમણે પોતાની અચલગચ્છીય ગુરુપરંપરા વર્ણવતાં પોતાના ગુરુનું નામ ઉદયસમુદ્ર જણાવ્યું છે. આ ઉપરાંત અંતિમ દુહા નં. ૧થી ૫ (સળંગ કડી નં. ૫૬૮ થી ૫૭૨)માં દર્શાવ્યું છે કે આ કૃતિની રચના ઝાલોરમાં સંવત ૧૬૬૯ના આસો સુદ-૧૦ને ગુરુવારે પૂર્ણ કરી.

આચાર્યશ્રીએ આ કૃતિનું દેવનાગરી લિપિમાં લિપ્યંતર કરીને મૂળ હસ્તપ્રતના જે તે પત્રના પાઠની સામે જ તેનું લિપ્યંતર આપવાનું ધ્યેય રાખ્યું છે. આમ છતાં મુદ્રિત પૃષ્ઠ ઉપર પર્યાપ્ત જગાના અભાવે સામસામે પાઠ ગોઠવી શકાયો નથી. ઉદા. તરીકે હસ્તપ્રતના પૃ. ૩૭નો પાઠ તેની સામેના પૃ. ૩૮ના બદલે પૃ. ૪૬ની અધવચ્ચેથી શરૂ થતો જોવા મળે છે. આ સાથે જ નોંધવું રહ્યું છે મૂળ હસ્તપ્રતમાં ચોપાઈ, દુહા, ઢાળ, કાવ્યમ, વસ્તુ વગેરેનો ક્રમ અલગ અલગ શ્રેણીઓમાં નોંધવામાં આવ્યો છે, પરંતુ આચાર્યશ્રીએ ચોપાઈની કડીઓનો સળંગ ક્રમ ૧થી ૩૫૯ આપવા ઉપરાંત ચોપાઈ, દુહા, ઢાળ, વસ્તુ વગેરેની કડીઓને એક સળંગ ક્રમમાં આવરી લઈને કડીઓનો ક્રમ નંબર ૧થી ૫૭૨ આપ્યો છે, જે સંદર્ભ નોંધ માટે વિશેષ ઉપયોગી બની રહે છે (ઉદા. તરીકે જુઓ પરિશિષ્ટ-૩ : કેટલાક શબ્દો, પૃ. ૧૭૩-૭૪). લિપ્યંતર આપવાની સાથે જ સંપાદન અને મુદ્રણ માટે ઉપયોગમાં લીધેલ આચાર્યશ્રી વિજયનેમિસૂરિ ભંડારની પ્રતના પાઠને અન્ય ૯ પ્રતો (Aથી I) ના પાઠ સાથે મેળવીને તેનાં પાઠાન્તરો પણ પાદટીપમાં નોંધ્યાં છે. જોકે આ હેતુ ઉપયોગમાં લીધેલ Aથી Iની પ્રતો કયા જ્ઞાનભંડારની છે તેનો ઉલ્લેખ છૂટી ગયો છે, પરંતુ આ પ્રતોની પુષ્પિકાઓ પૃ. ૧૫૧ ઉપર નોંધી છે. લિપ્યંતર સંદર્ભે નોંધવું રહ્યું કે હસ્તપ્રતના અંતિમ પૃ. ૧૪૭નું લખાણ ઘણું ઝાંખું થયું હોવા છતાં અને હસ્તપ્રતમાં અન્યત્ર કેટલાક શબ્દો ક્ષતિગ્રસ્ત થયા છે તે ભારે પરિશ્રમ લઈને અથવા સંભવતઃ અન્ય હસ્તપ્રતોનો સહારો લઈને તેનો પાઠ નિર્ધારિત કરી આપ્યો છે. આ ઉપરાંત કૃતિમાં આવતાં કેટલાંક મહત્વપૂર્ણ નામો, સ્થાનો વગેરે, જેમ કે 'રતનસિંહ', 'ગુણમંજરી', 'સિંહલદ્વીપ', 'શત્રૃંજયગિરિ', 'દામ', 'વયરસિંહ', 'મદનશતકના દુહડા' વગેરે. કાળા ઘાટા (બૉલ્ડ) અક્ષરોમાં મુદ્રિત કરાવ્યા છે.

પ્રસ્તુત ગ્રંથના સંપાદકીય 'જૈન રાસ-કથા અને મુઘલશૈલીના કથાચિત્રોનું રસિક સાયુજય (શ્રી મદનરાજર્ષિ

ચોપાઈ)'માં આચાર્યશ્રીએ કથા સાહિત્યસ્વરૂપ અને પોપટ આધારિત કથાઓનું પ્રચલન, કૃતિનું રસાસ્વાદન અને તેની વિશેષતાઓ, હસ્તપ્રત પ્રથમાદર્શ- autograph copy છે કે કેમ ? ચિત્રશૈલી 'જૈન ચિત્રશૈલી' કે અન્ય કોઈ શૈલી ? તેનો ચિતારો કોણ ? વગેરે વિશે સંશોધકીય અભિગમથી જે અર્થસભર ચિંતન રજૂ કર્યું છે તેમાં સઘન સ્વાધ્યાયશીલતા અને ખુલ્લાપણું એટલે કે પોતાના મતના આગ્રહી ન બની રહેવાનું અર્થાત્ એનકાન્તવાદી વલણ સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે. આ હસ્તપ્રતનો લહિયો તેનો કર્તા સ્વયં કે અન્ય કોઈ ? લહિયાના નામનો ઉલ્લેખ નથી તેથી પ્રથમ દૃષ્ટિએ કર્તા જ તેનો લેખક હશે તેમ ન સ્વીકારતાં આચાર્યશ્રીનું મંતવ્ય રહ્યું છે કે ''કોઈ સ્પષ્ટ આધાર/પ્રમાણ ન મળે ત્યાં સુધી અનુમાનો કેવળ અનુમાનો જ રહી જવાનાં, તેને 'પ્રમાણ' માનીને ચાલવાની ઉતાવળ ન થાય''. આ સાથે જ આ સંદર્ભે ધ્યાને લેવું રહ્યું કે પાઠ સંશોધન માટે ઉપયોગમાં લીધેલ Aથી Iની પ્રતો પૈકી E અને H પ્રતોની પુષ્પિકાઓમાં તેના લેખક (લહિયા)નો ઉલ્લેખ નથી. એટલે સહજ રીતે પ્રશ્ન ઉદ્ભવે છે કે શું આ પ્રતો કર્તાના હસ્તાક્ષરમાં હશે ? વધુમાં, આચાર્યશ્રીનું સ્પષ્ટ મંતવ્ય રહ્યું છે કે આ કૃતિ જૈનધર્મ સંબંધિત છે અને જૈન સાધુએ રચેલી છે. ચિત્રોનું વિષયવસ્તુ જૈનધર્મ સંબંધી હોવા છતાં આ ચિત્રોને **'જૈન ચિત્રો'** કે **'જૈન ચિત્રશૈલીના નમૂના'** તરીકે ઓળખવાં તે ઉચિત નથી. આ સાથે જ ભારતીય ચિત્રકળાના વિકાસની ઝલક દર્શાવીને તેમાં જૈન શ્રેષ્ઠીઓ અને સાધુ ભગવંતોના પ્રદાનને ઉજાગર કરી આપ્યું છે. આ સાથે જ સમયાન્તરે **'જૈન ચિત્રશૈલી'**ના અસ્ત થવા માટે ''જૈન વર્ગ કલારસિકતાની દૃષ્ટિએ નીરસ બની ગયો, એમ કહીએ તો ખાસ વાંધો નથી'' નું તારણ, અને સામે પક્ષે **'જૈન શૈલી'** સ્વીકારવાના વિરોધીઓના વલણને ઉઘાડું પાડતાં નોધ્યું છે કે 'જેમને જૈન શબ્દ પ્રત્યે અરુચિ છે તેવા અમુક કલામર્મજ્ઞો આ બધાંને 'વિકૃત' રૂપ ગણાવે છે અને વિકૃતિને વર્ણવવા માટે 'અપભ્રંશ' શબ્દ પ્રયોજે છે. તેમના મતે અજંતાની કળાની, આ શૈલી, વિકૃતિ માત્ર છે.''

આચાર્યશ્રીએ પ્રસ્તુત કૃતિની રચનાનો હેતુ 'મધ્યકાલના વાતાવરણમાં લોકઘડતર માટે અને બહુજનસમાજને ઉત્તમ ધર્મ-પ્રયોજનમાં જોડી રાખવા'નો ગણાવીને તેની કથા 'કૌતુકરાગી જરૂર છે, પરંતુ શૃંગાર પ્રધાન નથી... આમાં શૃંગારરસ અલ્પમાત્રામાં પણ નથી' તેમ સ્પષ્ટ નોંધ્યું છે. વળી મધ્યકાલમાં પ્રચલિત **'શુકસપ્તતિ'**, **'સુડાબહોંતરી'** કે જે ભારત બહાર પણ પ્રસાર પામી હતી, અને તેના અનુવાદો પર્શિયનમાં **'તૂતીનામા'** તરીકે પ્રચલિત થયા છે તે વગેરેની નોંધ લઈને આ પ્રકારના કથાસંપુટોનો પ્રભાવ 'મદનચોપાઈ' ઉપર હોવાનું સંભવિત જણાવ્યું છે. વધુમાં ભારતીય કલાવારસો અને તેનો ઉગમ, જૈન તીર્થંકર ઋષભદેવ દ્વારા ૭૨/૬૪ કલાઓનો આવિષ્કાર કરવો, અંજતા, ઈલોરા વગેરેમાં ઉપલબ્ધ પ્રાચીનતમ ગુફાચિત્રો, પ્રચલિત વિવિધ ચિત્રશૈલીઓ, 'જૈન ચિત્ર શૈલી' અને જૈનોનું પ્રદાન, ચિત્રકારો માટેની તાલીમ શાળાઓની સંભવિતતા, મુસ્લિમ શાસકોનો ચિત્રકલા પ્રેમ અને તેમની ચિત્રશૈલી, અને તેમાં ભારતીય કલાનાં તત્ત્વોનું મિશ્રણ વગેરે વિશે સુરેખ છાનબીન કરી છે.

**'મદનરાજર્ષિ ચોપાઈ'**નો સંભવિત ચિતારો ઉસ્તાદ શાલિવાહન છે કે કેમ ? આ સંદર્ભે ડૉ. ઉમાકાન્ત શાહ, સરયૂ દોશીના મુખે સાંભળેલ સ્પષ્ટ હકારાત્મક અભિપ્રાયો ઉપરાંત 'ધન્નાશાલિભદ્રની ચોપાઈ' અને એક અન્ય વિજ્ઞાપ્તિપત્રનાં ચિત્રોનો ચિત્રકાર શાલિવાહન હોવાનો નામોલ્લેખ, Cleveland Museumમાં સંગૃહીત તૂતીનામા'નાં ચિત્રો (પ્રકા. ૧૯૭૮) અને 'મદનરાજર્ષિ ચોપાઈ'નાં ચિત્રોની વચ્ચે સામ્યતાની સઘન તપાસ કરવામાં આચાર્યશ્રીનો ચિત્રકલાપ્રેમ, જિજ્ઞાસા અને સંશોધકીય અભિગમનાં સ્પષ્ટ દર્શન થાય છે. પોતાના અભ્યાસના અંતનું અવલોકન : 'અહીં (મદનરાજર્ષિ ચોપાઈ) ચિત્રકારનો નામોલ્લેખ ન હોવાથી, ચિત્રો શાલિવાહનનાં જ હોવા વિશે સંદેહ અવશ્ય થાય. તેમ 'જ' કારપૂર્વક આપણે તે વિધાન ન કરી શકીએ, એમ કરવાથી પ્રામાણિકતા સચવાશે. આમ છતાં ચિત્રોની શૈલી તથા સ્વરૂપ જોતાં એટલું કહી શકાય કે આ ચિત્રો કાં તો શાલિવાહન દ્વારા નિર્મિત હશે, અથવા તેની Schoolમાં શિક્ષા પામેલા કોઈ ઉત્તમ કલાકારનું સર્જન હશે; આ સિવાય કોઈ કલ્પના જાગતી કે જામતી નથી' આચાર્યશ્રીની વિશુદ્ધ સંશોધકીય નિષ્ઠા અને તાટસ્થ્યનું દ્યોતક બની રહે છે.

આ ઉપરાંત કૃતિનો રસદર્શી કથાસાર, અને ૪ અર્થપૂર્ણ પરિશિષ્ટો આપ્યાં છે : ૧. ચિત્રોનો સંક્ષિપ્ત પરિચય [પરિચય ચિત્રકૃતિઓની સમજ માટે વિશેષ ઉપકારક બની રહે છે.] ૨. કવિ દામોદર રચિત મદનશતક, સંપા. અગરચંદ નાહટા (ભારતીય સાહિત્ય વર્ષ ૩, અંક

૩-૪, (૧૯૬૨), ૧૨૪ - ૧૩૬) [કવિ દયાસાગરે પ્રસ્તુત કૃતિની રચના પૂર્વે કવિ દામોદરના નામે **'મદનશતક'**ની રચના કરી હતી, જેનો ઉલ્લેખ તેમણે 'મદન ચોપાઈ'ની કડી નં. ૫૬૮ માં : **'મદનશતકના દુહડા.... તે પણિ મઈ પહિલા કીયા'** કર્યો છે. કર્તાનું આ નામ આચાર્યશ્રી 'ઘણા ભાગે ગૃહસ્થ' ગણાવે છે.], ૩. કેટલાક શબ્દો [કઠિન શબ્દોના અર્થ સાથે. શબ્દ જ્યાં વપરાયેલ તે કડીના સંદર્ભે સાથે], ૪. મદનચોપાઈગત ગાથાઓનો અકારાદિક્રમ [કુલ ૫૭૨ કડીઓ]. આ પરિશિષ્ટો તૈયાર કરવામાં સંપાદકીય દૃષ્ટિ અને નિષ્ઠાની સહજમાં પ્રતીતિ થાય છે. ખાસ તો આ કર્તા દ્વારા સમાન વિષય ઉપર રચવામાં આવેલ તેની પૂર્વ રચના પરિશિષ્ટમાં સુલભ કરાવી આપવામાં આચાર્યશ્રીની દૂરંદેશિતા ધ્યાનાર્હ બની રહે છે.

સામાન્યતઃ હસ્તપ્રતોની પુષ્પિકાઓ - Colophon, Post-Colophon-માં તેના કર્તા, લેખક (લહિયો), લેખન કરાવનાર શ્રેષ્ઠી વગેરે, લેખન સ્થળ અને સમય, શાસક વગેરે સંબંધી માહિતી આપવામાં આવે છે, પરંતુ સચિત્ર હસ્તપ્રતોના કિસ્સામાં આ વિગતો સિવાય તેના ચિત્રકાર/ચિતારાના નામનો ઉલ્લેખ જોવામાં આવતો નથી. આ સંદર્ભે આધારભુત માહિતી મેળવવા મુનિ પુણ્યવિજયજી વગેરે કૃત હસ્તપ્રતવિદ્યાના કેટલાક ગ્રંથો, હસ્તપ્રત પુષ્પિકાઓના અભ્યાસ ગ્રંથો (જેમકે મનીષા ભટ્ટ, ૨૦૦૭), જૈન ચિત્રકલા અને સચિત્ર હસ્તપ્રતોના જ્ઞાતા સારાભાઈ નવાબ કૃત ગ્રંથ 'જૈનચિત્રકલ્પદ્રુપ' (૧૯૩૬) કે જેમાં વિવિધ હસ્તપ્રતોમાં પ્રાપ્ત લઘુચિત્રો પૈકી ૩૦૧ લઘુચિત્રોનો પરિચય કરાવ્યો છે, ઉમાકાન્ત શાહ કૃત **'Treasures of Jain Bhandaras (૧૯૭૮)** કે જેમાં હસ્તપ્રતોમાં ચિત્રિત આશરે ૧૫૦ જેટલાં લઘુચિત્રોની પ્રતિકૃતિઓ ઉપરાંત કલા વિવેચન તેમજ ૫૧૦ જેટલી સચિત્ર હસ્તપ્રતોની સૂચિ આપવામાં આવી છે, પરંતુ અહીં અન્ય વિગતોની સાથે જેતે હસ્તપ્રતમાં ચિત્રો દોરનાર ચિત્રકારનો ક્યાંય નામોલ્લેખ જોવા મળ્યો નથી, વગેરે ગ્રંથોમાં કોઈ ચિત્રકારનો આડ સંદર્ભ તરીકે ઉલ્લેખ છે કે કેમ ? અથવા તેમના અભ્યાસના ભાગ તરીકે આ પ્રકારની કોઈ હસ્તપ્રત જોવામાં આવી છે કે કેમ તે સંદર્ભ સઘન તપાસ કરતાં કોઈ સંદર્ભે પ્રાપ્ત થયો નથી. આ સંદર્ભે લિપિવિદ્યાનાં તજ્જ્ઞ, હસ્તપ્રત સૂચિકાર અને ભો. જે. વિદ્યાભવન (અમદાવાદ)નાં નિયામક ડૉ. પ્રીતિબહેન પંચોલીને પૃચ્છા કરતાં તેમણે જણાવ્યું કે એલ. ડી.માં કામગીરી દરમિયાન 'સંગ્રહણીસૂત્ર'ની હસ્તપ્રતમાં ગોવિંદ ચિતારાનો ઉલ્લેખ તેમના જોવામાં આવ્યો છે. સચિત્ર હસ્તપ્રતોમાં ચિતારાના નામના અભાવની સાથે સાથે સંસ્કૃતની અનેક હસ્તપ્રતોમાં કૃતિઓ કર્તાના નામનો અભાવ અર્થાત્ અજ્ઞાત કર્તૃત્વવાળી કૃતિઓ, કર્તાના નામના ઉલ્લેખ સિવાય કર્તા સંબંધી અન્ય માહિતી, જેમ કે કર્તાનાં માતા-પિતા, વતન, સમય વગેરેનો અભાવ, આરોપિત કર્તૃત્વવાળી કૃતિઓ વગેરે સંબંધી અનેક સમસ્યાઓનાં ઉદાહરણો નજરસમક્ષ છે. આ પ્રકારના અનેકવિધ પ્રશ્નોના કારણે આપણા ઉપર આળ છે કે ભારતીયોમાં ઐતિહાસિકતાનો અભાવ છે.

આપણી અણમોલ સાંસ્કૃતિક ધરોહર એવી હસ્તપ્રતો પૈકી કેટલીક હસ્તપ્રતો ઉપર નિર્દેશિત સમસ્યાઓથી ગ્રસિત છે, જેના સુચારુ ઉકેલ માટે કર્મઠ વિદ્યાકીય પુરુષાર્થ અપેક્ષિત બની રહે છે. સંપાદિત પ્રસ્તુત હસ્તપ્રત 'મદનરાજર્ષિચતુષ્પદી'ની સચિત્ર હસ્તપ્રતનો ચિત્રકાર કોણ છે તેનો ઉલ્લેખ હસ્તપ્રતમાં નથી. સંભવિત ચિત્રકારની ઓળખ માટે પ્રસ્તુત ગ્રંથની 'પ્રસ્તાવનાઃ મુઘલ લઘુચિત્રશૈલીનું નોંધનીય સોપાનઃ મદનરાજઋષિ ચતુઃપદી' (પૃ. ૧૮-૨૬)માં યુવા કલામર્મજ્ઞ, art historian અને સાહિત્યસર્જક પ્રા. ડૉ. નિસર્ગ આહીરે અભ્યાસનિષ્ઠ તર્કબદ્ધ પ્રમાણો રજૂ કર્યાં છે તે ધ્યાનાર્હ બની રહે છે. આ પૈકી તેમનાં કેટલાંક તારણો જોઈએ : ૧. ચિત્રોનાં લક્ષણો પરથી સ્પષ્ટપણે માની શકાય કે મુઘલશૈલીથી પ્રભાવિત આ ચિત્રોનો ચિતારો કુશળ ચિત્રકાર હતો, ૨. ઈ.સ. ૧૬૧૦માં ઉસ્તાદ શાલિવાહન દ્વારા ચિત્રિત કાગળ પરના વિજ્ઞાપ્તિપત્રનાં ચિત્રો સાથે આ ચિત્રોનું વિશેષ સામ્ય હોઈ, શાલિવાહન જ આ કૃતિનો ચિત્રકાર છે એમ કહી શકાય, ૩. કથામાં જે પ્રકારે ભાવપલટામાંથી જન્મતો રસાનંદ છે તેવો જ રસાનંદ ચિત્રોમાંથી પ્રાપ્ત થાય છે. ઉસ્તાદ શાલિવાહન દ્વારા ચિત્રિત કૃતિમાં જે તે પ્રસંગ કે ઘટનાને વિશદ રીતે ચાક્ષુષ કરી આપતાં સમૃદ્ધ ચિત્રો છે, ૪. ભારતીય પરંપરિત લઘુચિત્રોનાં ભાવપ્રવણતા, અલંકરણ, દિવ્યતા.... જેવા ગુણોની સાથે ઉસ્તાદ શાલિવાહને ઈરાની કલાના વાસ્તવિક આલેખન, સૂક્ષ્મતા... સાધીને બંને કલાની પ્રશસ્ય લાક્ષણિકતાનો સુભગ સમન્વય સિદ્ધ કર્યો છે. વધુમાં જણાવ્યું છે કે 'મદનરાજઋષિ ચતુઃપદી'નાં ચિત્રો મુઘલશૈલીથી પ્રભાવિત છે, પરંતુ એનો આધાર છે

પરંપરિત ચિત્રણા. સોળમી સદીના ઉત્તરાર્ધ અને સત્તરમી સદીના પૂર્વાર્ધમાં કાર્યરત એવો કુશળ ચિત્રકાર ઉસ્તાદ શાલિવાહન આ કૃતિનો ચિત્રકાર હોઈ શકે એમ માનવાને અનેક કારણો છે : ઉસ્તાદ શાલિવાહન દ્વારા ચિત્રિત 'મદનરાજઋષિ ચતુઃપદી'ને પોપ્યુલર મુઘલશૈલી તરીકે લોકખ્યાત મુઘલશૈલી તરીકે ઓળખાવી શકાય, 'મદનરાજઋષિ ચતુઃપદી'નો અજ્ઞાત ચિત્રકાર ઉસ્તાદ શાલિવાહન હોઈ શકે એવી માન્યતાનો મૂળ આધાર છે આગ્રામાં ઈ.સ. ૧૬૧૦માં ઉસ્તાદ શાલિવાહન દ્વારા ચિત્રિત વિજ્ઞાપ્તિપત્ર. એની ચિત્રણા સાથે 'મદન...'નાં ચિત્રોનું નિકટનું સામ્ય છે.... સ્ત્રીપુરુષનાં પાત્રોમાં તો ગજબનું સામ્ય છે. ... લોકસમૂહ, શસ્ત્રસજજ પુરુષો ઇત્યાદિ અનેક ચિત્રો હૂબહૂ મળતાં આવતાં હોઈ 'મદન....'ને ઉસ્તાદ શાલિવાહને જ ચિત્રિત કરી હોય એમ માનવાને સબળ કારણો મળી રહે છે. ઉસ્તાદ શાલિવાહને મુખ્યતઃ જૈન ધર્મકેન્દ્રી ચિત્રણા કરી છે.... ઉસ્તાદ શાલિવાહને ઈ.સ. ૧૬૨૪માં 'શાલિભદ્રચરિત્ર'ની કૃતિમાં ૩૯ ચિત્રોનું સામ્ય 'મદન...' સાથે બેશક છે, અને 'તૂતીનામા'ના અનેક ચિત્રકારો પૈકીના એક શાલિવાહન પણ હતા. તેવું મંતવ્ય કલામર્મજ્ઞ પ્રમોદ ચન્દ્ર માને છે. 'તૂતીનામા'નાં મોટા ભાગનાં ચિત્રો 'મદન.....' જેવાં જ છે. આ બધી ચર્ચાને અંતે એટલું કહેવું પર્યાપ્ત છે કે 'મદન...' પણ ઉસ્તાદ શાલિવાહનની ચિત્રણા હોય એમ કહી શકાય.

ડૉ. આહીરે આ હેતુ સવિશેષતઃ વિખ્યાત કલામર્મજ્ઞ પ્રમોદ ચન્દ્રના વિશદ સંશોધનનો પણ ગહન અભ્યાસ કર્યો છે. આ મુખ્ય પ્રશ્ન હલ કરવા ઉપરાંત ભારતીય ચિત્રકળા, ગુજરાતમાં ફૂલીફાલેલી જૈન - જૈનેતર પોથીચિત્રકળા, મુઘલ શાસકોનો ચિત્રકલાપ્રેમ અને તેમણે વિકસાવેલી મુઘલશૈલી અને કલાસમૃદ્ધિ, તેમની ચિત્રશાળા 'કારખાના' કે 'તસવીરખાના'ના ભારતીય, ઈરાની વગેરે ચિત્રકારો અને આ પૈકી બાદશાહ અકબરની ચિત્રશાળામાં ગુજરાતી ચિત્રકારો જેમ કે ભીમજીવ ગુજરાતી, પ્રેમજીવ ગુજરાતી, કેશવદાસ, શંકર ગુજરાતી વગેરેનો નામોલ્લેખ, ચિત્રશાળામાં તૈયાર કરવામાં આવેલ 'બાબરનામા', 'શાહનામા', 'અકબરનામા', 'રામાયણ', 'મહાભારત', 'તુઝકે જહાંગીરી' વગેરે કૃતિઓમાં ચિત્રણા સંબંધી સુરેખ ચિતાર આપ્યો છે.

આ સાથે જ પ્રસ્તુત હસ્તપ્રતનાં ચિત્રોને 'લોકાશ્રયી મુઘલશૈલી'નાં ગણાવીને કૃતિના વિષયવસ્તુના પરિપ્રેક્ષ્યમાં આ ચિત્રોની કલાસમૃદ્ધિ અને ખાસિયતોને અનાયાસ ઉજાગર કરી આપી છે, જેમ કે, ૧. મુઘલ શાસકોથી પ્રભાવિત એવો જામો, સુરવાલ પહેરેલાં પુરુષપાત્રો... ઓજસ્વી લાગે છે. નારીનું આલેખન ભારતીય પ્રણાલી અનુસારનું છે.... પુરુષો પ્રભાવક છે અને સ્ત્રીઓ આકર્ષક છે. ભગવાન પાર્શ્વનાથ જેવા તીર્થંકરો, કામદેવ જેવા દેવો, જૈન આચાર્યશ્રીઓ, રાજા - રાણીઓ ... ઇત્યાદિનું પાત્રચિત્રણ મનમોહક છે, પ્રાણવંત છે, ચિત્તહારી છે, ૨. ચિત્રકારની પ્રતિભાનું એક વિશિષ્ટ પાસું એ રીતે નોંધનીય છે કે ચિત્ર મોટું હોય ત્યારે પ્રાકૃતિક વિવિધતા..... ખિલે છે, પરંતુ ચિત્ર નાનું હોય ત્યારે પાત્રની ભાવસ્થિતિ અને ક્રિયાને વિશેષ ઉઠાવ આપે છે. ... સમગ્ર ભારતીય ચિત્રણામાં અગત્યનું સ્થાન ધરાવે એવું આ કૃતિનું વિત્ત છે, ૩. જે ચિત્રો છે તેમાં વિષય, સંયોજન રંગવિધાન, પરિવેશ ઈત્યાદિનું અપાર વૈવિધ્ય છે, ૪. ગોષ્ઠિ કરતાં પાત્રો લાજવાબ છે. બે પાત્રોની શરીરસ્થિતિ અને એકાગ્રતાનાં પાસાં ચિત્રકારે લક્ષિત કર્યાં છે. એમાં પણ શુક સાથે સંવાદરત રમણી કે પુરુષની ચિત્રણા તો કાબિલેદાદ છે, ૫. કેટલાંક ચિત્રો ખૂબ પ્રભાવક, નિરાળાં અને વિલક્ષણ છે, જેમાં સંથારો કરતા સાધુ, ઉપદેશ આપતા સાધુમહારાજ, અગ્નિદાહ, ચિતામાં રહેલું શબ, બાળકને રમાડતી સ્ત્રી, ગોષ્ઠિ કરતી રમણીઓ... ઈત્યાદિ વિશેષ માવજત પામ્યાં છે. ભારતીય ચિત્રણામાં, આ પ્રકારનાં ચિત્રો નોખાં નિરાળાં ભાસે છે.

ગ્રંથની આકર્ષક અને ટકાઉ બાંધણી, સાજસજ્જા, કલાત્મક મુદ્રણ, ઉચ્ચ ગુણવત્તા ધરાવતા કાગળ અને ખાસ તો હસ્તપ્રતની માફક તેનો પીળાશ પડતો રંગ રાખવો, હસ્તપ્રતની સામેના પ્રત્યેક મુદ્રિત પૃષ્ઠ ઉપર લઘુચિત્ર આપવું વગેરે બાબતો ધ્યાનાર્હ બની રહેતી હોઈ મુદ્રણની જવાબદારી ભક્તિભાવના સાથે વહન કરનાર ભાઈ આનંદ શાહ વિશેષ અભિનંદનના અધિકારી બની રહે છે. એમની કલાસૂઝને નમન. સમગ્રતયા પ્રસ્તુત કૃતિ અને તેની કલાત્મક ચિત્રસમૃદ્ધિને મૂળસ્વરૂપે પ્રકાશિત કરી આપવા તેમજ આ કૃતિ અને તેની ચિત્રકલા વિશે સંપાદકીયમાં વિશદ અધ્યયન માટે વિદ્યાજગત પૂ. આચાર્યશ્રીનું ઋણી બની રહેશે અને આ સાથે જ આ કૃતિની ચિત્રકલા અને તેના સંભવિત ચિતારાની ઓળખ કરાવી આપવા માટે ડૉ. નિસર્ગ આહીર અભિનંદનના અધિકારી બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### ઑન લાઇન શૈક્ષણિક સ્રોતો

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં ઓન લાઇન શૈક્ષણિક સ્રોતો વિષય પર કાર્યશિબિરનું આયોજન કરવામાં આવતાં તજજ્ઞ તરીકે ડૉ. દુષ્યંતભાઈ અલગોતર અને પ્રા. મિતાબેન પટેલે સેવા આપી હતી. તાલીમાર્થીઓને Google classroom, Socrative, Working with pdf, Zoom જેવા વિવિધ સ્રોતો શીખવવામાં આવ્યા હતા.

### ઔદ્યોગિક મુલાકાત

● વિદુષ સોમાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી ઍન્ડ રિસર્ચ, કડીના વિદ્યાર્થીઓને જુલાઈ માસ દરમિયાન આ સાથે દર્શાવેલાં ઔદ્યોગિક ગૃહોની મુલાકાત માટે લઈ જવામાં આવ્યાં હતાં : 1. Emri Green Health Services (108 Emergency Management Service), Ahmedabad 2. Keepsake Automation LLP (Research & Skill Development Centre), Ahmedabad 3. Bhaskaracharya National Institute for Space Applications and Geo-informatics (BISAG) અને 4. Vikram Sarabhai Space Exhibition, Space Application Centre (ISRO), Ahmedabad. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા આયોજિત Semicon India 2023 પ્રદર્શન જોવા માટે મહાત્મા મંદિર, ગાંધીનગર લઈ જવામાં આવ્યાં હતાં.

### જી-૨૦ પરિસંવાદ

● એસ.વી. કૉલેજ ઑફ એજ્યુકેશન અને સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડી, "G20 and Hon'ble Prime Minister's Vision Young India, Strong India" – વિષય અંતર્ગત યુવાકૌશલ્ય માટે વિવિધ ૬ સબ થીમ આધારિત પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચાવીરૂપ વ્યાખ્યાન માટે શ્રી જિજ્ઞેશભાઈ સોની (આચાર્ય શ્રી આદર્શ હાઈસ્કૂલ, કડી)ને નિમંત્રિત કરવામાં આવ્યા હતા. આ સેમિનારમાં જુદી જુદી ૬ સબ થીમ આધારિત કુલ ૩૮ જેટલાં પેપર્સ તાલીમાર્થીઓએ રજૂ કર્યાં હતાં.

### નાટ્ય સ્પર્ધા

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં નાટ્યસ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં ૮ જેટલી કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ ઉપરાંત "ગીત સ્પર્ધા" અંતર્ગત લોકગીત, ભજન, દેશભક્તિ ગીત, ગઝલ વગેરે જેવી કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. નિબંધ સ્પર્ધા, ડિબેટ સ્પર્ધા તેમજ પોસ્ટર મેકિંગ, ચિત્ર અને કાર્ટૂનિંગ જેવી સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું.

### મહાત્મા ગાંધી જન્મજયંતી

● પૂ. મહાત્મા ગાંધીની ૧૫૪ મી જન્મજયંતીએ તેમને પુષ્પાંજલિ તથા ભાવવંદના પાઠવવાના સમારોહનું આયોજન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ', કડીના પ્રમુખશ્રી ડૉ. મણિભાઈ એસ. પટેલના અધ્યક્ષપદે અને કેમ્પસમાં સ્થિત શાળા - કૉલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વિદ્યાર્થીઓ વગેરેની ઉપસ્થિતિમાં કૃતજ્ઞતાજ્ઞાપન સાથે કરવામાં આવ્યું. ડૉ. મણિભાઈ એસ. પટેલ ઉપરાંત આચાર્યશ્રીઓ વગેરેએ પૂ. બાપુને સુતરની આંટી અર્પણ કરીને ભાવવંદના કરી હતી. ડૉ. મણિભાઈ એસ. પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં ગાંધીજીનાં વિચારો, સ્વચ્છતા, અહિંસા અને સત્ય જેવા આદર્શોની પ્રેરણા લઈ પોતાના જીવનમાં આચરણ કરવા જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે મહાત્મા ગાંધીજીનાં સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીની પાવનધરામાં તા. ૨૭ જુલાઈ ૧૯૨૯ના રોજ પગરણ થયાં હતાં.

### યુવક મહોત્સવ

● કડી સર્વ વિશ્વવિદ્યાલયનો યુવક મહોત્સવ **'સંગત ૨૦૨૩'** બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના યજમાનપદે તા. ૨૬થી ૩૦ સપ્ટેમ્બરના, ૨૦૨૩ના દિવસોમાં યોજવામાં આવ્યો હતો. પ્રીઇવેંટ પૂર્ણ થયા બાદ રેલી સાથે કાર્યક્રમની શરૂઆત તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવી હતી. રેલીને માનનીય ચેરમૅનશ્રીએ મશાલ અને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ સમયે "કર ભલા હોગા ભલા" તેમજ શિક્ષણ એ જ સાચી સેવા, તેમજ

દેશભક્તિનાં સૂત્રોચ્ચારથી વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. રેલી બાદ કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન સેક્ટર-૨૩માં સ્થિત સર્વ વિદ્યાલયના પરિસરમાં કરવામાં આવ્યું હતું. સમારોહની શરૂઆત સંસ્થાગીતના ગાનથી કરતાં સમગ્ર વાતાવરણમાં સર્વ વિદ્યાલયની શતક સુધીની સ્વર્ણકીર્તિની ભવ્યતા દેદીપ્યમાન થઈ હતી. યુવક મહોત્સવના કન્વીનર ડૉ. રમાકાંત પૃષ્ટિએ સ્વાગત પ્રવચન કરીને સૌને આવકાર્યાં હતાં. યુનિવર્સિટીનાં ઇન્ચાર્જ ડાયરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરાએ મહોત્સવની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમના મુખ્યવક્તા લેખક, ચિંતક, પ્રબુદ્ધવકતા, જય વસાવડાએ યુવાનોને સંબોધિત કરીને રીતસર ચાર્જ કરી દીધા હતા. યુવક મહોત્સવના કો-કન્વીનર ડૉ. જયેશ તન્નાએ કાર્યક્રમનો રિપોર્ટ રજૂ કરતાં જણાવ્યું હતું કે કુલ ૩૧ કૉલેજોના ૧૦૨૪ વિદ્યાર્થીઓ ૧૨ સ્પર્ધાઓમાં ભાગ લેશે. રેલીમાં ૧૯ કૉલેજોના ૫૪૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સમાપન સમારોહ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલના અધ્યક્ષપદે તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે યુનિવર્સિટીનાં ઇન્ચાર્જ ડાયરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા, કુલસચિવ એસ. કે. મંત્રાલા, વેસ્ટ ઝોન યુનિવર્સિટી યૂથ ફેસ્ટિવલ માટે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચીફ કો-ઓર્ડિનેટર ડૉ. કપિલ ત્રિવેદી, કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. કેયૂર શાહ, યુનિવર્સિટીના વિવિધ વિભાગોના ડીનશ્રીઓ, પ્રિન્સિપાલશ્રીઓ, ડાયરેક્ટરશ્રીઓ, વિદ્યાર્થીઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. માનનીય પ્રેસિડેન્ટશ્રીએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યુનિવર્સિટી સતત પ્રયત્નશીલ રહે છે. અને એટલે જ યુનિવર્સિટી વિદ્યાર્થીઓને બિનજરૂરી રજાઓ આપતી નથી. માનનીય પ્રેસિડેન્ટ સાહેબ દ્વારા યુવક મહોત્સવના વિજેતાઓને ગ્રૂપમાં વિજેતા થયેલ તમામ વિદ્યાર્થીઓને વ્યક્તિગત ટ્રૉફી આપવાનો નિર્ણય કર્યો હતો. આ બાબતની જાહેરાત થતાં જ વિદ્યાર્થીઓએ હર્ષોલ્લાસ સાથે આ નિર્ણયને વધાવી લીધો હતો. કન્વીનર ડૉ. રમાકાન્ત પૃષ્ટિએ માનનીય ચૅરમૅનશ્રી અને મહેમાનશ્રીઓને આવકારીને સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે કો-કન્વીનર ડૉ. જયેશ તન્નાએ યુવક મહોત્સવનો અહેવાલ રજૂ કર્યો હતો. તમામ સ્પર્ધાઓમાં સૌથી વધુ વિજેતા વિદ્યાર્થીઓ 'શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એન્ડ રિસર્ચ'ના થતાં 'સંગત-૨૩'ની મુખ્ય ટ્રૉફી મેળવી હતી. કુલ ૩૦ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને ટ્રૉફી તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

### વડીલ વંદના

● વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ પટેલની પ્રેરણા અને પ્રોત્સાહનથી સર્વ નતૃત્વની ટીમ દ્વારા પ્રતિમાસ વૃદ્ધાશ્રમના વડીલો માટે વડીલ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે રવિવારના દિવસે સી.એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગના ઓડિટોરિયમના હૉલમાં શ્રી હરી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વૃદ્ધાશ્રમ-સચાણા, સંધ્યા વિશ્રામ ઘરડાઘર-ઇરાણા, શાંતિધામ વૃદ્ધાશ્રમ - નાની કડી, કૈલાસધામ વૃદ્ધાશ્રમ-પેથાપુર અને આમ્રપાલી વૃદ્ધાશ્રમ-પિંડારડામાં નિવાસ કરતાં વૃદ્ધ વડીલોને આમંત્રિત કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત સિનિયર સિટીઝન ગ્રૂપ, વાવોલ અને બાલાજી કૃષ્ણ મંડળ, રાધેજાના સભ્યોએ પણ વડીલ વંદના કાર્યક્રમ પ્રસન્નતાપૂર્વક માણ્યો હતો. દિવસ દરમિયાન યુવાનો દ્વારા નૃત્ય, મીમીક્રી, કુંતલભાઈ નિમાવત અને તેમની સમગ્ર ટીમ દ્વારા નાટ્ય પ્રસ્તુતિ અને અવર ગાંધીનગર ગ્રૂપ દ્વારા ગીત, સંગીત ભજન, કીર્તનની સાથે ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ચૅરમૅનશ્રી વલ્લભભાઈ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સમયાન્તરે ગાંધીનગરના કૈલાશધામ વૃદ્ધાશ્રમ અને રાહેલબા વૃદ્ધાશ્રમના વડીલોને સ્ટેચ્યૂ ઑફ યુનિટી, હરસિદ્ધમાતાનું મંદિર અને પોઇચા ખાતેનો પ્રવાસ કરાવ્યો હતો.

### વુમન ડેવલપમેન્ટ સેલ

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના વુમન ડેવલપમેન્ટ સેલ અને વુમન ડેવલપમેન્ટ ઇન્ટરનલ કમ્પ્લેઈન્ટ કમિટી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થિનીઓમાં NRI Marriages વિશે જાગૃતિ લાવવા માટે વિશ્વ વિદ્યાલયનાં વુમન ડેવલપમેન્ટ સેલનાં ચેરપર્સન પ્રો. ડૉ. વીણાબેન પટેલ, ગુજરાત યુનિવર્સિટીની ICC વિભાગનાં ચેરપર્સન જ્યોતિ પારિક અને ગુજરાત યુનિવર્સિટીના WDC & ICCનાં સભ્ય સચિવ ડૉ. પ્રાચી મોરિયાનીના સાંનિધ્યમાં NRI લગ્નો વિશે જાગૃતિ કેળવવાના કાર્યક્રમનું આયોજન મંડળના બ્રહ્માણીકૃપા હોલમાં કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ સિદ્ધાર્થ ખેસકાનીએ એન.આર.આઈ. લગ્ન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો, સાવચેતીઓ અને તેના કાયદાકીય નિયમો વિશે, પ્રો. ડૉ. કામયાનીએ એન.આર.આઈ. લગ્નના પડકારો અને તેની મનોવૈજ્ઞાનિક અસરો વિશે, શ્રી પ્રવીણ વાલેરા અને શ્રી સાગણાએ જરૂરિયાતના સમયે પોલીસનો સંપર્ક કરવા તથા કુમારી

માનુષી ઉપાધ્યાય અને શ્રુતિ તિવારીએ તણાવનો સામનો તેમજ માનસિક સ્વસ્થતા વિશે જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં ૩૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. ગાંધીનગર મહિલા પોલીસનાં પી.આઈ. એસ. વી. સાંગડા અને તેમની ટીમ પણ હાજર રહી હતી.

### વ્યાખ્યાન

● વિદુષ સોમાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી ઍન્ડ રિસર્ચ, કડીમાં વિદ્યાર્થીઓ માટે નીચે દર્શાવેલા તજ્જ્ઞોનાં વ્યાખ્યાનોનું આયોજન જુલાઈ માસ દરમિયાન કરવામાં આવ્યું : 1. Mr. Nikul Patel (CEO, Aura Interact Pvt. Ltd., Ahmedabad), 2. Mr. Dhaval Shukal (PSI, Crime Branch, Gandhinagar State Cyber Crime, CID Crime, Gujarat State), 3. Mr. Chintan Dave (Algorand Regional Ambassador, Algo bharat, Ahmedabad), 4. Mr. Ashvinbhai Patel (Sr. Project Manager Cybage Software Pvt. Ltd., Gandhinagar), 5. Mr. Manan Bateriwala (CEO, Keepsake Automation, Ahmedabad), 6. Mr. Pranavkumar Purohit (Associate Director, eInfochips, Ahmedabad), 7. Mr. Varun Patel (Co-founder and CMO, Coreway Solution, Ahmedabad), 8. Mr. Falgun Rathod (Managing Director, Cyber Octet Private Limited, Ahmedabad), and 9. Dr. Foram Suthar (Cloud Security Expert, CloudThat, Bangalore). આ તજ્જ્ઞોએ વિવિધ વિષયો જેવા કે Augmented Reality, Virtual Reality, Cyber Security, BlockChain Technology, SDLC Life Cycle, IOT & Robotics, Entrepreneurship 101, Information Security Management, Cloud Computing Security વિશે વ્યાખ્યાનો આપ્યાં હતાં.

● ફૅકલ્ટી ઑફ એજ્યુકેશન (કેએસવી) અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને કાવ્યનું સ્વરૂપ અને તેની વિભાવનાની જાણકારી મળી રહે તે હેતુથી તા.૨૭/૦૭/૨૩ના રોજ કવિશ્રી શૈલેષભાઈ પંડ્યાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે કવિતા એટલે શું? કાવ્યના વિવિધ પ્રકારો, કાવ્યમાં ધ્વનિનું મહત્ત્વ વગેરે વિશેની ઝીણવટપૂર્વક રજૂઆત કરી વિવિધ કવિઓની કવિતાઓનું તેમજ પોતાની સ્વરચનાઓનું પઠન કર્યું હતું. આ ઉપરાંત પ્રાર્થનાની શક્તિ વિશે ડૉ. ભાવિક સ્વાદિયાના વ્યાખ્યાનનું તથા તા.૨૫/૦૮/૨૩ના રોજ પાદપૂર્તિ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૨/૦૯/૨૩ના રોજ ટૂંકી વાર્તાની વિભાવના અને ગુજરાતી સાહિત્યની શ્રેષ્ઠ વાર્તાઓ વિશે ડૉ. નરેશ દવેએ ટૂંકી વાર્તા એટલે શું ? ટૂંકીવાર્તામાં કથાવસ્તુ, પાત્રાલેખનકલા, ભાષાશૈલી અને સંવાદકલા વિશે સમજણ આપી વિવિધ વાર્તાઓનો રસાસ્વાદ કરાવ્યો હતો.

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજમાં NEP-2020 માં શિક્ષક પ્રશિક્ષણ વિશે ડૉ. મહેશભાઈ દીક્ષિતના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવતાં તેમણે નવી શિક્ષણ નીતિનું લક્ષ્ય, શિક્ષણની વર્તમાન પરિસ્થિતિ અને વિઝન, ભારતીય શિક્ષણ પ્રણાલી, શિક્ષણની ગુણવત્તા, અધ્યાપનશાત્ર, ચાર વર્ષના ઈન્ટિગ્રેટેડ બી.એડ. કોર્સ વગેરે વિશેની માહિતી આપવામાં આવી હતી. G-20 and Hon'ble Prime Minister's Vision : Young India Strong India વિષય પરના સેમિનારમાં ડૉ. નંદકિશોર પીપલકરે G-20માં ભારતની અમૂલ્ય સહભાગીદારી તેમજ યુવાનોએ દેશના વિકાસમાં ઊંચા ધ્યેયો સર કરવા માટે પ્રયત્નશીલ બનવા અને આ સંદર્ભે આપણા માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન વિશે વિસ્તૃત માહિતી આપી હતી. એડવાન્સ કૉમ્યુનિકેશન ઈન ટીચિંગ વિશે શ્રી પરેશભાઈ ભટ્ટે શાબ્દિક કાર્યકુશળતા, ઉચ્ચ સ્તરની કાર્યકુશળતા, વર્ગખંડમાં પ્રશ્નો પૂછવાની કળા, જિજ્ઞાસાવૃત્તિ કઈ રીતે વધારી શકાય વગેરે વિશે સમજાવ્યું હતું.

### વ્યાખ્યાન

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન અને એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશનમાં તજ્જ્ઞ વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કેવી રીતે કરશો? તેમજ આપણો ઇતિહાસ, સ્વાભિમાન અને સંઘર્ષનો, પરાજયનો નહીં - એ બે વિષયો ઉપર શ્રી હસમુખભાઈ જોષી (પૂર્વ ચૅરપર્સન, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન, ગાંધીનગર) ને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

### શિક્ષકદિન

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજમાં શિક્ષકદિનની ઉજવણી અંતર્ગત તાલીમાર્થીઓએ ડીન, એચ.ઓ.ડી અને અધ્યાપકોની કામગીરી વહન કરી હતી. એસ.એસ.પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં જય પંચાલ, આર.એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજમાં ધરણી માણેકે બેસ્ટ ટીચર તરીકે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

## શિક્ષક દિન સન્માન સમારંભ

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરની શાળા-કૉલેજોમાં ઊજવાયેલ શિક્ષકદિન નિમિત્તે જે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમજ શ્રેષ્ઠ શિક્ષક અને આચાર્યની ભૂમિકામાં રહ્યા હતા તે વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તેમજ શિલ્ડ એનાયત કરી સન્માનિત કરવા માટેના સમારોહનું આયોજન ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના યજમાનપદે શેઠશ્રી ખીમજી વિશ્રામ હૉલમાં મંડળના ચેરમેનશ્રી તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલના અધ્યક્ષપદે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશ્વવિદ્યાલયની કૉલેજો તેમજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળાઓના ૪૪ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષક તરીકે સર્ટિફિકેટ તેમજ શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત આચાર્ય બનેલા ૩૪ વિદ્યાર્થીઓએ 'સુવર્ણ ભારતમાં શિક્ષકની ભૂમિકા' વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતા બનેલા વિદ્યાર્થી-આચાર્યોએ વક્તવ્યો આપ્યાં હતાં. મંડળના ચેરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે સર્વ વિદ્યાલયના વિકાસમાં શિક્ષકો અને આચાર્યશ્રીઓનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. શિક્ષકદિને આચાર્ય અને શિક્ષક બનેલા યુવાઓ પાસે ઘણી અપેક્ષાઓ રહેલી છે. આ કાર્યક્રમમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં કાર્યકારી ડાયરેક્ટર પ્રો. ગાર્ગી રાજપરા કૅમ્પસની શાળા-કૉલેજોનાં આચાર્યશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## શૈક્ષણિક મુલાકાત

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજના તાલીમાર્થીઓને કડીમાં સ્થિતિ સર્વ વિદ્યાલય કૅમ્પસની મુલાકાતે લઈ જવામાં આવતાં વિદ્યાર્થીઓએ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની અને બંને બી.એડ. કૉલેજોની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત સમયાન્તરે તાલીમાર્થીઓને મુન્દ્રા પોર્ટની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં.

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીની વિદ્યાર્થિનીઓ માટે તા. ૦૩/૦૮/૨૦૨૩ના રોજ સાયન્સ સિટી, અડાલજની વાવ વગેરે સ્થળોની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શૈક્ષણિક સાધનોનું પ્રદર્શન

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજોના તાલીમાર્થીઓને લેશન દરમિયાન વિવિધ શૈક્ષણિક સાધનો કઈ રીતે બનાવી શકાય તેની માહિતી અને સમજ શ્રી રાજુભાઈ પટેલ અને શ્રી સુખરામભાઈ ચૌધરીએ આપી હતી. ત્યાર બાદ તા. ૨૩/૯/૨૩ના રોજ શૈક્ષણિક સાધનોનું પ્રદર્શન યોજાયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોનાં મોડેલ, ચિત્રો, ચાર્ટ વગેરે બનાવ્યાં હતાં.

## સર્વ નેતૃત્વ

● સર્વ નેતૃત્વની ૭૭મી શિબિરમાં પદ્મશ્રી ગેનાભાઈ પટેલના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્તર ગુજરાતના કૃષિક્ષેત્રે અગ્રણી ખેડૂતપુત્ર ગેનાભાઈ પટેલ બાળપણથી જ પોલીયોગ્રસ્ત થતાં બંને પગ ગુમાવ્યા હતા. તેમણે ટેક્નૉલૉજીના વિનિયોગથી બંજર જમીનમાં ફળદાઈ ખેતી કરી એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે, જેની નોંધ લઇ ભારત સરકારે ૨૦૧૭માં પદ્મશ્રી ઍવૉર્ડથી સન્માનિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે હું આજીવન વિદ્યાર્થી રહ્યો છું અને રહીશ. કોઈ ના કરી શકે તેવાં જ કામોની શરૂઆત આપણે જ કરવી જોઈએ. વધુમાં જણાવ્યું હતું કે દઢ મનોબળ અને દિલથી કામ કરીએ તો કોઈ કામ અશક્ય નથી. જીવનમાં મદદરૂપ થવાની ભાવના કેળવવી જોઈએ.

● કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા વર્ષ ૨૦૦૯થી શરૂ કરવામાં આવેલી પાંચ દિવસીય નિવાસી, નિઃશુલ્ક અને મોબાઇલ વગર યોજાયેલ સર્વ નેતૃત્વની ૭૫ શિબિરો પૂર્ણ થતાં **'સર્વ અમૃત સંગમ'** કાર્યક્રમનું આયોજન સર્વ વિદ્યાલયના ચેરમૅનશ્રી વલ્લભભાઈ પટેલ સાહેબની પ્રેરણાથી આયોજન કરાયું હતુ. જેમાં ૭૫ બેચોના ૧૦૮૫ જેટલા તાલીમાર્થીઓ (વર્ષ ૨૦૦૯થી ૨૦૨૩ સુધી) હાજર રહ્યાં હતાં. ઉદ્‌ઘાટન સમારોહ મંડળના ચેરમૅન અને વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ, રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદ મહારાજ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાંત જહાના સાંનિધ્યમાં યોજવામાં આવ્યો હતો. સૌ મહાનુભાવોએ યુવાનોને એક લક્ષ્ય સાથે જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડી હતી. આ પ્રસંગે sarvanetrutva.in વેબસાઇટનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. વક્તા તરીકે આઇ.પી.એસ હસમુખભાઈ પટેલ (સ્વનિર્માણ થી રાષ્ટ્રનિર્માણ), આર્યા ચાવડા (સસ્ટેનેબલ લિવિંગઃ કેરિંગ ફોર ક્લાઇમેટ) અને રાજકોટ સ્થિત શૈલેષભાઈ સગપરીયા (નેતૃત્વનું ઉત્કૃષ્ટ શિખર - સરદાર પટેલ)ને નિમંત્રિત કરવામાં આવ્યા હતા. ડાન્સ ઇન્ડિયા ડાન્સ ફેમ કમલેશ પટેલે નૃત્યની પ્રસ્તુતિ કરી હતી. આ સાથે સર્વ નેતૃત્વના તાલીમાર્થીઓ, એન.સી.સી, એન.એસ.એસના યુવાનોએ વૈવિધિસભર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી.

## શાળા વિભાગ

### આઝાદીકા અમૃત મહોત્સવ પર્વ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં આઝાદીના અમૃત મહોત્સવ પર્વની ઉજવણી નિમિત્તે રેલીનું આયોજન કરવામાં આવતાં ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દેશને આઝાદી અપાવવામાં જે નેતાઓએ પોતાનું જીવનદાન આપ્યું હતું તેમનું સ્મરણ કરીને બાળકો દ્વારા નારા બોલાવ્યા, તેમજ દેશના પ્રતીક સમાન રાષ્ટ્રધ્વજનું સન્માન જળવાય તેવી પ્રતિજ્ઞા લીધી હતી. આ ઉપરાંત 'હર ઘર તિરંગા' વિષય ઉપર રાષ્ટ્રધ્વજ સંબંધી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત 'માટી મારો દેશ' કાર્યક્રમની ઉજવણીનું ગુજરાત રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ તથા ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા. ૫/૮/૨૩ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ તથા શિક્ષકોએ માતૃભૂમિના વીરોને યાદ કરી દેશની એકતા અને એકસૂત્રતા માટે પ્રયત્નશીલ રહેવાના અને દેશની રક્ષા, સન્માન અને પ્રગતિ માટે સમર્પિત રહેવાના શપથ લીધા હતા.

### આરોગ્ય પરિસંવાદ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૨૩/૯/૨૩ ના રોજ ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા દવાની આડ અસરનાં આરોગ્ય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ નાટક દ્વારા ડુપ્લીકેટ દવા તેમજ દવાની આડ અસર કેવી રીતે થાય છે તેની ધોરણ-૮ના વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. દવા ખરીદતાં પહેલાં કઈ બાબતોની ચકાસણી કરવી જોઈએ તે નાટક દ્વારા સમજાવવામાં આવ્યું હતું.

### ઊર્જા જાગૃતિ

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા ખાતે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (GEDA), ગાંધીનગર પ્રેરિત નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટરના માર્ગદર્શક શ્રી હાર્દિકભાઈ ભટ્ટ અને શ્રી શિવાંગભાઈ પટેલ દ્વારા ધોરણ ૮ના વિદ્યાર્થીઓને ઊર્જા જાગૃતિ અંગેની માહિતી આપવામાં આવી હતી. જેમાં ઊર્જાના રોજિંદા જીવનમાં ઉપયોગ, પરંપરાગત ઊર્જાના સ્રોત, વિદ્યુત ઉત્પન્ન કરવાની રીતો અને વીજ બચત માટે વિવિધ ઉપાયો વિશે PPT દ્વારા માહિતગાર કરવામાં આવ્યા. The Green, Clean, and Cool Endless Source of Energy બિન પરંપરાગત ઊર્જા ના સ્રોતો સૌર ઊર્જાથી ચાલતા ઉપકરણો જેવા કે પેરાબોલિક સૂર્યકૂકર, કૉમ્યુનિટી કૂકર, સોલર સિસ્ટમ, કુકિંગ સિસ્ટમ, સોલર વૉટરહીટર, ઉદ્યોગોમાં સોલર વૉટરહીટિંગ સિસ્ટમ, સોલર વૉટરપંપ, સોલર યોજના, પવન ઊર્જા, બાયોગૅસ, ભૂતાપીય ઊર્જા, સામુદ્રિક ઉર્જા વગેરે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ મેળવેલા જ્ઞાનની ચકાસણી માટે સ્પર્ધા કરવામાં આવી. જેમાંથી પ્રથમ ૧૦ વિજેતા વિદ્યાર્થીઓને રૂ. ૫૦૦થી ૧૦૦નું ઇનામ આપીને નવાજવામાં આવતાં કુલ રૂ. ૨૦૦૦નાં ઇનામો પ્રાપ્ત કર્યા. શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૧૮/૦૯/૨૩ના રોજ ઉપર્યુકત કાર્યક્રમ યોજવામાં આવતાં પ્રથમ ૧૦ વિજેતા વિદ્યાર્થીઓએ પણ ઉપર મુજબ ઇનામો પ્રાપ્ત કર્યાં હતાં.

### કાવ્યગાન સ્પર્ધા

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં લોકગીત, ભજન અને કાવ્યગાન સ્પર્ધા યોજાઈ હતી. ભાગ લેનાર વિદ્યાર્થીઓને વિજેતા ક્રમાંક આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે વિદ્યાર્થીઓને લોકગીતનો અર્થ અને ભજન વિશેની સમજણ આપવામાં આવી હતી.

### કૅન્વાસ પેઈન્ટિંગ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં ધોરણ ૭-૮નાં વિદ્યાર્થીઓ માટે તા. ૨૬/૯/૨૩ ના રોજ કૅન્વાસ ઉપર ચિત્રકલા વિશે કાર્યશિબિર યોજાયો. ચિત્ર શિક્ષકના માર્ગદર્શન તેમજ ઇન્ટરનેટ ટેક્નૉલૉજીના માધ્યમથી અદભુત કલાકૃતિઓનું સર્જન વિદ્યાર્થીઓએ કર્યું હતું.

### ગણિત-વિજ્ઞાન

● તા. ૧૪/૯/૨૩ના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ૩૧મી રાષ્ટ્રીય બાલવિજ્ઞાન કૉંગ્રેસનું આયોજન કરવામાં આવતાં ગાંધીનગર તાલુકાની જુદી જુદી શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળાના ધો. ૭-૮ના વિદ્યાર્થીઓએ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલે તા. ૧૫/૯/૨૩ના રોજ વિજ્ઞાન મેળામાં ભાગ લીધો હતો. જેમાં શાળા દ્વારા કરવામાં રજૂ કરવામાં આવેલ કૃતિ 'ફ્લેક્ષ ફ્યુઅલ વાહન' જિલ્લા કક્ષાએ પસંદગી પામી.

● તા. ૧૫/૯/૨૩ના રોજ ગાંધીનગર તાલુકા કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવતાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા ત્રણ કૃતિઓ રજૂ કરી હતી. આ પૈકી વિભાગ-૩ કૃષિ-ખેતીએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો.

### ગણેશોત્સવ

● સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, સેકટર-૨૨ દ્વારા આયોજિત સ્પર્ધામાં શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલનાં વિદ્યાર્થીઓએ નૃત્ય સ્પર્ધામાં પ્રથમ ક્રમ, શ્રીમતી આર. એન. પટેલ પ્રાઇમરી સ્કૂલનાં વિદ્યાર્થીઓએ બીજો ક્રમ, એસ. વી. ઇંગ્લિશ પ્રાઇમરી સ્કૂલનાં વિદ્યાર્થીઓએ દેશભક્તિનાં તેમજ ગણપતિજીનાં અલગ અલગ ગીતો પર નૃત્ય રજૂ કરી ત્રીજો ક્રમાંક મેળવ્યો. આ સ્પર્ધામાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાએ પણ ભાગ લીધો હતો.

### ગાંધીઆશ્રમની મુલાકાત

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં ધોરણ-૬ નાં કુલ ૨૪૬ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષકોએ સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત લઈને ગાંધીજીનું નિવાસસ્થાન, મગનભાઈ નિવાસ, ગાંધીજીનાં સ્મૃતિ ચિહ્નો તથા પત્રોનું સંગ્રહાલય તથા પુસ્તક સંગ્રહાલય વગેરે વિશે માહિતી મેળવી હતી. વધુમાં આશ્રમનાં પ્રમુખ બહેનશ્રીએ ગાંધીજીની જીવનકથા વિગતે સમજાવીને 'રઘુપતિ રાઘવ રાજા રામ...' પ્રાર્થના સાથે વિદ્યાર્થીઓને સત્ય બોલવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. ધો-૭ના વિદ્યાર્થીઓને દાંડી કુટીરની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં.

### ગ્રંથાલયની મુલાકાત

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની ધો.-૭ની વિદ્યાર્થિનીઓને તા. ૧૩/૯/૨૩ના રોજ મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરની મુલાકાતે લઈ જવામાં આવી હતી. ગ્રંથપાલ શ્રી નેહાબેન અને તેમનાં સહયોગીઓ દ્વારા વિદ્યાર્થિનીઓને ગ્રંથાલયના જુદા જુદા વિભાગો વિશે માહિતી આપીને વાંચનનું મહત્ત્વ સમજાવી વાંચનટેવ વિકસાવવા શીખ આપી હતી.

### ચંદ્રયાન-3

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓને ચંદ્રયાન-૩નું ચંદ્ર ઉપર ઉતારણનું જીવંત પ્રસારણ બતાવવામાં આવ્યું, જેમાં ચંદ્રયાન-૩ ઉતારણની માહિતી તેમજ તેની સફળતા માટે કયા વૈજ્ઞાનિકોનો ફાળો રહ્યો હતો તેની માહિતી આપવામાં આવી હતી. છેલ્લે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને પણ સાંભળ્યા હતા.

### જન્માષ્ટમી

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી તથા શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી દ્વારા તા.૦૪/૦૯/૨૦૨૩ના રોજ જન્માષ્ટમીની ઉજવણી નિમિત્તે ભગવાન કૃષ્ણની જન્મકથાથી લઈ દ્વારકાના રાજા બન્યા ત્યાં સુધીના જીવન પ્રસંગોની વિવિધ કૃતિઓ શાળા-કૉલેજો દ્વારા રજૂ કરવામાં આવી હતી. શ્રી કડી નાગરિક સહકારી બૅંક પ્રાથમિક શાળા દ્વારા નંદોત્સવની કૃતિ રજૂ કરવામાં આવી હતી, જેમાં ગોકુળિયું ગામ તથા નંદબાબા નિવાસ બનાવવા ઉપરાંત ગોકુળિયા ગામમાં ઐતિહાસિક વસ્તુઓની ઝાંખી પ્રસ્તુત કરી હતી. વિદ્યાર્થીઓ નંદબાબા, યશોદાજી, રોહિણીજી, શ્રીકૃષ્ણ, બલરામ તથા ગોપી-ગોવાળિયા બન્યાં હતાં.

● શ્રી વી.એમ.પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી પટેલ કન્યા બાલમંદિરના ઉપક્રમે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં બાળકો કૃષ્ણ, રાધા, ગોવાળિયા અને ગોપી નંદ-યશોદા વગેરે વેશભૂષામાં સજ્જ થઈને આવ્યાં હતાં. આરતી, પારણિયું, નંદ મહોત્સવ, અને દહીહાંડીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ડાયરેક્ટર શ્રી કિરણબેન પટેલે આરતી ઉતારી કાર્યક્રમને દીપાવ્યો હતો.

### બાલવિજ્ઞાન પરિષદ

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય બાલવિજ્ઞાન પરિષદ ૨૦૨૩માં શિક્ષિક શ્રી વૈભવી મેસરિયાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ખાણી-પાણીની લારીઓમાં વપરાતા નાસ્તા ખોરાકનો આરોગ્યની દૃષ્ટિએ અભ્યાસ વિષય ઉપર પ્રોજેક્ટ રજૂ કરતાં જિલ્લા કક્ષાએ પસંદગી પામ્યો.

### મહાત્મા ગાંધી જન્મજયંતી

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલમાં ગાંધીજયંતી નિમિત્તે ધોરણ : ૬થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે નિબંધસ્પર્ધાનું તથા ધોરણ ૩થી ૫ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં ૯૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

### માતૃપિતૃ વંદના

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૨૧/૮/૨૩ના રોજ માતાપિતાની વંદનાનો કાર્યક્રમ યોજાયો, ધોરણ-૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનાં લગભગ ૫૫ જેટલાં વાલીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં, જેમાં વિદ્યાર્થીઓએ માતૃપિતૃ વંદના વિશે વક્તવ્યો રજૂ કરી જીવનમાં માતા-પિતાનું શું સ્થાન છે તે જણાવ્યું, તેમજ માતૃપિતૃ વંદનાને લગતું ગીત રજૂ કર્યું. વાલીશ્રી ભૂમિકાબેન કંસારાએ પણ આ વિશે પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. ગાયત્રી પરિવારના ભાઈશ્રી રજનીકાંતભાઈ પટેલે મંત્રોચ્ચાર દ્વારા પૂજન અર્ચન કરાવ્યું હતું.

### રમતગમત

● ગાંધીનગર શહેર તાલુકા કક્ષાના રમતોત્સવમાં શ્રીમતી આર. એન. પટેલ પ્રાઈમરી સ્કૂલના અન્ડર-૧૪ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ દોડ, બરછી ફેંક, ઊંચીકૂદ, ચક્રફેંક અને લાંબીકૂદમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત SGFની ઝોન કક્ષાની અન્ડર-૧૪ની કબડ્ડીની ભાઈઓ અને બહેનોની ટીમ અને વોલીબોલમાં ભાઈઓની ટીમ પ્રથમ ક્રમે વિજેતા થઈ. વધુમાં, જિલ્લા કક્ષાની SGFI રમતમાં અન્ડર-૧૪ એથ્લેટિકસની વિવિધ ૧૩ સ્પર્ધાઓમાં પ્રથમ-દ્વિતીય નંબરે વિજેતા રહી રાજ્યકક્ષાની સ્પર્ધાઓ માટે પસંદગી પામ્યા છે. તેમજ વૉલીબૉલની ટીમે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. ખો-ખો ભાઈઓ અને બહેનોની ટીમમાંથી પણ૧-૧ વિદ્યાર્થીની પસંદગી રાજ્યકક્ષાએ થઈ છે.

### વાંચનસ્પર્ધા

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓ માટે વાંચન સ્પર્ધા આયોજન કરવા ઉપરાંત ધોરણ ૮ના વિદ્યાર્થીઓને ગ્રંથપાલ દિને મંડળ સંચાલિત બી.એડ્. કૉલેજના ગ્રંથાલયની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં.

### વિજ્ઞાન નાટક મહોત્સવ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલની વિદ્યાર્થિનીઓએ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત જિલ્લાકક્ષાના 'નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ'માં ભાગ લઈ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. શિક્ષિકા બહેનો શ્રી પ્રવીણાબેન પટેલ તથા વીથીબેન પટેલે માર્ગદર્શન આપ્યું હતું. નાટકનું લેખનકાર્ય શાળાનાં નિવૃત્ત શિક્ષિકા ભગવતીબેન અને જયશ્રીબેને કર્યું હતું.

### વિદાય સન્માન

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં વયોચિત સેવા નિવૃત્ત થતાં મદદનીશ શિક્ષિકા શ્રી પ્રવીણાબેન એમ. પટેલનો સન્માન સમારંભ તા. ૨૬/૮/૨૩ના રોજ ગ્રીન ઍપલ હૉટલના કૉન્ફરન્સ હૉલમાં યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાનાં આચાર્યશ્રી, સુપરવાઇઝરશ્રી તથા વર્તમાન અને નિવૃત્ત શિક્ષકમિત્રો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે શ્રી પ્રવીણાબેન ને સાલ, સન્માનપત્ર અને સ્મૃતિચિહ્ન એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

### વૃક્ષારોપણ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવતાં બાળકો દ્વારા ૭૦ જેટલા છોડવા રોપવામાં આવ્યા હતા. વૃક્ષારોપણ કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓને દરેક છોડનું જતન કરી મોટાં વૃક્ષ થાય ત્યાં સુધી સારસંભાળ રાખવાની જવાબદારી સોંપવામાં આવતાં તેમણે સ્વીકારી હતી. આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે વૃક્ષોનું મહત્ત્વ સમજાવી તેનું જતન કરવાની શીખ આપી હતી.

### વ્યસનમુક્તિ

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, શ્રી જે. બી. પ્રાથમિક શાળા અને શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાથમિક શાળામાં લાયન્સ કલબ ઑફ ગાંધીનગર ફેમિના દ્વારા વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કલબનાં મહિલા પ્રમુખશ્રી ચંદ્ર યાદવ, શ્રી ગીતાબેન તથા ભૂમિબેન તથા અન્ય મહિલા સભ્યોએ શાળાનાં બાળકોને વ્યસનથી થતા રોગો, કુટુંબ પરિવાર ઉપર આવતી મુશ્કેલીઓ વગેરે વિશે સમજાવ્યું હતું.

### વ્યાખ્યાન

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી શિવાંગ જોશીએ તા. ૧૧/૯/૨૩ના રોજ બાળકોને કારકિર્દીમાં શિક્ષણની સાથે સાથે રમતગમત અને તંદુરસ્તી વિશે ઑડિયો-વિઝયુઅલના માધ્યમથી માહિતી આપવા ઉપરાંત રમતગમત ક્ષેત્રે પોતાની ઉપલબ્ધિઓ જણાવી હતી.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ડૉ. કાપડિયા માલા (સેકશન અધિકારીશ્રી, માહિતી તથા પ્રસારણ વિભાગ, ગુજરાત સરકાર)ના વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. માલાએ વિદ્યાર્થિનીઓને સફળ થવા પોતાનું ધ્યેય નકકી કરી જે ક્ષેત્રમાં રુચિ હોય તે પસંદ કરી આગળ વધવા માટે પ્રયત્ન કરી શ્રેષ્ઠ કારકિર્દી બનાવવા તૈયાર રહેવા સમજાવ્યુ હતું. પોતે ડેન્ટિસ્ટ હોવાથી દાંતની કાળજી કેવી રીતે રાખવી તેની પણ સમજ આપી હતી. તા. ૧૩/૯/૨૩ના રોજ શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની વૈશાલી પરમાર (એડવોકેટ, ગાંધીનગર સેશન કૉર્ટ)ના વક્તવ્યનું આયોજન કરવામાં આવતાં બાળલગ્ન સંબંધી કાયદાઓ, નાગરિક અધિકારો, મોબાઇલનો વધારે પડતો ઉપયોગ, મહિલા પોલીસ હેલ્પલાઇન, અને સ્કિલ બેઝ શિક્ષણ વિશે સમજાવ્યું હતું.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૧૪/૯/

૨૦૨૩ના રોજ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. કશ્યપ બી. પટેલ ના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવતાં તેમણે આંખોના રોગ વિશે આંખના નંબર, નંબરના ચશ્માં, કોન્ટેક લેન્સ, આંખના રોગના ઑપરેશન, આંખોની કઈ રીતે કાળજી લેવી તેમજ આંખોના રક્ષણ અને પૌષ્ટિક આહાર વિશેની માહિતી તેમજ સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું, તેમજ પ્રશ્નોના ઉત્તરો પણ આપ્યા હતા.

● એસ. જી. અને એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલમાં વુમન ડેવલપમેન્ટ સેલ (WDC)ના ઉપક્રમે ડૉ. નીતા શેખાતના પ્રજજન અવસ્થા વિશેના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

**શિક્ષકદિન**

● ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ તા. ૫ સપ્ટેમ્બર સમગ્ર દેશમાં શિક્ષકદિન તરીકે ઊજવવામાં આવે છે. આ ઉજવણી અંતર્ગત આચાર્ય થી સેવક સુધીની કામગીરી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. આ ઉપક્રમે શ્રી કડી નાગરિક સહકારી બેંક પ્રાથમિક શાળા- કડી, ગાંધીનગરની શ્રી જે. બી. પ્રાથમિક શાળા, શ્રીમતી આર. એન. પ્રાથમિક શાળા, એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ, શ્રીમતી એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ, શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરમાં શિક્ષકદિનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે પ્રત્યેક શાળામાં શ્રેષ્ઠ શિક્ષકની ભૂમિકા નિભાવનાર વિદ્યાર્થીની પસંદગી કરવામાં આવી હતી. આ ઉપરાંત અંતિમ તાસ દરમિયાન ખાસ સમારોહનું આયોજન કરી વિદ્યાર્થી જીવનમાં શિક્ષકની ભૂમિકા વિશે સમજાવવામાં આવ્યું હતું.

**શિક્ષક પ્રશિક્ષણ**

● એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ દ્વારા મેન્ટલ હેલ્થ અને વેલ બીઈંગ ડિપાર્ટમેન્ટનાં હેડ ડૉ. જીનલ જોષી દ્વારા શાળા નાં શિક્ષકો માટે ટ્રેનિંગ યોજવામાં આવી હતી. જેમાં માનુષી ઉપાધ્યાય દ્વારા ડિસ્લેકસિયા એટલે કે વાંચવામાં થતી તકલીફ, અવાજને ઓળખવા, શબ્દો અને અક્ષરો સાથે કેવી રીતે જોડાવું જેવી અલગ અલગ સમસ્યાઓનાં નિવારણ અને પદ્ધતિઓ વિશે સમજાવવામાં આવ્યું હતું, જ્યારે શ્રુતિ તિવારી દ્વારા ડિસગ્રાફીયા વિશે એટલે કે વિદ્યાર્થીઓને લખવામાં પડતી તકલીફ તેમજ મગજ કેવી રીતે કામ કરે છે અને વિદ્યાર્થીઓને થતી સમસ્યાઓ અને તેના નિવારણની પદ્ધતિઓ વિશે અસરકારક રીતે સમજાવવામાં આવ્યું હતું.

**શિક્ષક પ્રશિક્ષણ**

● એસ. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ તા. ૧૨ ઑગસ્ટના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં 'મેન્ટલ હેલ્થ એન્ડ વેલ બીઈંગ'નાં કાઉન્સેલર શ્રુતિ તિવારી અને માનુષી ઉપાધ્યાય દ્વારા લાગણી તથા ભાવનાઓને કઈ રીતે સમજવી અને નિવારવી અને સ્વાસ્થ્ય તથા બિનસ્વાસ્થ્યપ્રદ લાગણીઓ વચ્ચેનો તફાવત વિશે ઉપયોગી માહિતી આપી હતી.

**સમૂહગાન**

● ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર દ્વારા આયોજિત રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધામાં સંસ્કૃત વિભાગમાં એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલના વિદ્યાર્થીઓએ સુર, લય અને તાલબદ્ધ સાથે સંસ્કૃતમાં ભારત માતા માટે રજૂઆત કરતાં અવ્વલ નંબર પ્રાપ્ત કર્યો. આ સ્પર્ધામાં ગાંધીનગરની વિવિધ શાળાઓએ ભાગ લીધો હતો.

**હિન્દી દિવસ**

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ૧૪ સપ્ટેમ્બર હિન્દી દિવસની ઉજવણી નિમિત્તે હિન્દી ભાષામાં વક્તવ્ય ઉપરાંત હિન્દી કવિતા, વાર્તા, બાળગીત, સુવાક્યો, ભજન, પોસ્ટર, દોહા જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૩, અંક :૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૨૩, સળંગ અંક : ૭૭**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પ્રેસિડન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલના અધ્યક્ષપદે અને વિદગ્ધ વક્તા અને કટારલેખક શ્રી જય વસાવડાના મુખ્ય મહેમાનપદે આયોજિત યુવક મહોત્સવ 'સંગત 2023'ના ઉદ્ઘાટન / સમાપન સમારોહ પ્રસંગનાં તેમજ અન્ય દૃશ્યો...















રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 154મી જન્મજયંતી પ્રસંગે પ્રમુખશ્રી ડૉ. મણિભાઈ એસ. પટેલ ભાવવંદના પાઠવી રહ્યા છે.




એસ. વી. પ્રાથમિક શાળામાં આયોજિત જન્માષ્ટમીની ઉજવણી પ્રસંગે પ્રસંગોચિત વેશભૂષામાં સજ્જ વિદ્યાર્થીઓનું દૃશ્ય.






સર્વ નેતૃત્વની ટીમ દ્વારા વૃદ્ધાશ્રમનાં વડીલોને હરસિદ્ધમાતાનાં દર્શનાર્થે તેમજ સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં તેનાં બે દૃશ્યો.

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 13, Issue No. 5 September-October 2023
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત 'ટૉય હાઉસ'ની કલાત્મક અને મનલુભાવંત ટૉયટ્રેનમાં
નાનાં બાળકો બેસીને આંનદ માણે તે હેતુસર ટૉયટ્રેન સર્વ વિદ્યાલયના સેક્ટર-23માં સ્થિત પરિસરમાં
તેમજ ગાંધીનગરનાં વિવિધ સેક્ટરોમાં ફેરવવામાં આવે છે તેનું એક દૃશ્ય.

